# દૈનિક મુંબઈ સમાચાર

૨૦૫ વર્ષ


R.N.I. No. 1563/1957 ★

મુંબઈથી પ્રસિદ્ધ થતું ■ સ્થાપના: ૧ જુલાઈ ૧૮૨૨ ■ પુસ્તક: ૨૦૫ ■ Volume 69 ■ Issue 220 ■ વિક્રમ સંવત ૨૦૮૨

ભાદ્રપદ સુદ-૬ ■ મુંબઈ ■ MUMBAI SAMACHAR ■ www.bombaysamachar.com ■ 17 September 2026, Thursday ■ REGD.No. MCS/058/2024-26

ગુરુવાર, ૧૭ સપ્ટેમ્બર ૨૦૨૬, કિંમત ₹ ૧૦.૦૦ | લાડકી પૂર્તિ | LIKE & FOLLOW: /Mumbaisamachar4u





# આજે વડા પ્રધાનના જન્મદિવસ નિમિત્તે ગુજરાતમાં વિવિધ કાર્યક્રમોનું આયોજન

## અમિતભાઈ શાહ બાઈક રેલીને દેખાડશે લીલી ઝંડી

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ વડા પ્રધાન નરેન્દ્રભાઈ મોદીના જન્મદિવસ નિમિત્તે ગુજરાતમાં વિવિધ કાર્યક્રમો આયોજિત કરવામાં આવ્યા છે. આજથી ‘વડનગરથી વારાણસી’ અને ‘વારાણસીથી વડનગર’ બાઈક સેવા યાત્રાના પ્રારંભ સાથે ‘સેવા સંકલ્પ અભિયાન‘ની શરૂઆત થશે.

વડનગરથી કેન્દ્રીય ગૃહ અને સહકાર પ્રધાન અમિતભાઈ શાહ સવારે ૯.૩૦ કલાકે બાઈક સેવા યાત્રાનું પ્રસ્થાન કરાવશે. આ યાત્રા દેશના ૧૦ રાજ્યના ૧૯૩ જિલ્લા અને ૧,૧૫૯ જેટલાં ગામડાંમાંથી પસાર થઈને અંદાજે ૪૦,૦૦૦ કિલોમીટરનું અંતર કાપશે. જાહેરજીવનમાં નરેન્દ્રભાઈ મોદીના ૨૫ વર્ષ પૂર્ણ થવાના અવસરે ૭ ઓક્ટોબરે યાત્રાનું સમાપન થશે.

આ કાર્યક્રમમાં ગુજરાતના મુખ્ય પ્રધાન ભુપેન્દ્રભાઈ પટેલ, નાયબ મુખ્ય પ્રધાન હર્ષ સંઘવી સાથે મહારાષ્ટ્રના નાયબ મુખ્ય પ્રધાન એકનાથ શિંદે પણ હાજર રહેવાના છે, તેમ પક્ષે જણાવ્યું હતું. આ સાથે કેન્દ્રીય કેબિનેટ પ્રધાન શ્રીમતી અનુપ્રિયા પટેલ પણ હાજર રહેશે.

વડનગર અને વારાણસી એમ બંને દિશામાંથી શરૂ થનારી આ બાઈક સેવા યાત્રામાં ૧૦ અલગ ગ્રૂપમાં ગ્રૂપ દીઠ ૨૫ બાઈક પર ૫૦ સેવા યાત્રી જોડાશે. વડનગરથી વારાણસીની યાત્રામાં ૨૫૦ બાઈક પર ૫૦૦ સેવા યાત્રી તેમ જ વારાણસીથી વડનગરની યાત્રામાં પણ ૨૫૦ બાઈક પર ૫૦૦ સેવા યાત્રી સહભાગી થશે. આ રીતે દેશભરમાંથી કુલ ૧,૦૦૦ જેટલા યુવાન આ યાત્રામાં ભાગ લેશે. દરેક ટુકડી ૧૦ અલગ અલગ રૂટ પરથી પસાર થશે. ૭ ઓક્ટોબરના દિવસે જ્યારે નરેન્દ્રભાઇ મોદીને જાહેરજીવનમાં ૨૫ વર્ષ પૂર્ણ થવાના છે તે દિવસે આ યાત્રાનું સમાપન થશે.

યાત્રા દરમિયાન વૃક્ષારોપણ, સ્વચ્છતા અભિયાન, નશામુક્ત ભારત અભિયાન, ટીબી મુક્ત ભારત અભિયાન તથા જળસંરક્ષણ જાગૃતિ સહિતના કાર્યક્રમો યોજાશે, તેવી માહિતી ભાજપે એક અખબારી યાદી દ્વારા આપી હતી.

આ ઉપરાંત શાહ અમદાવાદના પ્રસિદ્ધ જગન્નાથ મંદિરમાં વડા પ્રધાનના દીર્ઘાયુષ્ય માટે વિશેષ આરતી કરશે તેમજ કાંકરિયા ખાતે ૧.૨૫ લાખ દીવડા પ્રગટાવવાના ઐતિહાસિક કાર્યક્રમમાં પણ હાજરી આપશે, તેવી માહિતી સૂત્રોએ આપી હતી.

આ ઉપરાંત રાજ્યભરમાં વડા પ્રધાનના જન્મદિવસ નિમિત્તે વિવિધ કાર્યક્રમો યોજવામાં આવશે.

### ‘સેવા સંકલ્પ અભિયાન’ અંતર્ગત સમગ્ર ગુજરાતમાં ૮૮ લાખથી વધુ દીવડાઓ પ્રગટાવાશે

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ વડા પ્રધાન નરેન્દ્રભાઈ મોદીના જન્મદિવસ ૧૭ સપ્ટેમ્બર-૨૦૨૬ નિમિત્તે સમગ્ર રાજ્યમાં ‘સેવા સંકલ્પ અભિયાન’ અંતર્ગત ‘આશીર્વાદનો દીવડો’ કાર્યક્રમ યોજાશે. રાજ્યભરમાં ૧૮,૫૦૦થી વધુ સ્થાનિક સ્થળોએ ૮૮ લાખથી વધુ દીવડાઓ પ્રગટાવી વડા પ્રધાનના દીર્ઘાયુ માટે પ્રાર્થના કરાશે. શહેર કક્ષાના ૧૭ મુખ્ય કાર્યક્રમો યોજાશે, ૧૭ મહાનગરપાલિકાના ૨૮૭ વોર્ડમાં ૧૨,૪૮૧ સ્થળો ઉપર સ્થાનિક કાર્યક્રમો યોજાશે. આ ઉપરાંત પણ ખાસ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું છે. કાર્યક્રમો મંદિર, તળાવ, નદી, ચોક, મુખ્ય દરવાજા, દૂધની ડેરી, મહાનુભાવોની પ્રતિમા, સર્કલ, ટાઉન હોલ, ગાર્ડન અને એપીએમસી ખાતે ઉજવવામાં આવશે, તેવી માહિતી રાજ્ય સરકારે આપી હતી.

# કચ્છમાં ૪૮ કલાકમાં મોસમનો ૨૭ ટકા વરસાદ ખાબકતાં સરેરાશ ૫૬ ટકાને પાર

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજઃ બંગાળની ખાડીમાં સર્જાયેલાં હવાનાં હળવા દબાણ અને મોન્સૂન ટ્રફના સંયુક્ત પ્રભાવ હેઠળ કચ્છ જિલ્લામાં છેલ્લા ૪૮ કલાક દરમિયાન સાર્વત્રિક અનરાધાર મેઘવૃષ્ટિ નોંધાઈ છે.

૭ જુલાઈએ નૈઋર્ત્યના ચોમાસાના આગમન બાદ જિલ્લામાં માત્ર ૨૯ ટકા વરસાદ પડ્યો હતો, પરંતુ પાછલા બે દિવસમાં લાંબી મેઘતૃષ્ણા બાદ થયેલી મેઘરાજાની પધરામણી થકી ૨૭ ટકાથી વધુ વરસાદ એકસાથે ખાબકતાં કુલ સરેરાશ આંકડો ૫૬.૪૦ ટકાએ પહોંચી ગયો છે. કચ્છની સરેરાશ ૨૦ ઇંચ (૪૯૯.૮૦ મિ.મી.) સામે અત્યાર સુધી ૧૧ ઇંચથી વધુ (૨૮૧ મિ.મી.) વરસાદ વરસી ચૂક્યો છે.

તાલુકાવાર સ્થિતિ જોઈએ તો સૌથી વધુ ૭૯ ટકા વરસાદ સરહદી રાપર તાલુકામાં નોંધાયો છે, જ્યારે સૌથી ઓછો ૩૭.૮૫ ટકા વરસાદ અબડાસા પંથકમાં રહ્યો છે. નખત્રાણા અને લખપત સિવાયના અન્ય તમામ છ તાલુકાઓમાં ૫૦ ટકાથી વધુ વરસાદ વરસી ચૂક્યો છે. હવામાન વિભાગના જણાવ્યા મુજબ, હાલ વરસાદે આંશિક વિરામ લીધો છે, પરંતુ અરબી સમુદ્ર તરફ આગળ વધેલું લો-પ્રેશર આગામી ૨૪ કલાક બાદ પુનઃ કચ્છ તરફ ફંટાવાની શક્યતા હોવાથી સપ્તાહના અંત સુધી વરસાદી માહોલ જળવાઈ રહેશે.

ધોધમાર વરસાદને પગલે મધ્યમ સિંચાઈના ડેમોમાં ૧૧ ટકા નવાં નીરની આવક થતાં કુલ જળસંગ્રહ ૨૯ ટકાએ પહોંચ્યો છે. રાપરના ફતેહગઢ બાદ બંદરીય મુંદરા તાલુકાનો કારાઘોઘા ડેમ પણ છલકાઈ જતાં ઓવરફ્લો થયેલા મધ્યમ ડેમોની સંખ્યા બે થઈ છે. આ ઉપરાંત નાની સિંચાઈના ૧૭૦ ડેમો પૈકી માંડવી પંથકના ગેલડા અને શિરઈ ડેમ પણ પૂર્ણ ભરાઈને ઓવરફ્લો થઈ ગયા છે.

દરમ્યાન, અરબી સમુદ્રમાં સર્જાયેલાં તોફાની વાતાવરણ અને ઊંચાં મોજાંનાં કારણે વહીવટી તંત્રે જખૌ બંદર ખાતેથી માછીમારોને ટોકન આપવાનું તાત્કાલિક અસરથી સ્થગિત કરી દીધું છે.

બીજી તરફ દરિયામાં ફસાયેલી પોરબંદર, ઓખા, માંગરોળ, વેરાવળ અને દીવની આશરે ૧૫૦ જેટલી માછીમારી બોટોએ સલામતી ખાતર જખૌ બંદરે લંગર નાખી આશરો લીધો છે. જખૌ માછીમાર એસોસિએશનના જણાવ્યા અનુસાર, બોટો અને ખલાસીઓ સુરક્ષિત છે.

જિલ્લામાં વરસેલા ભારે વરસાદથી માર્ગ-મકાન વિભાગ હેઠળના છ મુખ્ય માર્ગો પર પાણી ફરી વળતાં વાહનવ્યવહાર પ્રભાવિત થયો છે. ભુજ-મુંદરા માર્ગ પર બેરાજા હનુમાન નજીક રસ્તો ધોવાઈ જતાં વાહનોને પત્રી-ટપ્પર માર્ગ પર ડાયવર્ટ કરાયા છે.

આ ઉપરાંત બિબ્બર-વંગ, અંજાર-જરૂ, ગેલડા-રામાણિયા, ધાણેટી-હબાય અને રતનાલ-કંઢેરાઈ માર્ગો અવરોધાતાં તંત્ર દ્વારા વૈકલ્પિક વ્યવસ્થાઓ ગોઠવવામાં આવી હોવાનું જાણવા મળ્યું હતું.

# રાપરના ફતેહગઢમાં દિનદહાડે ધાણીફૂટ ફાયરિંગ

## સામસામે ગોળીબારથી નાસભાગ, એક વ્યક્તિ ગંભીર

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજઃ સરહદી વાગડ પંથકના રાપર તાલુકાના ફતેહગઢ ગામે આજે ધોળે દિવસે બે જૂથો વચ્ચે સામસામે ધાણીફૂટ ફાયરિંગની સનસનાટીભરી ઘટના બનતાં સમગ્ર પંથકમાં દહેશત ફેલાઈ હતી. ભરચક વિસ્તારમાં અચાનક થયેલા ગોળીબારમાં એક વ્યક્તિને ગોળી વાગવાથી લોહીલુહાણ થઈ ઢળી પડ્યો હતો, જેને તાત્કાલિક ગંભીર હાલતમાં ગાંધીધામની ખાનગી હોસ્પિટલમાં સારવાર અર્થે ખસેડવામાં આવ્યો છે.

દિનદહાડે બનેલી આ લોહિયાળ અથડામણની જાણ થતાં જ પૂર્વ કચ્છ પોલીસના ઉચ્ચ અધિકારીઓ સહિતનો મોટો પોલીસ કાફલો ઘટનાસ્થળે દોડી ગયો હતો. પોલીસે ત્વરિત કાર્યવાહી કરી સમગ્ર ફતેહગઢ ગામ તેમજ આસપાસના સીમાડા વિસ્તારોમાં કડક નાકાબંધી ગોઠવી પરિસ્થિતિ પર કાબૂ મેળવ્યો હતો. અનિચ્છનીય બનાવ ન બને તે હેતુથી ગામમાં ચુસ્ત પોલીસ બંદોબસ્ત ખડકી દેવામાં આવ્યો છે.

આ સશસ્ત્ર અથડામણ કઈ જૂની અદાવત, જમીન વિવાદ કે પારિવારિક વેરઝેરના કારણે સર્જાઈ છે તેમજ ગોળીબારમાં કેટલા રાઉન્ડ ફાયર થયા અને બંને પક્ષે કોણ કોણ સામેલ હતું તે દિશામાં પોલીસે તપાસ કેન્દ્રિત કરી છે. હોસ્પિટલના બિછાને રહેલા ઈજાગ્રસ્તનું નિવેદન નોંધવા તજવીજ હાથ ધરાઈ છે, જ્યારે ઘટનાસ્થળેથી ખાલી કારતૂસો કબજે કરી હુમલાખોરોની ધરપકડ માટે પોલીસે સઘન તપાસના ચક્રો ગતિમાન કર્યા છે.

# ઉજ્જૈનથી દર્શન કરી પરત ફરતા રાજકોટના પરિવારને ચોટીલા નજીક અકસ્માત નડ્યો, મહિલાનું મોત

(અમારા પ્રતિનિધિ તરફથી)

સુરેન્દ્રનગરઃ જિલ્લામાં હાઈવે પર ફરી એક અકસ્માત સર્જાયો હતો. પ્રાપ્ત વિગતો મુજબ, રાજકોટનો લોહાણા પરિવાર કારમાં સવાર થઈ ઉજ્જૈન દર્શન કરી પરત રાજકોટ તરફ જઈ રહ્યો હતો. દરમિયાન રાજકોટ-અમદાવાદ હાઈવે પર ચોટીલા નજીક યદુવંશી હોટલ પાસે ડમ્પર અચાનક બ્રેક લગાવતા તેની પાછળ આવતી કાર કાબૂ બહાર જઈ ડમ્પર પાછળ ધડાકાભેર ઘૂસી ગઈ હતી. આ ગમખ્વાર અકસ્માતમાં કારમાં સવાર નેહાબેન દિવ્યેશભાઈ માણેક (ઉંમર ૩૩ વર્ષ)નું ગંભીર ઈજાઓના કારણે ઘટનાસ્થળે જ મોત નીપજ્યું હતું. જ્યારે તેમના પતિ દિવ્યેશભાઈ માણેકને ઈજા થતાં સારવાર માટે રાજકોટની સિવિલ હૉસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. કારમાં સવાર અન્ય ત્રણ વ્યક્તિઓને પણ ઈજાઓ પહોંચી હોવાનું જાણવા મળ્યું હતું.

અકસ્માની જાણ થતાં જ ચોટીલા પોલીસની ટીમ ઘટનાસ્થળે દોડી આવી હતી. પોલીસે મૃતદેહને પીએમ અર્થે તથા ઈજાગ્રસ્તોને સારવાર માટે ચોટીલા સરકારી હૉસ્પિટલ ખસેડવાની કાર્યવાહી હાથ ધરી હતી. ઈજાગ્રસ્તોની હાલત ગંભીર હોવાનું પોલીસ દ્વારા જણાવાયું હતું.

અકસ્મત સર્જાયા બાદ ડમ્પર ચાલક વાહન મૂકીને ફરાર થઈ ગયો હતો. મૃતક નેહાબેનને સંતાનમાં બે પુત્રો હોવાનું જાણવા મળ્યું છે. અકસ્માતની ઘટનાથી પરિવારજનોમાં શોકની લાગણી પ્રસરી ગઈ છે.

# નકલી પાસપોર્ટ કેસમાં એટીએસે કૉંગ્રેસના નેતાના પુત્ર સામે નોંધ્યો એફઆઈઆર

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગુજરાત એન્ટિ ટેરરિસ્ટ સ્કવોડે પાટીદાર અનામત આંદોલન સમિતિ (પાસ)ના ભૂતપૂર્વ કાર્યકર્તા હરિકેશ પટેલ વિરુદ્ધ રૂ. ૬૫ લાખ ચૂકવીને અને બનાવટી દસ્તાવેજોનો ઉપયોગ કરીને બીજો પાસપોર્ટ મેળવવાના આરોપસર એફઆઈઆર નોંધી હતી.

એટીએસના જણાવ્યા અનુસાર, પટેલે એ હકીકત છુપાવી હતી કે તેનો મૂળ પાસપોર્ટ કોર્ટમાં જમા કરાવી દેવામાં આવ્યો છે અને બાદમાં દિલ્હી ક્રાઈમ બ્રાન્ચમાં ખોટી ફરિયાદ દાખલ કરીને દાવો કર્યો હતો કે તે ખોવાઈ ગયો છે, તેવી માહિતી સૂત્રોએ આપી હતી.

એટીએસએ જણાવ્યું હતું કે પટેલનો મૂળ પાસપોર્ટ કોર્ટમાં જમા કરાવવામાં આવ્યો છે. એજન્સીને કથિત રીતે જાણવા મળ્યું કે તેણે દિલ્હી અને આગ્રાના સરનામાં દર્શાવતા બનાવટી ભાડા કરારનો ઉપયોગ કર્યો હતો અને ત્યારબાદ તેના આધાર કાર્ડને આગ્રાના સરનામાં સાથે અપડેટ કર્યું હતું. અપડેટેડ આધાર વિગતોનો ઉપયોગ કરીને, પટેલે ૨૬ જુલાઈ, ૨૦૨૪ ના રોજ ગાઝિયાબાદ સ્થિત પ્રાદેશિક પાસપોર્ટ ઓફિસ પાસેથી બીજો પાસપોર્ટ, નંબર મેળવ્યો હતો. એટીએસએ જણાવ્યું હતું કે તેણે કથિત રીતે પાસપોર્ટનો ઉપયોગ ભૂટાન થઈને બેંગકોક, સિંગાપોર અને દુબઈ જવા માટે કર્યો હતો અને પછી નેપાળ થઈને ભારત પરત ફર્યો હતો.

રૂ. ૫૦ કરોડના પાવર બેંક એપ છેતરપિંડી કેસમાં એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટની તપાસમાં શરૂઆતમાં પટેલનું નામ આરોપી તરીકે આવ્યું હતું, પરંતુ બાદમાં તેમને સાક્ષી બનાવવામાં આવ્યા હતા. તપાસના ભાગ રૂપે ઈડીએ ૨૦૨૪માં સમગ્ર ગુજરાતમાં અનેક સ્થળોએ દરોડા પાડ્યા હતા.

પટેલ પાસે બે પાસપોર્ટ હોવાની માહિતી મળ્યા બાદ એટીએસએ તપાસ શરૂ કરી હતી. તેને પૂછપરછ માટે બોલાવવામાં આવ્યો હતો, ત્યારબાદ એજન્સીએ કેસ નોંધ્યો હતો અને બીજો પાસપોર્ટ કેવી રીતે મેળવ્યો તેની તપાસ શરૂ કરી હતી.

એટીએસ હવે તે વ્યક્તિની ઓળખ કરવાનો પ્રયાસ કરી રહી છે જેણે કથિત રીતે રૂ. ૬૫ લાખમાં પટેલને બીજો પાસપોર્ટ મેળવવામાં મદદ કરી હતી. એજન્સી બનાવટી દસ્તાવેજો તૈયાર કરવામાં કથિત રીતે સંડોવાયેલા નેટવર્કની પણ તપાસ કરી રહી છે. ભારતીય ન્યાય સંહિતા અને પાસપોર્ટ કાયદાની જોગવાઈઓ હેઠળ રવિવારે એફઆઈઆર નોંધવામાં આવી હતી. પટેલ પર બનાવટ અને છેતરપિંડીનો આરોપ મૂકવામાં આવ્યો છે. એટીએસએ તેની ધરપકડ કરી હોવાની માહિતી સૂત્રો દ્વારા મળી હતી. હરિકેશ કૉંગ્રેસ નેતા ગીતા પટેલનો પુત્ર છે.

# તરણેતર લોકમેળામાં મોટી દુર્ઘટના ટળી

(અમારા પ્રતિનિધિ તરફથી)

સુરેન્દ્રનગરઃ જિલ્લાના થાનગઢ ખાતે યોજાયેલા વિશ્વવિખ્યાત તરણેતર લોકમેળામાં એક મોટી દુર્ઘટના ટળી હતી. મેળામાં મોતના કૂવા ખાતે ખેલ જોવા માટે મોટી સંખ્યામાં લોકો ઊમટી પડ્યા હતા. લોકોની ભારે ભીડ વચ્ચે અચાનક સ્ટેજનું પાટિયું ભાંગી પડતાં સ્થળ પર થોડીવાર માટે દોડભાગ થઈ હતી. મળતી માહિતી મુજબ, મોતના કૂવા પાસે લોકોની અવરજવર અને ભીડ વચ્ચે સ્ટેજના માળખાનો એક ભાગ અચાનક તૂટી પડ્યો હતો. પાટિયું તૂટી પડતાં આસપાસના લોકોમાં ગભરાટ ફેલાયો હતો અને લોકો સલામત સ્થળે ખસી જવા લાગ્યા હતા. ઘટનામાં સૌથી રાહતની બાબત એ રહી કે પાટિયું ભાંગી પડ્યું હોવા છતાં તેની નીચે કોઈ વ્યક્તિ પટકાઈ નહોતી. પરિણામે કોઈ જાનહાનિ કે મોટી ઈજા થઈ ન હતી. બનાવની જાણ થતાં જ મેળાના આયોજકો તથા સુરક્ષાકર્મીઓ ઘટનાસ્થળે પહોંચ્યા હતા. તેમણે સ્થિતિને કાબૂમાં લીધી હતી અને લોકોને સુરક્ષિત રીતે દૂર ખસેડ્યા હતા. તરણેતર મેળામાં દર વર્ષે મોટી સંખ્યામાં લોકો ઉમટતા હોવાથી મેળા સ્થળે ઊભા કરવામાં આવતા સ્ટેજ, પાટિયા, રાઇડ્સ તથા અન્ય કામચલાઉ માળખાઓની સુરક્ષા ચકાસણી અત્યંત મહત્ત્વપૂર્ણ બની જાય છે. આ બનાવ બાદ આવા માળખાઓની સમયાંતરે તપાસ કરવામાં આવે અને ભીડવાળા સ્થળોએ સુરક્ષાની પૂરતી વ્યવસ્થા જળવાય તેવી માગણી થઈ રહી છે.

# ફૂડ પોઈઝનિંગને લીધે ૮૫ વિદ્યાર્થી બીમાર, સુરતની સ્કૂલને એક લાખ રૂપિયાનો દંડ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ સુરતની પી.પી. સવાણી ઈન્ટરનેશનલ સ્કૂલને સુરત મહાનગરપાલિકા (મનપા)એ રૂ. એક લાખનો દંડ ફટકાર્યો છે. શનિવારે અહીંની હોસ્ટેલમાં ડિનર લીધા બાદ ૮૫ વિદ્યાર્થી બીમાર પડી ગયા હતા.

સૂત્રોના જણાવ્યા અનુસાર, હોસ્ટેલમાં રહેતા લગભગ ૨,૨૦૦ વિદ્યાર્થીઓએ સાંજનું ભોજન લીધું હતું. ત્યારબાદ તરત જ, ૮૫ વિદ્યાર્થીઓએ પેટમાં દુખાવો અને ઊલટીની ફરિયાદ નોંધાવી હતી અને તેમને પી.પી. સવાણી હોસ્પિટલમાં લઈ જવામાં આવ્યા હતા. જેમાંથી ૧૨ વિદ્યાર્થીને ઑબ્ઝર્વેશન હેઠળ રાખવામાં આવ્યા હતા અને પછીથી રજા આપવામાં આવી હતી, જ્યારે ૭૩ વિદ્યાર્થીને હળવા લક્ષણો હોવાથી સારવાર આપી રજા આપી દેવામાં આવી હતી.

મનપાની મોબાઇલ મેડિકલ ટીમે હૉસ્પિટલ સાથે સંકલન કર્યું હતું, અને જરૂર પડે તો કામ આવી શકે તે માટે આઉટપેશન્ટ મોબાઈલ ફેસિલિટી પણ ઉપલબ્ધ કરવામાં આવી હતી.

૧૩ સપ્ટેમ્બરના રોજ, મનપાની આરોગ્ય ટીમોએ હોસ્ટેલ કેન્ટીન રસોડાની તપાસ કરી, ખોરાકની ગુણવત્તા, કાચા માલ, સ્વચ્છતાની તપાસ કરી ખોરાકના નમૂના એકત્રિત કરવામાં આવ્યા હતા અને પ્રયોગશાળા પરીક્ષણ માટે મોકલવામાં આવ્યા હતા.

# સાણંદમાં ફરી દીપડો દેખાયો, વન વિભાગે પાંજરા મૂક્યા

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ સાણંદમાં ફરી દીપડાએ દેખા દીધા હતા. મંગળવારે મોતી દેવતી ગામ પાસે શંકાસ્પદ દીપડાના પગના નિશાન મળી આવ્યા બાદ વન વિભાગે સાણંદમાં દીપડાની શોધખોળ શરૂ કરી દીધી છે. ઈંટના ભઠ્ઠા પાસે એક શ્વાનનું મોત થયાના અહેવાલ બાદ આ ઘટના બની હોવાની માહિતી સૂત્રોએ આપી હતી.

સ્થાનિક લોકોએ પગના નિશાન અને શ્વાનના મૃત્યુની જાણ કર્યા પછી વન અધિકારીઓએ વિસ્તારનું નિરીક્ષણ કર્યું હતું. પ્રાણીને શોધવા અને પકડવાના પ્રયાસોના ભાગરૂપે આ વિસ્તારમાં પાંજરા મૂકવામાં આવ્યા છે.

સાણંદ રેન્જના રેન્જ ફોરેસ્ટ ઓફિસર (આરએફઓ) હરેશ દેસાઈએ મીડિયાને જણાવ્યું હતું કે ૧૫ સપ્ટેમ્બરના રોજ મોતી દેવતીમાં શંકાસ્પદ દીપડો જોવા મળ્યો હતો. નિરીક્ષણ દરમિયાન મળેલા પગના નિશાન દીપડાના હોવાની પ્રબળ શક્યતા છે.

દેસાઈએ જણાવ્યું હતું કે મોતી દેવતી નજીક અગાઉ પણ આવા જ દીપડાના પગના નિશાન મળી આવ્યા હતા. વિભાગે દીપડાને પકડવા માટે પાંજરા મૂક્યા છે. નવા પગના નિશાન તે જ વિસ્તારમાં મળી આવ્યા હોવાથી, એવી શક્યતા છે કે પ્રાણી હજુ પણ નજીકમાં છે, અને અમારી ટીમ શોધખોળ કરી રહી છે. જુલાઈ અને ઓગસ્ટમાં અમદાવાદ અને સાણંદની આસપાસ દીપડા જોવા મળ્યાની ઘટના બાદ ફરી દીપડો દેખાયો હોવાની ઘટના બની છે.

# ગુજરાતે ૧૧ નવા સ્ટેટ એક્ઝિક્યુટિવ સભ્યની કરી નિમણૂક

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગુજરાત ભાજપ પ્રદેશ પ્રમુખ જગદીશ વિશ્વકર્માએ પક્ષના ૧૧ નેતાને રાજ્ય કારોબારી સમિતિના સભ્યો તરીકે નિયુક્ત કર્યા છે. રાજ્ય કારોબારીના ઘણા વર્તમાન સભ્યોને અન્ય સંગઠનાત્મક જવાબદારીઓ સોંપવામાં આવ્યા પછી રહેલી ખાલી જગ્યાઓ ભરવા માટે આ નિમણૂકો કરવામાં આવી હતી.

પક્ષના સંગઠનાત્મક આદેશ અનુસાર, આ નિમણૂકોની જાહેરાત બુધવારે કરવામાં આવી હતી અને તે તાત્કાલિક અમલમાં આવશે. જેમાં રાજેન્દ્રભાઈ ત્રિવેદી (વડોદરા), ડો. મુકેશભાઈ રાઠવા (છોટા ઉદેપુર), શરદભાઈ લાખાણી (અમરેલી), કિશોરભાઈ ગાવિત (કર્ણાવતી), મનીષભાઈ પટેલ (કર્ણાવતી), અરુણાબેન ચૌધરી (ગાંધીનગર), શિલ્પેશભાઈ દેસાઈ (વલસાડ), વિશાલભાઈ ભરવાડ (કર્ણાવતી), નંદીતાબેન ઠાકુર (ખેડા), ડો. જાનકીબેન આચાર્ય (કર્ણાવતી), તેમ જ કનુભાઈ અરવિંદભાઈ પટેલ (મહેસાણા)નો સમાવેશ થાય છે. આ સાથે શહેર-જિલ્લા પ્રભારીના નામની પણ જાહેરાત કરવામાં આવી છે. આ યાદીમાં બ્રાહ્મણ નેતા એડવોકેટ રાજેન્દ્ર ત્રિવેદીના નામે રાજકીય વર્તુળોનું ધ્યાન ખેંચ્યું છે.

## દેશ વિદેશ

# સીજેપી-પોલીસ દમનઃ તપાસ સમિતિની પુનર્રચનાનો સુપ્રીમનો નકાર

નવી દિલ્હીઃ દિલ્હીમાં સીજેપીનાં પ્રદર્શન દરમિયાન પોલીસ દ્વારા વિદ્યાર્થીઓ વિરુદ્ધ આચરવામાં આવેલી કથિત હિંસા અને કરવામાં આવેલા અત્યાચારની તપાસ કરવા પાંચ સભ્યની ઉચ્ચસ્તરીય કમિટીની નવેસરથી રચના કરવાનું સુપ્રીમ કોર્ટે એમ કહીને નકારી કાઢ્યું હતું કે પેનલ વિરુદ્ધના આક્ષેપો માત્ર અનુમાનો અને પૂર્વગ્રહિત માન્યતાઓ પર આધારિત હતા.

મુખ્ય ન્યાયાધીશ સૂર્યકાંત, ન્યાયાધીશ જોયમાલ્યા બાગચી અને વી. મોહાનાની બનેલી ખંડપીઠે કહ્યું હતું કે યોગ્યતા અને પારદર્શિતાનાં ઉચ્ચસ્તરીય માપદંડોને આધારે તેમ જ નિષ્પક્ષ અભિગમથી કમિટીની રચના કરવામાં આવી હતી. એક કે અન્ય પક્ષની હિમાયત કરવા આ ઉચ્ચસ્તરીય કમિટીની રચના કરવામાં નહોતી આવી, એમ કોર્ટે કહ્યું હતું. પેનલ વિરુદ્ધના આક્ષેપો માત્ર અનુમાનો અને પૂર્વગ્રહિત માન્યતાઓ પર આધારિત હોવાનું જણાવતાં કોર્ટે કહ્યું હતું કે કમિટીની રચનામાં કોઈ ફેરફાર કરવાનો અમારો ઈરાદો નથી. કોર્ટે તપાસ સમિતિને પેલેટ ગનના ઉપયોગ, ચોક્કસ વ્યક્તિને નિશાન બનાવીને કરવામાં આવેલી હિંસા અને મહિલા પ્રદર્શનકર્તાઓની કરવામાં આવેલી હેરાનગતિ સહિતના મુદ્દે તપાસને મામલે આગળ વધવા જણાવ્યું હતું. (એજન્સી)

# એઆઇના વિકાસની ગતિ ધીમી કરવા સહમત દિગ્ગજો, નિર્ણયનો અમલ કરવો એક પડકાર

વોશિંગ્ટનઃ આર્ટિફિશ્યલ ઇન્ટલિજન્સ (એઆઇ) ઇન્ડસ્ટ્રીઝના મોટી દિગ્ગજો ભાગ્યે જ કોઈ વાત પર સહમત થાય છે પરંતુ તેઓ જ્યારે કોઈ વાત પર સહમત થાય તો તે તરફ સૌ કોઈનું ધ્યાન ખેંચાય તે સ્વાભાવિક છે. તાજેતરમાં જ એન્થ્રોપિકના દારિયો અમોદેઇ, ઓપનએઆઈના સેમ ઓલ્ટમેન, સ્પેસએક્સના એલન મસ્ક અને ઉદ્યોગના અન્ય દિગ્ગજ નેતાઓએ તાજેતરમાં કહ્યું હતું કે એઆઈના વિકાસની ગતિ ધીમી કરવાની જરૂર છે. આ સર્વસંમતિ ત્યારે બની હતી જ્યારે એન્થ્રોપિકના એક રિસર્ચરે આ ટેકનોલોજીના માનવજાત માટે ઊભા થતા જોખમો અંગે ગંભીર ચેતવણી આપીને રાજીનામું આપ્યું હતું.

ડિપાર્ટમેન્ટ ઓફ હોમલેન્ડ સિક્યોરિટીમાં ‘ઇમર્જિંગ ટેક્નોલોજી પોલિસી’ના ભૂતપૂર્વ ડિરેક્ટર અને ન્યૂયોર્ક યુનિવર્સિટીના એડજંક્ટ પ્રોફેસર નિક રીસેએ જણાવ્યું હતું. પરંતુ સ્થાનિક અને વૈશ્વિક સ્પર્ધા, નફાની લાલસા અને રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પના વિરોધ જેવા અવરોધો એઆઈના વિકાસની ગતિને નિયંત્રિત કરવાના સંયુક્ત પ્રયાસોમાં બાધારૂપ બની રહ્યા છે. તેમ છતાં આ ક્ષણ ઉદ્યોગને એ વાત પર વિચારવા માટે મજબૂર કરી શકે છે કે આપણે કોને સફળતા માનીએ છીએ. રીસેએ કહ્યું હતું કે , જો આપણે એઆઇમાં સફળતાને એ જ દૃષ્ટિકોણથી જોઈએ જે રીતે એરલાઇન્સની સફળતાને જોઈએ છીએ તો શું થશે? એટલે કે, સમયસર કામગીરી અને લાંબા સમય સુધી કોઈ દુર્ઘટના ન થવી. આપણે કોમર્શિયલ એરલાઇન દુર્ઘટનાઓને સહન કરતા નથી, પરંતુ એઆઈની ગંભીર નિષ્ફળતાઓને સહન કરી લઈએ છીએ.

# ઇઝરાયલમાં કન્સ્ટ્રક્શન સાઇટ પર ભારતીય કામદારનો પગ કપાયો

જેરુસલેમઃ ઇઝરાયલના જેરુસલેમમાં એક બાંધકામ સ્થળે ક્રેન દ્વારા ટાઇલ્સ ઉઠાવતી વખતે સર્જાયેલી દુર્ઘટનામાં એક ભારતીય કામદારનો ડાબો પગ કપાઇ ગયો હતો.

આ વિશેની પ્રાપ્ત વિગતો અનુસાર રાજસ્થાનના વતની ૩૬ વર્ષીય શ્રવણ કુમાર વર્માનો ડાબો પગ ગત બુધવારના રોજ સર્જાયેલી દુર્ઘટનામાં કપાઇ ગયો હતો. આ દુર્ઘટનામાં ભોગ બનનાર વર્માની જેરુસલેમની હોસ્પિટલમાં સારવાર ચાલી રહી છે.

વર્માના ભારતીય સાથીદારોએ જણાવ્યું કે બાંધકામ સ્થળે ક્રેનમાંથી ટાઇલ્સ માથે પડતાની સાથે જ વર્માનો પગ શરીરથી અલગ થઇ ગયો હતો.

ક્રેનનો બેલ્ટ અધવચ્ચે હવામાં જ તૂટી પડતા અકસ્માત સર્જાયો હતો. વર્માના એક સાથીએ કહ્યું કે તેને સ્થળ પર જ તાત્કાલિક સારવાર આપવામાં આવી હતી. ત્યારબાદ બેભાન અવસ્થામાં તેને હોસ્પિટલ લઇ જવામાં આવ્યો હતો.

તેમના સાથીદારોએ જણાવ્યું કે શરૂઆતમાં તેને ન્યુરોસર્જરી વિભાગમાં દાખલ કરવામાં આવ્યો હતો. પરંતુ મંગળવારે થોડી પ્રતિક્રિયા આપ્યા અને બોલ્યા બાદ તેને જનરલ વોર્ડમાં ખસેડવામાં આવ્યો હતો. વર્મા જે કંપનીમાં કામ કરી રહ્યો છે તે કંપનીના એક અધિકારીએ જણાવ્યું કે તેનો પૂરો વીમો છે. તેમજ કંપની તેને ઉત્તમ સારવાર મળી શકે તે માટે નેશનલ ઇન્શ્યોરન્સને પણ સામેલ કરી રહી છે. આ ઘટનાએ કાર્યસ્થળે સલામતી અને કામ દરમિયાન થતાં અકસ્માતોમાં વળતરને લઇને ભારતીય કામદારોમાં ચિંતા વધારી દીધી છે.

# દૈનિક મુંબઈ સમાચાર

૨૦૫ વર્ષ

R.N.I. No. 1563/1957 ★

મુંબઈથી પ્રસિદ્ધ થતું ■ સ્થાપનાઃ ૧ જુલાઈ ૧૮૨૨ ■ પુસ્તકઃ ૨૦૫ ■ Volume 69 ■ Issue 220 ■ વિક્રમ સંવત ૨૦૮૨

ભાદ્રપદ સુદ-૬ ■ મુંબઈ ■ MUMBAI SAMACHAR ■ www.bombaysamachar.com ■ 17 September 2026, Thursday ■ REGD.No. MCS/058/2024-26

ગુરુવાર, ૧૭ સપ્ટેમ્બર ૨૦૨૬, કિંમત ₹ ૧૦.૦૦ | લાડકી પૂર્તિ | LIKE & FOLLOW: /Mumbaisamachar4u


# યુપીઆઈ ટૅક્સની બબાલઃ કૅશ ફરી કિંગ બનશે?




## વેપારીઓ, પેટ્રોલ પમ્પ ડીલર્સ હવે રોકડ સ્વીકારવાની તૈયારીમાંઃ આમજનતા નારાજઃ વિપક્ષોની પણ બુમરાણઃ સરકાર ચાર્જ પાછો નહીં ખેંચવા મક્કમઃ અમેરિકાના દબાણ હેઠળ આ ચાર્જ નખાયો હોવાનો આક્ષેપ સરકારે નકાર્યો

નવી દિલ્હીઃ યુનિફાઇડ પેમેન્ટ્સ ઇન્ટરફેસ (યુપીઆઇ) દ્વારા કરાતા રૂપિયા ૨,૦૦૦થી વધુના પેમેન્ટ પર ૦.૪ ટકા ચાર્જ વસૂલવાના નિર્ણયમાં સરકાર પીછેહઠ કરવા તૈયાર નથી, જ્યારે વિરોધ પક્ષો સરકારે અમેરિકાના દબાણ સામે ઝૂકીને આ પગલું ભર્યું હોવાનો આક્ષેપ કરીને તેનો જોરદાર વિરોધ કરી રહ્યા છે. વિપક્ષો ઉપરાંત વેપારીઓ, દુકાનદારો અને સામાન્ય જનતા પણ સરકારના આ નિર્ણયથી નારાજ થઇ છે. વિપક્ષોની સાથે અનેક વેપારીઓ, દુકાનદારો અને ઘણાં સામાન્ય નાગરિકો યુપીઆઇ પેમેન્ટ પર લદાયેલા ચાર્જથી નારાજ છે અને શું ફરી રોકડ રકમથી નાણાકીય લેવડદેવડ કરવી પડશે? એવો સવાલ કરાઇ રહ્યો છે. વેપારીઓના રિટેલ એસોસિયેશન ઑફ ઈન્ડિયા (આરએઆઈ) અને પેટ્રોલ પમ્પ ડીલર્સે આનો વિરોધ

(જુઓ પાનું ૨) ▸▸

## સુપ્રીમ કોર્ટમાં પીઆઈએલ

નવી દિલ્હીઃ રૂ. ૨,૦૦૦ કરતાં વધુના યુપીઆઈ ટ્રાન્ઝેક્શન પરનો ૦.૪ ટકા એમડીઆર ચાર્જ લાગુ કરવાના સરકારના નિર્ણયને પડકારતી જનહિતની અરજી સુપ્રીમ કોર્ટમાં દાખલ કરવામાં આવી હતી.

સાવચેતીનાં પૂરતાં પગલાં લીધા વિના, પારદર્શિતા જાળવ્યા વિના અને લોકો સાથે સલાહમસલત કર્યા વિના સરકાર દ્વારા નવો નિયમ દાખલ કરવામાં આવ્યો હોવાનું જણાવી ઍડવોકેટ અંજન દત્તાએ ૧૪ સપ્ટેમ્બરે સરકાર દ્વારા બહાર પાડવામાં આવેલા આ અંગેનાં જાહેરનામાને પડકારતી આ અરજી દાખલ કરી હતી. પેમેન્ટ ઍન્ડ

(જુઓ પાનું ૨) ▸▸

## સ્વદેશી જાગરણ મંચે કર્યો વિરોધ

નવી દિલ્હીઃ રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ (આરએસએસ) સાથે સંકળાયેલા સંગઠન 'સ્વદેશી જાગરણ મંચ' (એસજેએમ) એ બુધવારે જણાવ્યું હતું કે સરકારે ૨૦૦૦ રૂપિયાથી વધુના યુપીઆઇ ટ્રાન્ઝેક્શન પર 'મર્ચન્ટ ડિસ્કાઉન્ટ રેટ' (એમડીઆર) લાદવાના કોઇ પણ પ્રસ્તાવ પર ફરીથી વિચાર કરવો જોઈએ. એસજેએમના સહ-સંયોજક અશ્વિની મહાજને કહ્યું કે બેન્કોએ યુપીઆઇ ટ્રાન્ઝેક્શન પર એમડીઆર લાદવાની માગ કરી નથી. ■

## એમડીઆર પર ૧૮ ટકા જીએસટી

નવી દિલ્હીઃ બે હજાર રૂપિયાથી વધારેના યુપીઆઈના પેમેન્ટ પરના મર્ચન્ટ ડિસ્કાઉન્ટ રેટ (એમડીઆર) પર ૧૮ ટકા જીએસટી લાગશે. જો કે, આ મર્ચન્ટ આના પર ઈન્પુટ ટેક્સ ક્રેડિટનો દાવો કરી શકશે અને આને લીધે તેમનો વેરાનો બોજો ઓછો થશે, એવો મત ટેક્સ એક્સપર્ટોએ આપ્યો હતો.આ પેમેન્ટ સેટલમેન્ટ સર્વિસિસ પર મર્ચન્ટને એમડીઆર પર ૧૮ ટકા જીએસટી લાગશે. આને લીધે દર વર્ષે ૩૫૦૦-૪૦૦૦ કરોડ રૂપિયાનું વધુ જીએસટીનું કલેકશન થશે. (એજન્સી)■




## પાકિસ્તાની નૌકાદળનું જહાજ ભારતની વૉરશિપ સાથે અથડાયું

નવી દિલ્હીઃ પાકિસ્તાની નૌકાદળનું 'હુનૈન' નામનું જહાજ ૧૫ સપ્ટેમ્બરે સાંજે ઉત્તર અરબી સમુદ્રમાંની આંતરરાષ્ટ્રીય જળસીમામાં બહુ ઝડપથી 'અસલામત' રીતે ભારતીય યુદ્ધજહાજની પાસે આવીને અથડાયું હતું. આ અથડામણમાં પાકિસ્તાનના જહાજને ભારે નુકસાન થયું હતું, પરંતુ ભારતીય યુદ્ધજહાજને કોઇ મોટું નુકસાન નહોતું થયું, પરંતુ નવી દિલ્હીએ આ ઘટનાને બન્ને દેશ વચ્ચે નવી દિલ્હીમાં ૧૯૯૧ની છ એપ્રિલે થયેલા કરારનો ભંગ ગણાવ્યો હતો અને તેના સંબંધમાં ઇસ્લામાબાદ સમક્ષ જોરદાર વિરોધ નોંધાવ્યો હતો અને ભવિષ્યમાં આવી ઘટના બનશે, તો આક્રમક પગલાં લેવાની ચેતવણી પણ

(જુઓ પાનું ૨) ▸▸

## ઈપીએફઓની પગાર મર્યાદા હવે પચીસ હજાર રૂપિયા

નવી દિલ્હીઃ વર્તમાન વ્યવસ્થામાં પ્રતિ માસ ૧૫,૦૦૦ રૂપિયાની પગાર મર્યાદા ઇપીએફના ફરજિયાત કવરેજ માટે મુખ્ય આધાર છે. આ મર્યાદા સપ્ટેમ્બર ૨૦૧૪માં વધારીને ૧૫,૦૦૦ રૂપિયા કરવામાં આવી હતી. છેલ્લા કેટલાક વર્ષોમાં પગાર અને આવકના સ્તરમાં થયેલા વધારાને ધ્યાનમાં રાખીને સરકારે હવે આ મર્યાદા વધારીને ૨૫,૦૦૦ રૂપિયા કરવાનો નિર્ણય લીધો છે.

કેન્દ્રીય પ્રધાનમંડળે બુધવારે કર્મચારી ભવિષ્ય નિધિ

(જુઓ પાનું ૨) ▸▸



**બાપ્પા સાથે નિર્દોષ 'કાનાફૂસી':** દેહરાદૂનમાં ગણેશજીના વિસર્જન પહેલા બાળકી ગણપતિ બાપ્પાના કાનમાં પોતાની ઈચ્છા કહેતી હોય એવું નથી લાગતું? (એજન્સી)

## શહઝાદ ભટ્ટીના નેટવર્ક પર પ્રતિબંધ

નવી દિલ્હીઃ કેન્દ્રીય ગૃહ પ્રધાન અમિત શાહે બુધવારે જણાવ્યું હતું કે સરકારે પાકિસ્તાનસ્થિત શહઝાદ ભટ્ટી નેટવર્ક (એસબીએન)ને ગેરકાયદેસર પ્રવૃત્તિઓ (નિવારણ) કાયદા હેઠળ આતંકવાદી સંગઠન જાહેર કર્યું છે.

અમિત શાહે કહ્યું કે આ કાર્યવાહી વડા પ્રધાન નરેન્દ્ર મોદીના આતંકવાદ સામે શૂન્ય સહિષ્ણુતાના વિઝનને અનુસરીને કરવામાં આવી છે.

આ જૂથ યુવાનો અને નાના ગુનેગારોને આતંકવાદમાં ઉશ્કેરવા ઉપરાંત સરહદ પાર શસ્ત્રો, વિસ્ફોટકો અને મોદક દ્રવ્યોની દાણચોરીમાં

(જુઓ પાનું ૨) ▸▸

## ડ્રૉનનું ટાર્ગેટ મક્કાઃ સઉદી ગુસ્સામાં, હુતીઓનો ઇનકાર

### સઉદીની મદદ માટે મુસ્લિમ દેશોને આજીજીઃ ભારતે હુમલાને વખોડ્યો

કાઇરોઃ પયગમ્બર હઝરત મોહમ્મદના જન્મસ્થળે સઉદી અરેબિયામાંના મક્કા પર હુતી બળવાખોરોએ ડ્રોન છોડ્યું હતું, પરંતુ સઉદી દ્વારા ડ્રોનને આકાશમાં જ તોડી પાડ્યું હોવાનો દાવો કરાયો હતો. સઉદી હવે મદદ માટે મુસ્લિમ દેશોને આજીજી કરી રહ્યું છે. બળવાખોરો સઉદીમાંની ખનિજ તેલનાં મથકો અને તેની પાઇપલાઇન પર તેમ જ ઑઇલ ટૅન્કરો પર હુમલા કરતા હોવાથી આ લડાઇને લીધે ખનિજ તેલનું વહન પણ મુશ્કેલ બન્યું છે. તેને લીધે ક્રૂડ ઑઇલનો ભાવ સતત વધી રહ્યો છે.

અહીં મહત્ત્વની વાત એ છે કે સઉદી અરેબિયા, 'નાટો'ના સભ્ય તુર્કી અને અણુશસ્ત્ર ધરાવતા પાકિસ્તાન વચ્ચે એકબીજાને મદદ કરવા કરાર થયા હોવા છતાં કોઇ મુસલમાન દેશ બુધવાર સુધી સઉદીને મદદ કરવા આગળ નહોતું આવ્યું. સઉદીના પાટવીકુંવરે ઇજિપ્ત પાસે પણ સહાય માગી હતી.

હુતી બળવાખોરો તેલ અને અન્ય સામાન લઇને રાતા સમુદ્રમાંથી જતાં જહાજો પર પણ હુમલા કરી રહ્યા હોવાથી સઉદીના પાટવીકુંવર મોહમ્મદ બિન સલમાન કાઇરોમાં ઇજિપ્તના પ્રમુખ

(જુઓ પાનું ૨) ▸▸



## અભિનેતા અનંત નાગને દાદાસાહેબ ફાળકે અવૉર્ડ


નવી દિલ્હીઃ હિન્દી અને કન્નડ ફિલ્મોમાં પ્રભાવશાળી અભિનય કરવા માટે જાણીતા દંતકથાસમાન અભિનેતા અનંત નાગને વર્ષ ૨૦૨૪ માટેનો દાદા સાહેબ ફાળકે અવૉર્ડથી નવાજવાની સરકારે બુધવારે જાહેરાત કરી હતી.

'મિન્ચિના ઓટા', 'હમસાગીથે', 'અંકુર' અને 'મંથન' જેવી ફિલ્મોમાં અભિનયના ઓજસ પાથરનાર અનંત નાગને દાદા સાહેબ ફાળકે અવૉર્ડથી નવાજવામાં આવશે.

૭૮ વર્ષના અનંત નાગે પાંચ દાયકાની ફિલ્મી સફરમાં ૨૫૦ કરતાં વધુ ફિલ્મોમાં અભિનય કર્યો છે.

બાવીસ સપ્ટેમ્બરે ગુજરાતના કેવડિયા ખાતે યોજાનારા નેશનલ ફિલ્મ અવૉર્ડ સમારોહ દરમિયાન તેમને ભારતીય સિનેમાનો

(જુઓ પાનું ૨) ▸▸



## આજે વડનગરથી વારાણસી સુધી આખા દેશમાં મોદીના જન્મદિનની ઉજવણી

નવી દિલ્હીઃ ભારતના વડા પ્રધાન નરેન્દ્ર મોદીના ગુરુવારના ૭૬મા જન્મદિન અને જાહેર હોદ્દા પરના પચીસ વર્ષ નિમિત્તે વારાણસીમાં યોજાનારી બાઈક રૅલીને લીલી ઝંડી દાખવવા આંધ્ર પ્રદેશના મુખ્ય પ્રધાન એન. ચંદ્રબાબુ નાયડુ, મહારાષ્ટ્રના નાયબ મુખ્ય પ્રધાન એકનાથ શિંદે અને એનડીએના બીજા મોટા નેતાઓ હાજર રહેશે. મોદીના લોકસભા મતદારક્ષેત્રમાં યોજાનારા કાર્યક્રમમાં સંરક્ષણ પ્રધાન રાજનાથ સિંહ, ઉત્તર પ્રદેશના મુખ્ય પ્રધાન યોગી આદિત્યનાથ અને લોક જનશક્તિ પાર્ટી (રામવિલાસ)ના વડા ચિરાગ પાસવાન હાજર રહેશે.

ભાજપે મોદીના જન્મદિન નિમિત્તે એક મહિનાના શ્રેણીબદ્ધ

(જુઓ પાનું ૨) ▸▸

## ન્યૂ ઝીલૅન્ડમાં હવે ૯૫ ટકા ભારતીય પેદાશો ટૅક્સ ફ્રી

### ન્યૂ ઝીલેન્ડની સંસદમાં ઐતિહાસિક ખરડો પસાર

વેલિંગ્ટનઃ ભારત અને ન્યૂ ઝીલૅન્ડના આર્થિક અને વ્યૂહાત્મક સંબંધોમાં એક નવો અધ્યાય જોડાઇ ગયો છે. ન્યૂ ઝીલેન્ડની સંસદે બુધવારે ભારત સાથે મુક્ત વ્યાપાર સમજૂતી એટલે કે એફટીએને લાગૂ કરતો કાયદો ભારે બહુમતિથી પસાર કર્યો છે. આ ઐતિહાસિક સમજૂતી હેઠળ ન્યૂઝિલેન્ડથી ભારતમાં થતી ૯૫ ટકા નિકાસ પર લાગતો ટેરિફ ક્યાં તો લગભગ સંપૂર્ણ રીતે સમાપ્ત થઇ જશે અથવા તો ઘણો ઓછો કરી દેવામાં આવશે.

સંસદમાં આ બિલના સમર્થનમાં ૯૩ અને વિરોધમાં માત્ર ૨૯ મત પડ્યા હતા. ■

## ઇઝરાયલને ૨૦૦૦ પાઉન્ડનો બૉમ્બ આપશે અમેરિકા?

### ૨.૮ અબજ ડૉલરનાં શસ્ત્રો પહોંચાડવાની તૈયારીમાં વૉશિંગ્ટન

વૉશિંગ્ટનઃ ભાવિ શસ્ત્રકરારના ભાગરૂપ અમેરિકા ઇઝરાયલને ૨૦૦૦ પાઉન્ડનો શક્તિશાળી બૉમ્બ આપવાની યોજના બનાવી રહ્યું છે. આ બાબતે ગાઝામાં સામૂહિક હત્યાની શક્યતા અંગે ઘેરી ચિંતા ઊભી કરી છે.

અગાઉની જો બાઈડન સરકારે બે વર્ષ અગાઉ આ બૉમ્બની ડિલિવરી કરવાનું માંડી વાળ્યું હતું.

૨.૮ અબજ ડૉલરના આ પૅકેજમાં ૨૦,૦૦૦ એમકે૮૪ અને ૨૦,૦૦૦ બીએલયુ-૧૧૭ના બનાવેલા ૪૦,૦૦૦ બૉમ્બ સમાવેશ થતો હોવાનું અધિકારીઓએ કહ્યું હતું.

પ્રસ્તાવિત કરાર ઇઝરાયલની સૈન્ય તાકાત વધારવા અમેરિકા દ્વારા તાજેતરમાં લેવામાં આવેલાં શ્રેણીબદ્ધ પગલાંઓમાંનું એક હોવાનું તેમણે કહ્યું હતું. (એજન્સી)■

## અમે યુદ્ધનો અંત ઇચ્છીએ છીએઃ ઈરાન

બેઇજિંગઃ ઇરાનના વિદેશ મંત્રી અબ્બાસ અરાઘચીએ બુધવારે કહ્યું હતું કે ઇરાનને અમેરિકા સાથે યુદ્ધ ચાલુ રાખવામાં રસ નથી અને રાજદ્વારી ઉકેલ તરફ પરત ફરવા માગે છે.

તેમણે ચીનના વિદેશમંત્રી વાંગ યી સાથે વાતચીત કરી અને તેમને પશ્ચિમ એશિયામાં તાજેતરના ઘટનાક્રમ વિશે જાણકારી આપી હતી.

તેઓ ચીનના પ્રવાસે એવા સમયે પહોચ્યાં છે જ્યારે હુતી બળવાખોરોની સૈન્ય ગતિવિધિઓના કારણે પશ્ચિમ એશિયામાં તણાવ વધી રહ્યો છે. ઇરાનનું સમર્થન કરનારા આ સશસ્ત્ર જૂથે સઉદી અરેબિયા પરના હુમલાઓ વધારી દીધા છે અને રેડ સીમાં વ્યૂહાત્મક મહત્વ ધરાવતા 'બાબ-અલ-મંદાબ' જળમાર્ગ (સ્ટ્રેટ) પર નિયંત્રણ મેળવી લીધું

(જુઓ પાનું ૨) ▸▸




## એક્સ્ટ્રા અફેર

ભરત ભારદ્વાજ
feedback@bombaysamachar.com

# યુપીઆઈ પેમેન્ટ પર ટેક્સ, અમેરિકાના દબાણની વાત કેટલી સાચી?

**કેન્દ્ર** સરકારે યુનિફાઈડ પેમેન્ટ્સ ઇન્ટરફેસ (યુપીઆઇ) દ્વારા થતી રૂપિયા ૨૦૦૦થી વધારેની ચૂકવણી પર ચાર્જ ઠોકી દીધો તેના કારણે બબાલ થઈ ગઈ છે કેમ કે અત્યાર લગી યુપીઆઈ દ્વારા થતી ચુકવણી પર કોઈ ચાર્જ નહોતો લેવાતો પણ હવે મર્ચન્ટ ડિસ્કાઉન્ટ રેટ (એમડીઆર) પર ટેક્સ લાગશે. એક તરફ કૉંગ્રેસે અમેરિકન કંપનીઓના દબાણ હેઠળ આ નિર્ણય લેવાયો હોવાનો આક્ષેપ કરીને દેકારો મચાવી દીધો છે તો બીજી તરફ લોકો પણ નારાજ છે. કેન્દ્ર સરકારે ચોખવટ કરી છે કે, સામાન્ય લોકો પર કોઈ વધારાનો બોજ નહીં આવે અને નવો ચાર્જ વેપારીઓએ જ ભોગવવાનો છે પણ ભારતમાં બધો ભાર અંતે તો કન્યાની કેડે જ આવે છે. આ ચાર્જ પણ અંતે તો સામાન્ય લોકોએ જ ભોગવવો પડવાનો છે એવું લોકોને લાગે છે તેથી સામાન્ય લોકોમાં પણ કચવાટ છે જ.

અત્યાર લગી યુપીઆઈથી થતા કોઈ પણ પ્રકારના પેમેન્ટ પર કોઈ ચાર્જ નહોતો લાગતો. નવા નિયમો પ્રમાણે, યુપીઆઈથી ૨,૦૦૦ સુધીનું પેમેન્ટ કરાય તો ગ્રાહક કે વેપારી બંને પાસેથી કોઈ ફી નહીં લેવાય પણ બે હજાર રૂપિયાથી વધારેની ચુકવણી કરો તો ૦.૪૦ ટકા ચાર્જ લાગશે. આ ચાર્જ ૭૫ હજાર રૂપિયા સુધીની ચૂકવણી પર રકમના ૦.૪૦ ટકા લેખે લાગશે જ્યારે ૭૫ હજારથી વધારેની ગમે તેટલી ચુકવણી પર ફિક્સ ૩૦૦ રૂપિયા ચાર્જ લાગશે. મતલબ કે, યુપીઆઈ પેમેન્ટ પરના ચાર્જની મહત્તમ મર્યાદા ૩૦૦ રૂપિયા નક્કી કરાઈ છે. રૂ-પે ડેબિટ કાર્ડ દ્વારા થતા પેમેન્ટને પણ નિયમો લાગુ પડવાના છે.

રાહુલ ગાંધી અને કૉંગ્રેસનો આક્ષેપ છે કે, અમેરિકાના દબાણ હેઠળ યુપીઆઈ ટ્રાન્ઝેક્શન્સ પર ચાર્જ લગાવાયો છે. કેન્દ્ર સરકારે રાહુલ ગાંધીના આક્ષેપોને નકાર્યા છે પણ અત્યાર સુધી વિના મૂલ્યે થતાં ટ્રાન્ઝેક્શન્સ પર હવે ચાર્જ લેવાની જરૂર કેમ પડી તેનો કોઈ ગળે ઊતરે એવો ખુલાસો કર્યો નથી. સરકાર લોકો પર બોજ નથી આવવાનો એવું કહે છે પણ આ નિર્ણય કેમ લેવો પડ્યો તેના માટે જે કારણ આપે છે એ તાર્કિક નથી. સરકારનું કહેવું છે કે, યુપીઆઈનો ઉપયોગ ઝડપથી વધી રહ્યો છે તેથી તેને સુરક્ષિત રાખવા, સાયબર ફ્રોડ રોકવા, ટેકનોલોજી અપગ્રેડ કરવા અને પેમેન્ટ સિસ્ટમને મજબૂત જાળવી રાખવા સતત ખર્ચ કરવો પડે છે તેથી આવક ઊભી કરવા માટે આ ટેક્સ લાદવો પડ્યો છે.

આ દલીલ ગળે ઊતરે એવી નથી કેમ કે યુપીઆઈ સિસ્ટમને કારણે બેંકો પરની જવાબદારી ઘટી છે તેથી સરકાર નવી ભરતી કરી નથી રહી. આ ઉપરાંત શાખાઓ પણ બંધ કરી રહી છે અને મર્જર કરીને સરકારી બેંકોની સંખ્યા ઘટાડી રહી છે. સરકારને તેમાં ફાયદો છે જ ને એ બચેલી રકમ યુપીઆઈને મજબૂત કરવા વાપરી જ શકાય છે. સરકાર લોકો પર બોજ નહીં આવે એવું કહે છે એ પણ ગળે ઊતરતું નથી. જુલાઈ ૨૦૨૬ સુધીમાં ૭૪૧ બેંકો યુપીઆઈ સાથે જોડાઈ છે અને માત્ર જુલાઈમાં ૨૯.૮૮ લાખ કરોડ રૂપિયાનાં લગભગ ૨,૩૬૬ કરોડ યુપીઆઇ ટ્રાન્ઝેક્શન થયા. નાણાકીય વર્ષ ૨૦૨૫-૨૬માં દેશના કુલ ડિજિટલ પેમેન્ટમાં યુપીઆઈનો હિસ્સો લગભગ ૮૪ ટકા હતો. નાની દુકાનોથી લઈને ઓનલાઈન શોપિંગ અને મોટા પેમેન્ટ સુધી બધે યુપીઆઈની બોલબાલા છે. સ્વાભાવિક રીતે આ નવો ટેક્સ આવે એટલે વેપારીઓ નફો જળવાય એ માટે ભાવ વધારે જ તેથી તેની અસર સામાન્ય લોકો પર જ પડવાની છે. આ કારણે સરકારની દલીલ નક્કર નથી લાગતી.

બીજી તરફ અમેરિકા લાંબા સમયથી ભારત પર ફ્રી ટ્રાન્ઝેક્શન્સ બંધ કરીને યુપીઆઈ પેમેન્ટ પર ચાર્જ લેવા દબાણ કરતું જ હતું તેથી રાહુલે બે ને બે ચાર કરીને અમેરિકન કંપનીઓના દબાણ હેઠળ નિર્ણય લેવાયો હોવાનું સમીકરણ ગોઠવીને લોકો સામે મૂકી દીધું છે. રાહુલની વાત ઘણાંને ગળે ઊતરી રહી છે તેનું કારણ એ કે, અમેરિકાએ સત્તાવાર રીતે ભારતની ડિજિટલ ચુકવણી ઇકોસિસ્ટમની ઝાટકણી કાઢી છે. યુનાઇટેડ સ્ટેટ્સ ટ્રેડ રિપ્રેઝન્ટેટિવ (યુએસટીઆર) ઓફિસે પોતાના રિપોર્ટમાં લખેલું જ છે કે, ભારતનું યુપીઆઈ અને સ્થાનિક રૂ-પે (Ru-Pay) કાર્ડ્સને ભારત સરકાર પોતે પ્રમોટ કરે છે એ ખોટું છે. અમેરિકાની દલીલ છે કે, ઈલેક્ટ્રોનિક પેમેન્ટ સિસ્ટમમાં બધાં માટે સમાન તક હોવી જોઈએ, લેવલ પ્લેઇંગ ફિલ્ડ એટલે કે એકસરખું મેદાન હોવું જોઈએ પણ ભારત સરકાર યુપીઆઈ અને રૂ-પે કાર્ડ્સને પ્રોત્સાહન આપીને વિદેશી કંપનીઓ માટે અવરોધ પેદા કરી રહી છે.

વિશ્વમાં વિઝા અને માસ્ટરકાર્ડ સૌથી મોટી પેમેન્ટ કંપનીઓ છે. અમેરિકાની આ બંને કંપનીઓ પણ વરસોથી ઝીરો પર્સેન્ટ મર્ચન્ટ ડિસ્કાઉન્ટ રેટ (એમડીઆર) આધારિત યુપીઆઈ સિસ્ટમનો વિરોધ કરે છે, તેમની દલીલ પણ એ જ છે કે, ફ્રી ટ્રાન્ઝેક્શન મોડેલના કારણે અનલેવલ પ્લેઇંગ ફિલ્ડ ઊભું થયું છે તેથી આખી દુનિયામાં સ્વીકૃત સ્ટાન્ડર્ડ ફી-ચાર્જિંગ બિઝનેસ પર ખતરો છે. વિઝા અને માસ્ટરકાર્ડ સહિતની કંપનીઓનું બનેલું અમેરિકન ક્રેડિટ અને ડેબિટ કાર્ડ નેટવર્ક દરેક સ્વાઇપ પર વેપારીઓ પાસેથી ચોક્કસ ટકાવારી ફી તરીકે વસૂલે છે તેથી ભારતમાં પણ એવું મોડલ હોવું જોઈએ એવો તેમનો આગ્રહ છે. ભારતમાં અત્યારે સૌથી મોટી યુપીઆઈ કંપનીઓ ગૂગલ પે અને ફોનપે છે. ફોનપે વોલમાર્ટ ગ્રૂપની કંપની છે તેથી આ બંને કંપનીઓ અમેરિકાની છે. આ બંને કંપનીઓ મારફતે ભારતમાં અબજોનાં ટ્રાન્ઝેક્શન્સ થાય છે પણ બદલામાં કંઈ મળતું નથી તેથી તેમનું પણ દબાણ છે જ.

મોદી સરકારે આ દબાણ કે આગ્રહને કાને ધર્યા વિના ભારતની યુપીઆઈ સિસ્ટમને મજબૂત કરવા પર ધ્યાન કેન્દ્રિત કર્યું તેથી અમેરિકા વરસોથી આપણા પર ધૂંઆપુંઆ છે પણ કશું કરી શકતું નહોતું કેમ કે ભારતમાં ભારત સરકારનું રાજ ચાલે છે, અમેરિકાનું નહીં. હવે યુપીઆઈ સિસ્ટમ વિદેશમાં પણ પ્રચલિત થઈ રહી છે ને દુનિયાના ઘણા દેશો ભારતની યુપીઆઈ સિસ્ટમને માન્યતા આપી ચૂક્યા છે. સિંગાપોર, દુબઈ, મોરેશિયસ સહિતના દેશોમાં યુપીઆઈથી પેમેન્ટ માન્ય છે તેના કારણે અમેરિકાને બે રીતે ફટકો પડી રહ્યો છે.

પહેલો ફટકો અમેરિકન કંપનીઓના કાર્ડના વપરાશમાં થઈ રહેલા ઘટાડાના કારણે પડ્યો છે જ્યારે બીજો ફટકો ભારતીય રૂપિયાથી વધારે ને વધારે પ્રમાણમાં લેવડદેવડ થઈ રહી છે તેમના કારણે પડી રહ્યો છે. પહેલાં દુબઈ, સિંગાપોર કે મોરેશિયસ જતા ભારતીયો માસ્ટરકાર્ડ કે વિઝા કાર્ડથી પેમેન્ટ કરતાં ને તેમાં કમિશન મળતું તેથી અમેરિકન કંપનીઓને ઘી-કેળાં હતાં. હવે યુપીઆઈથી સીધું ખાતામાંથી જ પેમેન્ટ કરી દેવાય છે એટલે કમિશન બંધ થઈ ગયું તેનો કકળાટ છે. પહેલાં પેમેન્ટ કરવા માટે એક ચલણ આપીને બીજું ચલણ લેવું પડતું તેમાં અમેરિકાની કંપનીઓ કમાતી હતી. હવે રૂપિયો ઘણા દેશોમાં ચાલે છે તેથી કન્વર્ઝન ચાર્જ બંધ થઈ ગયો તેના કારણે પણ અમેરિકાના પેટમાં દુઃખી રહ્યું છે. ભારત સાથેના વ્યાપાર કરારમાં આ મુદ્દાને સમાવવા માટે પણ અમેરિકાનું દબાણ હતું જ તેથી રાહુલની વાત ઘણાંને ગળે ઊતરી છે.

મોદી સરકારે યુપીઆઈને મજબૂત કરીને સારું કામ કર્યું છે. હવે તેના પર ટેક્સ લગાવીને સારું કામ ધોવાઈ નહીં એ જવું જોઈએ.

## આજનું પંચાંગ

પંડિત જિતેન હરિહર મહેસાણાવાળા

દક્ષિણાયન-સૌરશરદઋતુ, ગુરુવાર, તા. ૧૭-૯-૨૦૨૬, સૂર્ય ષષ્ઠી, કાર્તિક સ્વામી દર્શન,

- ભારતીય દિનાંક ૨૬, માહે ભાદ્રપદ, શકે ૧૯૪૮
- વિક્રમ સંવત ૨૦૮૨, શા. શકે ૧૯૪૮, ભાદ્રપદ સુદ-૬
- જૈન વીર સંવત ૨૫૫૨, માહે ભાદ્રપદ, તિથિ સુદ-૬
- પારસી શહેનશાહી રોજ ૪થો શહેરેવર, માહે ૨જો અર્દીબહેશ્ત, સને ૧૩૯૬
- પારસી કદમી રોજ ૪થો શહેરેવર, માહે ૩જો ખોરદાદ, સને ૧૩૯૬
- પારસી ફસલી રોજ ૧લો હોરમજદ, માહે ૭મો મેહેર, સને ૧૩૯૫
- મુસ્લિમ રોજ ૫મો, માહે ૪થો રબી ઉલ આખર, સને ૧૪૪૮
- મીસરી રોજ ૬ઠ્ઠો, માહે ૪થો રબી ઉલ આખર, સને ૧૪૪૮
- નક્ષત્ર અનુરાધા રાત્રે ક. ૧૯-૫૪ સુધી, પછી જયેષ્ઠા
- ચંદ્ર વૃશ્ચિકમાં ● ચંદ્ર રાશિ નામાક્ષરઃ વૃશ્ચિક (ન, ય)
- સૂર્યોદયઃ મુંબઈ ક. ૦૬ મિ. ૨૭, અમદાવાદ ક. ૦૬ મિ. ૨૭, સ્ટા .ટા.
- સૂર્યાસ્તઃ મુંબઈ ક. ૧૮ મિ. ૩૮, અમદાવાદ ક. ૧૮ મિ. ૪૦, સ્ટા. ટા.
- -: મુંબઈ સમુદ્રમાં ભરતી ઓટ :-
- ભરતીઃ બપોરે ક. ૧૫-૦૨, મધ્યરાત્રિ પછી ક. ૦૪-૧૨ (તા. ૧૮)
- ઓટઃ સવારે ક. ૦૯-૧૨, રાત્રે ક. ૨૧-૨૧
- વ્રત પર્વાદિઃ વિક્રમ સંવત ૨૦૮૨, ‘પિંગલ’ નામ સંવત્સર, શાલિવાહન શક સંવત ૧૯૪૮, ‘પરાભવ’ નામ સંવત્સર, ભાદ્રપદ શુક્લ - ષષ્ઠી. સૂર્ય ષષ્ઠી, કાર્તિક સ્વામી દર્શન, નિરયન સૂર્ય કન્યા રાશિમાં સવારે ક. ૦૭-૫૧. મું. ૩૦ સામ્યાર્ઘ, સંક્રાંતિ પુણ્યકાળ ૦૭-૫૧ થી ૧૪-૧૫ વિંછુડો, સોમનાથ વ્રત (ઓરિસ્સા), જયેષ્ઠા ગૌરી આહ્વાન, મેલાપાટ (કાશ્મીર), બલરામ જયંતી.
- શુભાશુભ દિનશુદ્ધિઃ સંક્રાંતિ પુણ્યકાળમાં સાંસારિક, શુભ કાર્ય વર્જ્ય છે.
- મુહૂર્ત વિશેષઃ શ્રી વિષ્ણુ-લક્ષ્મી પૂજા, ગુરુ-શનિ ગ્રહદેવતાનું પૂજન, અગ્નિદેવતાનું પૂજન, નાગકેસરના ઔષધીય પ્રયોગો, વિશ્વકર્મા પૂજા, સંક્રાંતિ પુણ્યકાળમાં તીર્થસ્નાન, દેવઋષિ, સૂર્ય-વિષ્ણુ તર્પણ પૂજા, પિતૃતર્પણ શ્રાદ્ધ, દાન, જાપ, તપ, નાગકેસરના ઔષધીય પ્રયોગો, શુદ્ધ સમયમાં અગાઉ વાસ્તુપૂજા થયેલ ઘરમાં રહેવા જવું. પરદેશ ગમનનું પસ્તાનું, પ્રયાણ શુભ, મુંડન કરાવવું નહિ, નવા વસ્રો, આભૂષણ, મહેંદી લગાવવી, વાસણ, વાહન, યંત્ર, દસ્તાવેજ, પશુ લે-વેંચ, દુકાન, સ્થાવર લેવડદેવડ, ધાન્ય ભરવું, બી વાવવું, નામકરણ, દેવદર્શન, અન્નપ્રાશન, શાંતિપૌષ્ટિક, સર્વશાંતિ પૂજા, પ્રાણી પાળવા.
- શ્રી ગણેશ મહિમાઃ સૂર્ય છઠ્ઠ, સંતાન સુખ અને આરોગ્ય માટે સૂર્યદેવના પૂજન અને વ્રતનો મહિમા છે. ગણેશ એટલે ગણોનો ઈશ. ગણ શબ્દ, સમુદાય તથા વર્ગનો વાચક છે અને ઈશ એટલે સ્વામી, નિયામક કે અધિપતિ, ગણ શબ્દ ભગવાન શિવના અનુચરો માટે પણ વપરાય છે. બધા શિવગણોના ઈશ એટલે ગણેશ. ગણેશજી તે સર્વના સ્વામી છે. ચંદ્ર-શનિ, ચંદ્ર-ગુરુ, ચંદ્ર હર્ષલ અશુભ યોગ હોય તેમણે બ્રાહ્મણ દ્વારા શ્રી ગણેશ હવન અને પંચતત્ત્વોની પૂજા કરાવવી, કાર્તિક સ્વામી, ભગવાન કાર્તિકેય એ શિવ અને પાર્વતીના મોટા પુત્ર તથા દેવોના સેનાપતિ છે. દક્ષિણ ભારતમાં મુરુગન અથવા સુબ્રમણ્યમ તરીકે પૂજાય છે. કાર્તિક સ્વામીના દર્શન માટે ચોક્કસ તિથિઓ રહેલી છે. કાર્તિક સ્વામીના દર્શનથી કુંડળીમાં મંગળદોષ હળવો થાય છે. જમીન કે સંપત્તિના વિવાદોથી મુક્તિ મળે છે. સાહસ, આત્મવિશ્વાસ, શૌર્યતા પ્રાપ્ત થાય છે.
- આચમનઃ ચંદ્ર-હર્ષલ પ્રતિયુતિ સ્થિર મનના, ચંદ્ર-શનિ ત્રિકોણ માતાપિતાથી લાભ થાય ચંદ્ર-ગુરુ ત્રિકોણ સહાનુભૂતિવાળા.
- ખગોળ જ્યોતિષઃ ચંદ્ર-હર્ષલ પ્રતિયુતિ, ચંદ્ર-શનિ ત્રિકોણ, ચંદ્ર-ગુરુ ત્રિકોણ મંગળ પુનર્વસુ યુતિ થાય છે. ચંદ્ર જયેષ્ઠાના તારા સાથે યુતિ કરે છે.
- ગ્રહગોચરઃ સૂર્ય-સિંહ/કન્યા, મંગળ-મિથુન, માર્ગી બુધ-કન્યા, માર્ગી ગુરુ-કર્ક, શુક્ર-તુલા, વક્રી શનિ-મીન, રાહુ-કુંભ, કેતુ-સિંહ, વક્રી હર્ષલ-વૃષભ, વક્રી નેપ્ચ્યુન-મીન, વક્રી પ્લુટો-મકર.

## મુખ્બિરે ઈસ્લામ

અનવર વલિયાણી
anwar.v@bombaysamachar.com

# અલ્લાહની મૌજૂદગીનો અહેસાસ સેતાનના બહેકાવાથી બચાવે

**મઝહબે** ઈસ્લામ એક એવો સંપૂર્ણ દીન છે જેણે માનવીને વિચારવાની ને’મત (કૃપા) અતા ફરમાવી છે. આવા આ ઉમદા ધર્મનો જો સાચી દિશામાં ઉપયોગ કરવામાં આવે તો દુનિયાનો એવો કોઈ કોયડો - પ્રશ્ન નથી જેનું માર્ગદર્શન મળે નહીં. મન હોય તો માળવે જવાય એ કહેવત અનુસાર એક નિયતથી વિચારવામાં આવે તો જન્મથી મૃત્યુ સુધીના, જન્નતથી દોઝખ સુધીના તમામ પ્રશ્નોના જવાબો બુદ્ધિપૂર્વક સમજાય તેવી રીતે મળી રહે છે. ઉદાહરણ તરીકે પાકો - પાકિઝા અને સુખી જીવન જીવવા માટે ઈસ્લામે આ કરો અને આ ન કરોની જે હિદાયત આપી છે તેની સાથે એ પણ સ્પષ્ટતા કરી છે કે સદાચારી જીવન જીવશો અને નેકીના પુણ્યના કાર્ય કરશો તો તેનો બદલો માનસિક શાંતિરૂપે આ દુનિયામાં તો મળશે, પરંતુ આખેરત (પરલોક)માં તો ભરપૂર અને કાયમી સુખ મળશે. જ્યારે બદી અને ગુમરાહીનું જીવન તમને આખેરતના અઝાબ અને ભયંકર તકલીફો તરફ દોરી જશે.

અલ્લાહતઆલાના આ વાયદા પર માનવીને ઈમાન અને ત્યાર પછી યકિન પેદા થાય તેનું જીવન કામિયાબ થયું ગણાય, પરંતુ આવું મજબૂત ઈમાન અને વિશ્વાસ પેદા કરવું આસાન-(સરળ) નથી. સેતાનનો અહીં પોતાનો કસબ અજમાવવાની પૂરી સ્વતંત્રતા મળે છે એવી દલીલ કરીને કે સજા અને જજા અને જન્નત - દોઝખના વાયદાને તમો સાચો કેમ માનો છો, જ્યારે મૃત્યુ પછી એવો અનુભવ કરીને આ પૃથ્વી પર પાછું તો કોઈ આવ્યું નથી જેથી તેને સો ટકા સાચું માની ન શકો, તમોને સુધારવા માટે આ માત્ર કલ્પના પણ કેમ ન હોય? આવી મજબૂત દલીલ કરીને સેતાન માનવીને યકિનની મંઝિલ સુધી પહોંચવા જ ન દે. એ આપણો અનુભવ છે. સેતાન સાથેના આ યુદ્ધમાં માનવીએ સફળ થવું હોય તો પરવરદિગારે આલમ પાસે ગીરીયાજારી કરી દુઆ માગતા રહેવું જોઈએ કે તે સેતાનના વસવસાથી ‘બચાવતો રહે અને અલ્લાહતઆલા પોતાના દાખવેલા માર્ગે ચાલવાની નેક તૌફિક (સમજ) અદા કરતો રહે.

એક વખત સજા અને જજાના ઈસ્લામના પાયાના અટલ સિદ્ધાંતમાં શક પેદા થયો એટલે તેને રૂહની બીમારી લાગુ પડી સમજો. જે રીતે આ વાયદા પર ઈમાન અને યકિન લાવવું મુશ્કેલ છે તેવી જ રીતે શકને દૂર કરવો પણ એટલો જ મુશ્કેલ છે. ઈસ્લામને સારી રીતે સમજવો હોય તો આવા શકને દૂર કરવો જ રહ્યો તે વગર ઈસ્લામ કદી સમજી શકાય નહીં. એટલે અલ્લાહતઆલાની મદદ લઈને સેતાનની ગુમરાહીથી બચવું રહ્યું. જો ઈસ્લામના દાયરામાં રહેવું હોય, ઈસ્લામની ખૂબીઓને સમજવી હોય તો પાક પરવરદિગારના આ વાયદાને આસ્થાપૂર્વક દિલમાં અંકિત કરી દેવો જોઈએ. આવું જો થઈ શકે તો જીવનમાં વિચારોની ક્રાંતિ આવશે તથા અલ્લાહ અને આખેરતને સમજયાનો આનંદ મળશે. આત્મવિશ્વાસ એટલો વધી જશે કે સાચા-ખોટાના ભેદને તરત પારખી શકીશું. ગુના તો આ ઈમાન અને યકિનની રોશનીમાં આપણને દીવા જેવા સ્પષ્ટ દેખાશે એટલે બદી તરફ જવાનો તો પ્રશ્ન જ ખડો થતો નથી. વિચારોની આવી ક્રાંતિ વ્યક્તિનાં આત્માને તંદુરસ્ત બનાવશે.

ઉપરાંત આ વિચારસરણીમાં બીજા પણ અનેક લાભો છે. બીજાઓ જે કહે છે તે કરી શકતા નથી પણ જે વિચારશો તે કરી શકવાની શક્તિ પ્રાપ્ત થશે. તમારી વાણી અને વર્તનનું અંતર ઘટતું જશે. તમે જે જાહેરમાં વિચારો વ્યક્ત કરતા હશો તેવો જ અમલ એકાંતમાં પણ કરી શકાશે, કારણ કે તમારો એ વિશ્વાસ હશે કે હું એકલો નથી. મારા અમલ અને વિચારોને કોઈ જોઈ રહ્યું છે. ઈસ્લામનું આ તત્ત્વજ્ઞાન જીવનને કામિયાબી તરફ લઈ જાય છે અને શકની બીમારીથી બચાવે છે. આમીન, તથાસ્તુ, ઈશ્વર, અલ્લાહ સૌનું ભલું કરે, નેક સમજ અતા કરે.

* * *

**સમજ સુખ અપાવે નાસમજ દુઃખ નોતરે**

જગતમાં અનેક લોકો વસે છે. સૌની શક્તિ અને નસીબમાં તફાવત હોય છે અને આ પ્રણાલિ આખેરત સુધી રહેવાની. આપણી પાસે છે તે આપણું અને એનાથી સંતોષ રાખીને જીવીએ તો આપણને કોઈ દુઃખીયા ચલિત કરી શકે નહીં, પરંતુ જ્યાં બીજાની શક્તિ કે સમૃદ્ધિ તરફ નજર રાખીને આપણી સમૃદ્ધિ અને શક્તિને સરખાવવાનો - મુલવવાનો પ્રયત્ન કરીશું તો સમજી લેજો કે દુઃખને પ્રારંભ થઈ ચૂક્યો છે.

આ પરિસ્થિતિમાંથી છુટકારો મેળવવા અલ્લાહ પાસે દુઆ માગતા રહેવી જોઈએ કે - ‘યા પરવરદિગાર, મને મારી હસદથી અને બૂરાઈ પેદા થાય તેનાથી મારું રક્ષણ કર, કારણ હસદને હું રોકી શકવા સમર્થ નથી, પરંતુ તું જરૂર છે.’

દુઆમાં દયા રહેલી છે અને તે પણ જો સાચા હૃદયે માગવામાં આવે તો તે કબૂલ ન થાય તેવું બને જ નહીં. અલ્લાહ રબ્બ, રહેમાન, રહીમ, કરીમ અને આપણી જાન-માલ-આલો ઔલાદનો માલિક છે તે આપણી સુખાકારી માટે બંધાયેલો છે. માટે સમજથી સુખ, અણસમજથી દુઃખ નિર્માણ થાય છે તે સાદી-સરળ વાતને સમજવી રહી.

* * *

**સાપ્તાહિક સંદેશઃ**

મોત આવતા પહેલાં પાછલા ગુનાઓની ઈસ્લાહ, સુધારણા કરી લેવી જોઈએ, કેમકે આપણમાં જહન્નમ, દોઝખના અઝાબ, દુઃખ, કષ્ટ, વિપત્તિ, યાતના, સજાને સહન કરવાની શક્તિ નથી.

* મોત આપણા માથા પર જ ભમી રહી છે. એમ સમજો કે આ તમારા જીવનનું છેલ્લું વરસ છે, છેલ્લો સમય છે.

## પહેલા પાનાનું ચાલુ

### યુપીઆઇ ટૅક્સની

કરતા કહ્યું છે કે તેઓ હવે રોકડ પેમેન્ટને પ્રોત્સાહન આપશે. આને કારણે હવે ફરી કૅશ કિંગ બનશે એવી આશંક સેવાઈ રહી છે. એક અગ્રણી સરકારી અધિકારીને જ્યારે પુછાયું કે શું સરકાર યુપીઆઇ પરના સૂચિત મર્ચન્ટ ડિસ્કાઉન્ટ રૅટ (એમડીઆર) ચાર્જને પાછો ખેંચવા વિચારણા કરી રહી છે? ત્યારે તેમણે જવાબમાં જણાવ્યું હતું કે સરકારે યુપીઆઇ દ્વારા ચુકવણી પર ચાર્જ લેવાનો નિર્ણય વ્યાપક હિત અને સલામતીને ધ્યાનમાં રાખીને લીધો છે તેમ જ તેનો અમલ ૧૫ ઑક્ટોબરથી કરવા સરકાર કટિબદ્ધ છે. આ ચાર્જ પાછો ખેંચવાનો સવાલ જ ઊભો નથી થતો.

વિપક્ષો આ ચાર્જને ‘મોદી ટૅક્સ’ કે ‘યુપીઆઇ ટૅક્સ’ ગણાવીને સરકાર દ્વારા અમેરિકાના દબાણ સામે ઝૂકીને લેવાયેલું પગલું ગણાવે છે.

લોકસભામાંના વિપક્ષના નેતા રાહુલ ગાંધીએ જણાવ્યું હતું કે મોદીજી અમેરિકા કે ટ્રમ્પના દબાણ સામે નમી ન જાઓ અને મક્કમ થઇને ઊભા થાઓ. ભૂતપૂર્વ વડાં પ્રધાન ઇન્દિરા ગાંધીજીને એક વખત પુછાયું હતું કે તમે જમણી બાજુ ઝૂકો છો કે ડાબી બાજુ. ત્યારે તેમણે જવાબ આપ્યો હતો કે હું ક્યારેય ઝૂકતી નથી, પણ ટટ્ટાર ઊભી રહું છું.

દરમિયાન, નાણાં મંત્રાલયે બુધવારે સ્પષ્ટતા કરી હતી કે યુપીઆઇ ટ્રાન્ઝેક્શન્સ પર ચાર્જ લાદવાનો નિર્ણય કોઇ વિદેશના દબાણ હેઠળ નથી લીધો. અમે ડિજિટલ પેમેન્ટ્સ બધાને પરવડી શકે એવા બનાવ્યા છે. ભારત સરકારે ચાર્જ લેવાનો નિર્ણય સ્વતંત્ર રીતે લીધો છે.

રિટેલ એસોસિયેશન ઑફ ઈન્ડિયા (આરએઆઈ)એ બુધવારે કહ્યું હતું કે ૦.૪ ટકા મર્ચંટ ડિસ્કાઉન્ટ રેટ (એમડીઆર) લાગુ કરવાના સરકારના નિર્ણયને કારણે તહેવારની સિઝન અગાઉ નાના વેપારીઓમાં ડિજિટલ પેમેન્ટની સ્વીકૃતિમાં રિવર્સ ટ્રેન્ડ જોવા મળી શકે છે.

એમએસએમઈ રિટેલરો ઓછા માર્જિનથી જ ઑપરેટ કરતા હોવાને કારણે તેઓ રોકડાના વ્યવહાર તરફ વળે એવી શક્યતા છે.

સરકારનો આ નિર્ણય ડિજિટલ પેમેન્ટ સિસ્ટમ અપનાવવામાં આટલાં વરસો દરમિયાન સધાયેલી પ્રગતિ આડે અવરોધ ઊભો કરશે કેમ કે નાના વેપારીઓ હવે પેમેન્ટ રોકડેથી કે યુપીઆઈ મારફતે સ્વીકારવું એ અંગે બે વખત વિચારશે એવી ચેતવણી આરએઆઈએ આપી છે.

જો પ્રતિ વ્યવહાર પાંચ રૂપિયાનો ફ્લૅટ મર્ચન્ટ ડિસ્કાઉન્ટ રેટ (એમડીઆર) ચૂકવવો પડશે, તો સમગ્ર ભારતના પેટ્રોલ પમ્પ ડીલરોએ ૨,૦૦૦ રૂપિયા કે તેથી વધુના યુપીઆઈ વ્યવહારો સ્વીકારવાનું બંધ કરીને માત્ર રોકડ વ્યવહાર અપનાવવાની ચીમકી આપી છે. ડીલરોનું કહેવું છે કે આ ચાર્જ તેમના ઓછા નફાના માર્જિનને વધુ ઘટાડી દેશે. દિલ્હી એનસીઆર, પંજાબ, ઉત્તર પ્રદેશ, મુંબઈ, કર્ણાટક અને રાજસ્થાનના ડીલરોએ જણાવ્યું હતું કે કોઈપણ સ્વરૂપનો એમડીઆર તેમના પ્રતિ લિટર આશરે ૨.૪૦-૩.૪૦ રૂપિયાના ખૂબ ઓછા માર્જિન પર વધારાનો બોજ છે; આ માર્જિન સરકાર દ્વારા તેની ઓઈલ માર્કેટિંગ કંપનીઓ (ઓએમસી) મારફતે નક્કી કરવામાં આવે છે. વિપક્ષોએ વડા પ્રધાન નરેન્દ્ર મોદીની આકરી ટકોર કરતા કહ્યું હતું કે તેમણે નોટાની નવી વ્યાખ્યા ‘નરેન્દ્રસ ઓનગોઈંગ ટ્રમ્પ એપીસમેન્ટ’(નરેન્દ્રનું ટ્રમ્પ તુષ્ટીકરણ ચાલુ) કરી છે. વિરોધ પક્ષોએ કહ્યું હતું કે આને લીધે મોટા ભાગની જણસોના ભાવ ઊંચકાશે. (એજન્સી)

### પાકિસ્તાની નૌકાદળનું

આપી હતી. ભારતના વિદેશ મંત્રાલયે નવી દિલ્હીમાંના પાકિસ્તાનના હાઇ કમિશનના ચાર્જ ધિ અફૅર્સને બોલાવ્યા હતા અને પાકિસ્તાનના નૌકાદળના આવા ગેરવર્તન સામે વિરોધ નોંધાવ્યો હતો.

આ ઉપરાંત, ઇસ્લામાબાદમાંના ભારતીય ચાર્જ ધિ અફૅર્સને પાકિસ્તાની વિદેશ મંત્રાલય સમક્ષ આ બાબતે વિરોધ નોંધાવવા સૂચના અપાઇ હતી.

પાકિસ્તાન નૌકાદળનું પેટ્રૉલિંગ માટેનું જહાજ ‘હુનૈન’ ૧૫ સપ્ટેમ્બરની સાંજે ઉત્તર અરબી સમુદ્રમાં નિયમિત સર્વિલન્સ મિશન પરના ભારતીય યુદ્ધજહાજની બહુ નજીક ઘણી ઝડપથી આવીને અથડાયું હતું. આ ઘટનામાં પાકિસ્તાનના જહાજને જ ઘણું નુકસાન થયું હતું, પરંતુ ભારતીય યુદ્ધજહાજને ખાસ નુકસાન નહોતું થયું.

ભારતના વિદેશ મંત્રાલયની અખબારી યાદીમાં જણાવાયું હતું કે અમે પાકિસ્તાનના સંબંધિત સત્તાવાળાને તેઓના લશ્કરના બધા એકમને બન્ને દેશ વચ્ચે ૧૯૯૧માં થયેલા કરારનું પાલન કરવા સૂચના આપવા ચેતવણી આપી હતી.

ભારતના વડા પ્રધાન ચંદ્રશેખર હતા ત્યારે નવી દિલ્હીમાં ભારત અને પાકિસ્તાન વચ્ચે ૧૯૯૧ની ૭ એપ્રિલે આપસમાં વિશ્વાસ ઊભો કરવા થયેલા કરારની કલમ ૧૦માં સ્પષ્ટ શબ્દોમાં કહેવાયું છે કે બન્ને દેશના નૌકાદળે પોતાનાં જહાજો અને સબમરીન આંતરરાષ્ટ્રીય જળસીમામાં એકબીજાના નૌકાદળના જહાજ કે સબમરીનથી ત્રણ દરિયાઇ માઇલ કરતાં ઓછા અંતરે લઇ ન જવા. (એજન્સી)

### સુપ્રીમ કોર્ટમાં

સેટલમેન્ટ સિસ્ટમ ઍક્ટ ૨૦૦૭ની કલમ ૧૦એમાં સુધારાની બંધારણીય માન્યતાને પડકારતી આ અરજીમાં આક્ષેપ કરવામાં આવ્યો છે કે નવો નિયમ અમલકર્તાને ઈલેક્ટ્રોનિક માધ્યમથી કરવામાં આવતા કયા પેમેન્ટ પર ચાર્જ નહીં લાગે તે નક્કી કરવાની અનિયંત્રિત સત્તા આપે છે. (એજન્સી)

### શહઝાદ ભટ્ટીના

સામેલ છે. ભારતના લોકશાહી માળખા અને સાંપ્રદાયિક સૌહાર્દના માળખાને નિશાન બનાવીને, સિન્ડિકેટે દ્વેષપૂર્ણ ડિજિટલ સામગ્રી પણ પ્રકાશિત કરી છે, એવું તેમણે એક્સ પર જણાવ્યું હતું.

બુધવારે અમિત શાહ દ્વારા જારી કરાયેલ ગેઝેટ નોટિફિકેશનમાં યુએપીએની કલમ ૩૫(૧)(એ)નો ઉપયોગ કરીને કાયદાની પ્રથમ અનુસૂચિમાં ‘‘શહઝાદ ભટ્ટી નેટવર્ક (એસબીએન)’’ નો સમાવેશ કરવામાં આવ્યો છે, જે પ્રતિબંધિત આતંકવાદી સંગઠનોની યાદી આપે છે. કેન્દ્રનું માનવું છે કે એસબીએન આતંકવાદમાં સામેલ છે અને ભારતમાં આતંકવાદના વિવિધ કૃત્યોમાં ભાગ લીધો છે. (એજન્સી)

### ઇપીએફઓની

સંગઠન(ઇપીએફઓ) હેઠળ ફરજિયાત કવરેજ માટે પગાર મર્યાદા ૧૫,૦૦૦ રૂપિયાથી વધારીને ૨૫,૦૦૦ રૂપિયા પ્રતિ માસ કરવાના પ્રસ્તાવને મંજૂરી આપી હતી. પગાર મર્યાદામાં આ ફેરફાર ૧૨ વર્ષ પછી કરવામાં આવ્યો છે.

માહિતી અને પ્રસારણ પ્રધાન અશ્વિની વૈષ્ણવે એક પ્રેસ બ્રીફિંગમાં જણાવ્યું કે આ નિર્ણયથી ૫૧ લાખથી વધુ કામદારો ફરજિયાત ઇપીએફઓ કવરેજના દાયરામાં આવશે. જેનાથી કામદારો માટે સામાજિક સુરક્ષા રક્ષણનો વ્યાપ નોંધપાત્ર રીતે વધશે.

### વડનગરથી વારાણસી

કાર્યક્રમો યોજ્યા છે. મોદીએ ઑક્ટોબર ૨૦૦૧થી મે ૨૦૧૪ સુધી ગુજરાતના મુખ્ય પ્રધાન તરીકે સેવા આપી હતી. મે ૨૦૧૪માં તેઓ વડા પ્રધાન બન્યા હતા. તેઓ ૨૦૧૪માં વારાણસીમાંથી સંસદસભ્ય બન્યા હતા. તેમણે ૨૦૧૯ અને ૨૦૨૪માં આ બેઠક જાળવી રાખી હતી. વારાણસીથી વડનગર ‘સેવા સંકલ્પ’ બાઈક રૅલી પણ ગુરુવારે યોજાશે અને મોદીના જન્મસ્થાન વડનગરથી વારાણસી સુધીની બાઈક રૅલીનો પણ ઊલટી દિશામાં પ્રારંભ થશે. (એજન્સી)

### ડ્રોનનું ટાર્ગેટ

અબ્દેલ-ફત્તાહ એલ-સિસ્સીને મળ્યા હતા અને તેમની પાસે લશ્કરી મદદ માગી હતી. અગાઉ, અમેરિકાના પ્રમુખ ડોનલ્ડ ટ્રમ્પે સઉદીને હુતી સામેની લડાઇમાં સહાય કરવાનો સ્પષ્ટ ઇનકાર કર્યો હતો.

હુતીના હુમલાને લીધે બાબ-અલ-મંડેબ દરિયાઇ માર્ગ અને હોર્મુઝ ખાડીમાંથી પસાર થતાં જહાજો માટે મોટું જોખમ ઊભું થયું છે. રાતા સમુદ્રથી લઇને એડનના અખાત સુધીનો અને અરબી સમુદ્રમાંનો ઘણો જળમાર્ગ જહાજો માટે હવે જોખમી બની ગયો છે. દરમિયાન, મક્કા પર હુમલાના કરાયેલા પ્રયાસને ભારતે વખોડી નાખ્યો હતો અને પશ્ચિમ એશિયામાં ફરી શાંતિ સ્થાપવા પગલાં લેવા અનુરોધ કર્યો હતો.

સઉદી સત્તાવાળાઓએ જણાવ્યું હતું કે હુતી બળવાખોરોએ મંગળવારે સાંજે મક્કા પર હુમલો કરવા ડ્રોન મોકલ્યું હતું, પરંતુ અમે તેને તોડી પાડ્યું હતું. મક્કા દુનિયાભરના મુસલમાનોનું પવિત્ર ધાર્મિક સ્થળ છે. અગાઉ, હુતી બળવાખોરોએ ૨૦૧૭માં મક્કા પર બેલિસ્ટિક મિસાઇલ છોડ્યું હતું. (એજન્સી)

### અભિનેતા અનંત

આ સર્વોચ્ચ એવૉર્ડ આપવામાં આવશે.

વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ પણ અનંત નાગને અભિનંદન અને શુભેચ્છા આપ્યા હતા. તેમનાં અભિનયે દાયકાઓ સુધી ભારતીય સિનેમા-ખાસ કરીને કન્નડ ફિલ્મોમાં અસાધારણ ઓજસ પાથરી લોકોને આકર્ષ્યા હતા. (એજન્સી)

### અમે યુદ્ધનો

છે. ઇરાન અને અમેરિકા વચ્ચેના લશ્કરી સંઘર્ષને કારણે હોર્મુઝ સ્ટ્રેટમાં જહાજો અને ઓઈલ ટેન્કરોની અવરજવર પહેલેથી જ મર્યાદિત થઈ ગઈ છે, જેના પરિણામે વ્યાપક ઊર્જા સંકટ પેદા થયું છે. અરાઘચીની આ મુલાકાત નવી દિલ્હીમાં ૧૨-૧૩ સપ્ટેમ્બર દરમિયાન યોજાયેલી બ્રિક્સ સમિટ દરમિયાન વાંગ અને રશિયાના વિદેશ મંત્રી સર્ગેઈ લાવરોવ સાથેની તેમની ચર્ચાઓના થોડા દિવસો બાદ થઈ રહી છે. અરાઘચી આ સમિટમાં ઇરાનના પ્રમુખ મસૂદ પેઝેશ્કિયન સાથે ગયા હતા. (એજન્સી)

# ભિવંડીમાં બિલ્ડિંગના પાર્કિંગ એરિયામાં આગથી રહેવાસીઓમાં ગભરાટઃ ૧૪ ટૂ-વ્હીલર ખાક

## જીવ બચાવવા લોકો અગાશી તરફ દોડ્યાઃ શૉર્ટસર્કિટને કારણે આગ લાગ્યાની શક્યતા

થાણેઃ ભિવંડીમાં બિલ્ડિંગના બેઝમેન્ટમાં આવેલા પાર્કિંગ એરિયામાં મળસકે લાગેલી આગથી રહેવાસીઓમાં ગભરાટ ફેલાઈ ગયો હતો. આગ અને ધુમાડો ઝડપભેર ફેલાતાં જીવ બચાવવા રહેવાસીઓ અગાશી તરફ દોડ્યા હતા. આગમાં ૧૪ ટુ-વ્હીલર ખાક થઈ ગઈ હતી, જ્યારે એક મહિલાને હૉસ્પિટલમાં દાખલ કરવી પડી હતી.

પોલીસના જણાવ્યા મુજબ આગની ઘટના ભિવંડીના ખંડુપાડા વિસ્તારમાં બુધવારના મળસકે ૩.૪૫ વાગ્યાની આસપાસ ઉમર એપાર્ટમેન્ટમાં બની હતી. બિલ્ડિંગના પાર્કિંગ એરિયામાં અચાનક આગ ફાટી નીકળી હતી. આગમાં ૧૪ બાઈક-સ્કૂટર સળગીને ખાક થઈ ગયા હતા.

આગ શૉર્ટ સર્કિટને કારણે લાગી હોવાનો અંદાજ રહેવાસીઓએ વ્યક્ત કર્યો હતો. જોકે આગ લાગવાના ચોક્કસ કારણની તપાસ શાંતિનગર પોલીસ કરી રહી છે.

ચાર માળના ઉમર એપાર્ટમેન્ટમાં પચીસ ફ્લૅટ આવેલા છે. આગ ઝપાટાભેર વધતાં બિલ્ડિંગમાં બધે ધુમાડો ફેલાઈ ગયો હતો. ભરઊંઘમાંથી જાગી ગયેલા રહેવાસીઓ ડરના માર્યા જીવ બચાવવા ટેરેસ પર પહોંચી ગયા હતા.

એક રહેવાસીના કહેવા મુજબ ચાર વાગ્યાની આસપાસ તેની ઊંઘ ઊડી ત્યારે કોલાહલ સંભળાતો હતો. બારીમાંથી જોયું તો આગ લાગી હોવાનું દેખાતું હતું. તરત જ દરવાજો ખોલી બહાર જવાનો પરિવારજનોએ પ્રયાસ કર્યો હતો, પરંતુ ધુમાડાને કારણે બધું ધૂંધળું દેખાતું હતું.

ધુમાડો એટલો બધો ફેલાયો હતો કે અમુક મહિલાઓને શ્વાસ લેવામાં તકલીફ થવા લાગી હતી. ત્રીજે માળે રહેતી એક મહિલાને ગૂંગળામણને કારણે હૉસ્પિટલમાં દાખલ કરવામાં આવી હોવાનું સૂત્રોનું કહેવું છે.

દરમિયાન આગની માહિતી મળતાં ભિવંડી-નિઝામપુરા મહાપાલિકાના ફાયર બ્રિગેડના જવાનો ઘટનાસ્થળે પહોંચી ગયા હતા.

કલાકમાં જ આગ પર કાબૂ મેળવવામાં આવ્યો હતો. વીજ કંપનીના અધિકારીઓ પણ ઘટનાસ્થળે આવ્યા હતા. કહેવાય છે કે રહેવાસીઓ વીજ કંપનીના અધિકારીઓ પર રોષે ભરાયા હતા. જોકે પોલીસે મામલો શાંત પાડ્યો હતો. ■

# નવી મુંબઈ લોક અદાલતની મધ્યસ્થી બાદ છૂટાછેડા લેવા માગતા ચાર યુગલોએ સમાધાન કર્યું

નવી મુંબઈ : શનિવારે નવી મુંબઈના બેલાપુર સ્થિત ફેમિલી કોર્ટમાં યોજાયેલી 'રાષ્ટ્રીય લોક અદાલત' દરમિયાન કાઉન્સેલિંગ અને મધ્યસ્થતા દ્વારા વિવાદો ઉકેલાયા બાદ, છૂટાછેડાના આરે પહોંચેલા ચાર દંપતીઓએ તેમના લગ્નજીવનને ફરી એક તક આપવાનો નિર્ણય કર્યો હતો.

મહિનાઓથી અલગ રહેતા હતા અને છૂટાછેડા મેળવવા માટે કોર્ટમાં ગયેલા યુગલોને ન્યાયાધીશો, વકીલો અને કાઉન્સેલરો દ્વારા માર્ગદર્શન પૂરું પાડવામાં આવ્યું હતું. તેમને સલાહ આપવામાં આવી હતી કે તેઓ લગ્નજીવનનો અંત લાવવાને બદલે વાતચીત અને પરસ્પર સમજણ દ્વારા તેમના મતભેદો ઉકેલે.

મહારાષ્ટ્ર રાજ્ય કાનૂની સેવા સત્તામંડળ હેઠળ ૧૨ સપ્ટેમ્બરના રોજ રાષ્ટ્રીય લોક અદાલતનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમનું સંચાલન આર.ડી. સાવંત (પ્રિન્સિપાલ ડિસ્ટ્રિક્ટ એન્ડ સેશન્સ જજ અને અધ્યક્ષ, થાણે જિલ્લા કાનૂની સેવા સત્તામંડળ), સુભાષ આર. કાફરે (પ્રિન્સિપાલ જજ, ફેમિલી કોર્ટ, બેલાપુર), સી.વી. મરાઠે (જિલ્લા ન્યાયાધીશ, બેલાપુર અને અધ્યક્ષ, તાલુકા કાનૂની સેવા સમિતિ, બેલાપુર) અને રવીન્દ્ર પાલજંકર (સચિવ, થાણે જિલ્લા કાનૂની સેવા સત્તામંડળ) ના માર્ગદર્શન હેઠળ કરવામાં આવ્યું હતું. બેલાપુરના જિલ્લા ન્યાયાધીશ પી. એસ. ચંદુગાડેએ પેનલના વડા તરીકે સેવા આપી હતી, જ્યારે નવી મુંબઈ બાર એસોસિએશનના વકીલ ગાયત્રી કાલે પેનલના સભ્ય હતા.

આ લોક અદાલત નવી મુંબઈ બાર એસોસિએશનના પ્રમુખ એડવોકેટ સુનીલ મોકલ, ઉપપ્રમુખ એડવોકેટ સંદીપ રામકર, સચિવ એડવોકેટ વિકાસ મ્હાત્રે, ખજાનચી એડવોકેટ તુષાર રાઉત, કારોબારી સમિતિના સભ્યો, તાલુકા કાનૂની સેવા સમિતિના સ્ટાફ અને બેલાપુર ફેમિલી કોર્ટના કર્મચારીઓના સહયોગથી યોજવામાં આવી હતી.

સમાધાન કરનાર ચાર યુગલોનું નવી મુંબઈ બાર એસોસિએશન દ્વારા શુભેચ્છા સંદેશ ધરાવતાં પ્રમાણપત્રો અને ભેટો આપીને સન્માન કરવામાં આવ્યું હતું. ■

**મોદી સ્કૂલ ફ્રેન્ડ હૈ તો મુમકિન હૈ**

# ૮૧ વર્ષના વડીલને વિવાદાસ્પદ જમીન મળી

થાણેઃ વડા પ્રધાન નરેન્દ્ર મોદીના સ્કૂલ ફ્રેન્ડ હોવાનો દાવો કરનારા ૮૧ વર્ષના વૃદ્ધને મોટી રાહત મળી છે. આ વડીલ વડા પ્રધાનને મળ્યા એના થોડા દિવસો પછી જ ભાજપના વિધાનસભ્ય સાથે જોડાયેલી એક કંપનીએ તેમની સાથેના જમીન વિવાદમાં પીછેહઠ કરી હતી.

મહારાષ્ટ્રના થાણે જિલ્લાના મીરા રોડમાં રહેતા અસગર અલી વોહરાના જણાવ્યા અનુસાર તેમણે પીએમ મોદી સાથે ગુજરાતના વડનગરમાં બીએન સ્કૂલમાં અભ્યાસ કર્યો હતો. પાલઘર જિલ્લામાં જમીનના વિવાદની સીબીઆઈ તપાસની અપીલ સાથે તેઓ આઠમી સપ્ટેમ્બરે મોદીને મળ્યા હતા.અસગર અલી વોહરાના કહેવા અનુસાર આ મામલો ભાયંદર પૂર્વના નવઘરમાં ૨,૮૧૦ ચોરસ મીટરના પ્રાઇમ પ્લોટનો છે જે તેમણે ૧૯૮૯માં ખરીદ્યો હતો. ૨૦૧૧માં બે કંપની સ્વયં બિલ્ડર્સ અને સેવન ઇલેવન કન્સ્ટ્રક્શન્સ દ્વારા તેના પર અતિક્રમણ કરવામાં આવ્યું હોવાનો તેમણે આરોપ કર્યો હતો. વોહરા-પીએમ મુલાકાત બાદ સેવન ઇલેવન કન્સ્ટ્રક્શન પ્રાઇવેટ લિમિટેડએ હવે આ મામલામાં સંપૂર્ણપણે પીછેહઠ કરી છે.સત્તાવાર દસ્તાવેજો દર્શાવે છે કે કંપનીએ મીરા ભાઈંદર મ્યુનિસિપલ કોર્પોરેશનના આસિસ્ટન્ટ ડિરેક્ટર ઓફ ટાઉન પ્લાનિંગને એક પત્ર સુપરત કર્યો હતો, જેમાં પ્લોટ માટેનું કમેન્સમેન્ટ સર્ટિફિકેટ ઔપચારિક રીતે સોંપવામાં આવ્યું હતું.કંપનીએ જણાવ્યું હતું કે તેણે ૧૩ જૂન, ૨૦૧૯ના દિવસે રજિસ્ટર્ડ ડીડ દ્વારા પ્લોટ ખરીદ્યો હતો અને ૧૭ એપ્રિલ, ૨૦૨૬ ના રોજ બાંધકામ પરવાનગી મેળવી હતી, પરંતુ માલિકી વિવાદને કારણે તે પરવાનગી પરત કરી રહી હતી. (પીટીઆઈ)

# વસઈ - વિરાર રિડેવલપમેન્ટમાં ધાંધિયા

## અનેક લોકોનું નવા ઘરનું સપનું સાકાર ન થવાની ભીતિ

વસઈઃ વસઈ-વિરાર મ્યુનિસિપલ કોર્પોરેશન વિસ્તારમાં ૮૦ થી વધુ રિડેવલપમેન્ટ પ્રોજેક્ટ્સ બાંધકામ પરવાનગીઓ પર લાદવામાં આવેલા નિયંત્રણોને કારણે અટકી ગયા હોવાના અહેવાલ છે.પરિણામે અનેક ઇમારતોમાં રહેતા મૂળ રહેવાસીઓ મુશ્કેલ પરિસ્થિતિમાં મુકાયા છે.

અહેવાલો અનુસાર નિયમોનું ઉલ્લંઘન કરીને વધારાની એફએસઆઈ મંજૂર કરવામાં આવી હોવાનો આરોપ છે એવી ઇમારતોને ઓક્યુપેશનલ સર્ટિફિકેટ આપવાનું અને દસ્તાવેજો નોંધણી કરવાનું પાલિકા વહીવટી તંત્રએ બંધ કરી દીધું છે. આ પ્રતિબંધોએ આ પુનર્વિકાસ પ્રોજેક્ટ્સ સાથે સંકળાયેલા રહેવાસીઓ અને રોકાણકારોના ભવિષ્ય અંગે ચિંતા ઊભી કરી છે.

મ્યુનિસિપલ કોર્પોરેશનને નિયમોનું ઉલ્લંઘન કરીને વધારાના બાંધકામ વિસ્તારને મંજૂરી આપવામાં આવી હોવાનું જાણવા મળ્યા બાદ ૨૦૨૦ અને ૨૦૨૫ વચ્ચે મંજૂર કરાયેલા ૮૦થી વધુ પુનર્વિકાસ પ્રોજેક્ટ્સ મુશ્કેલીઓનો સામનો કરી રહ્યા છે. કોર્પોરેશને આ પ્રોજેક્ટ્સમાં વધારાના બાંધકામનું કામ અટકાવી દીધું છે અને અસરગ્રસ્ત પ્રોજેક્ટ્સમાં ફ્લેટ અને દુકાનો માટે વેચાણ કરારની નોંધણી અટકાવવા માટે જિલ્લા રજિસ્ટ્રારને પત્રો પણ મોકલ્યા છે. આ પરિસ્થિતિએ રિડેવલપમેન્ટ દરમિયાન ઘર ખરીદનારા લોકોની પણ ચિંતા વધારી છે.

ડેવલપર્સે મ્યુનિસિપલ કોર્પોરેશન પાસેથી મંજૂરી, પ્રારંભ પ્રમાણપત્ર અને રાજ્ય સરકારની મહારેરા સિસ્ટમ હેઠળ નોંધણી મેળવ્યા પછી રહેવાસીઓએ તેમના મૂળ ઘરો ખાલી કર્યા હોવાનું કહેવાય છે. ત્યારબાદ ઘણા ગ્રાહકોએ આ પ્રોજેક્ટ્સમાં રોકાણ કર્યું, જ્યારે ઘણા પ્રોજેક્ટ્સને રાષ્ટ્રીયકૃત અને સહકારી બેંકો પાસેથી લોન પણ મળી.

ભાજપના વિધાનસભ્ય રાજન નાઈકે આ મુદ્દો ઉઠાવ્યો છે અને પરિસ્થિતિને સામાન્ય નાગરિકો માટે ચિંતાનો વિષય ગણાવી છે. તેમણે મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસના હસ્તક્ષેપની માગ કરી જણાવ્યું છે કે શહેરી વિકાસ વિભાગના વરિષ્ઠ અધિકારીઓના નેતૃત્વમાં એક ખાસ સમિતિની રચના કરવામાં આવે જે દરેક પુનર્વિકાસ પ્રોજેક્ટની વ્યક્તિગત રીતે સમીક્ષા કરે અને યોગ્ય નિર્ણયો લે.

# યુવતીના અશ્લીલ ફોટા-વીડિયો વાઈરલ કરવાની ધમકી આપીને રૂપિયા પડાવ્યાઃ યુવકની ધરપકડ

મુંબઈઃ યુવતીના અશ્લીલ ફોટા અને વીડિયો વાયરલ કરવાની ધમકી આપીને રૂપિયા પડાવનારા પંજાબના યુવકની મુલુંડ પોલીસે ધરપકડ કરી હતી. આરોપીની ઓળખ સતનામ મનદીપ સિંહ (૨૨) તરીકે થઇ હોઇ તેણે યુવતી પાસે વધુ રૂપિયાની માગણી કરી હતી, પરંતુ યુવતીએ ઇનકાર કરતાં તેના વીડિયો અને ફોટા સગાંવહાલાં તથા અન્યોને મોકલી દીધા હતા.

મુલુંડમાં રહેતી ફરિયાદી યુવતીને ૧૧ જુલાઇના રોજ આરોપીએ સ્નૅપચૅટ પર મેસેજ પાઠવ્યો હતો, જેનો તેણે રિપ્લાય આપ્યો હતો. બંને વચ્ચે મિત્રતા થયા બાદ તેઓ એકબીજાને મેસેજ પાઠવવા લાગ્યાં હતાં અને ત્યાર બાદ મોબાઇલ પર તેમની વચ્ચે વાતચીત શરૂ થઇ હતી.

૨૮ જુલાઇએ આરોપીએ ફરિયાદીને વીડિયો કૉલ કર્યો હતો અને તેને નિર્વસ્ત્ર થવા માટે કહ્યું હતું. એ સમયે તેણે ફરિયાદીના અશ્લીલ ફોટા પાડી લીધા હતા અને વીડિયો પણ ઉતારી લીધો હતો. બીજે દિવસે તેણે ફરિયાદીને કૉલ કરી રૂપિયાની માગણી કરી હતી અને નવો આઇફોન ખરીદી આપવાનું કહ્યું હતું. ફરિયાદીએ ઇનકાર કરતાં તેના અશ્લીલ ફોટા અને વીડિયો વાયરલ કરવાની ધમકી તેણે આપી હતી. ફરિયાદીએ પૈસા આપ્યા છતાં આરોપીએ વધુ પૈસાની માગણી કરી હતી, જે ફરિયાદીએ આપવાનો ઇનકાર કરતાં તેના અશ્લીલ વીડિયો સગાંવહાલાં તથા અન્ય લોકોને પાઠવ્યા હતા. આરોપીએ ફરિયાદીનો અશ્લીલ વીડિયો તેની માતાના મોબાઇલ પર પાઠવ્યો હતો. માતાએ તેને કૉલ કરીને આ અંગે પૂછપરછ કરી હતી. આથી તે ગભરાઇ ગઇ હતી બાદમાં તેણે મુલુંડ પોલીસ સ્ટેશનમાં આરોપી વિરુદ્ધ ફરિયાદ નોંધાવી હતી. આ ફરિયાદને આધારે પોલીસે ગુનો દાખલ કરીને તપાસ આદરી હતી અને આરોપીને બાદમાં ઝડપી પાડ્યો હતો.■

# ધારાશિવ જિલ્લામાં ૮૦ દિવસથી વરસાદ નથી

છત્રપતિ સંભાજીનગરઃ મધ્ય મહારાષ્ટ્રના મરાઠવાડા પ્રદેશમાં આવેલા ધારાશિવ જિલ્લામાં ૮૦ દિવસથી વરસાદ પડ્યો નથી. આ અભાવને કારણે પાકને ૮૦ થી ૮૫ ટકા સુધીનું નુકસાન થઈ શકે છે એમ સરકારી અહેવાલમાં જણાવાયું છે.

જિલ્લા કલેક્ટર કચેરીએ અહેવાલમાં વધુમાં જણાવ્યું છે કે વરસાદના અભાવે ફૂલ અને પોપટા બેસવાના મહત્ત્વપૂર્ણ તબક્કા દરમિયાન ભેજનું ગંભીર દબાણ સર્જાયું હોવાથી પાકને અસર થઈ શકે છે. આ ભયાનક પરિસ્થિતિમાં ખેડૂતો ખેતરોમાંથી સૂકા છોડ પશુઓને ખવડાવી રહ્યા છે. ધારાશિવમાં સરેરાશ ૬૦૩.૧ મિમી. વરસાદની અપેક્ષા સામે ૩૧૦.૭ મિમી. વરસાદ પડ્યો, જે ફક્ત ૫૧.૫૧ ટકા છે.

અહેવાલમાં વધુમાં જણાવાયું છે કે જિલ્લામાં ખાધ ૪૯.૪૯ ટકા સુધી પહોંચી ગઈ છે, અને ૧૨ સપ્ટેમ્બર સુધીમાં જિલ્લાના મોટાભાગના ભાગોમાં વરસાદ ન પડ્યો હોય તેવા દિવસોની સંખ્યા ૮૦ પર પહોંચી ગઈ છે. જિલ્લામાં સરેરાશ ભૂગર્ભજળ સ્તર છેલ્લા પાંચ વર્ષની સરેરાશની સરખામણીમાં ૭.૦૨ મીટર ઘટ્યું છે. (પીટીઆઈ)

# સાવકી પુત્રી સાથે દુષ્કર્મના પ્રયાસના કેસમાં આરોપી નિર્દોષ

થાણેઃ થાણે જિલ્લામાં ૨૦૧૬માં બનેલી ૧૯ વર્ષની સાવકી પુત્રી પર દુષ્કર્મનો પ્રયાસ કરવાની ઘટનામાં સેશન્સ કોર્ટે આરોપીને નિર્દોષ છોડ્યો હતો. ઘરેલુ મતભેદમાંથી આરોપ કરાયો હતો અને ટ્રાયલ દરમિયાન સમાધાન થઈ ગયું હોવાનું અવલોકન કોર્ટે કર્યું હતું.

કલ્યાણ કોર્ટના એડિશનલ સેશન્સ જજ પી. પી. મુળેએ મંગળવારે આપેલા આદેશમાં આરોપીને ભારતીય દંડ સંહિતાની કલમ ૩૭૬, ૫૧૧, ૩૨૩, ૫૦૪ અને ૨૦૧ સહિત બધા આરોપમાંથી મુક્ત કર્યો હતો.

ફરિયાદ પક્ષનો આરોપ હતો કે ૧૮ જૂન, ૨૦૧૬ના પોતાની પસંદગીનું ભોજન નહીં બનાવવા બદલ આરોપીએ તેની સાવકી પુત્રી સાથે ઝઘડો કર્યો હતો અને પછી તેની સાથે શારીરિક સંબંધ બાંધવાનો પ્રયાસ કર્યો હતો. એ જ સમયે યુવતીની માતા ઘરે આવી પહોંચતાં તેને બચાવી લીધી હતી. બાદમાં આરોપીએ બન્નેની મારપીટ પણ કરી હતી.

જોકે ટ્રાયલ દરમિયાન યુવતી અને માતાએ ફેરવી તોળ્યું હતું અને ફરિયાદ પક્ષની વાતને ટેકો આપ્યો નહોતો. જોકે કોર્ટમાં જુબાની વખતે યુવતીએ કબૂલ્યું હતું કે આરંભિક અહેવાલમાં તેની સહી હતી, પરંતુ તેમાંના મુદ્દાઓ વિશે પોતે એકદમ અજાણ હતી અને સાવકા પિતા સામે એકેય વાંધાજનક શબ્દ ઉચ્ચાર્યો નહોતો. ફરિયાદ પક્ષ દ્વારા કરાયેલી ઊલટતપાસમાં તેણે આવી કોઈ ઘટના બની હોવાની વાતથી ઇનકાર કર્યો હતો.

ઉપરાંત, મૅજિસ્ટ્રેટ સમક્ષ માતા-પુત્રીએ નોંધાવેલા નિવેદનમાં પીડિતાએ ફ્રેન્ડ સાથે ફિલ્મ જોઈને ઘરે મોડેથી આવતાં ઝઘડો થયો હોવાનું કહ્યું હતું.

બચાવ પક્ષે એવી નોંધ કરી હતી કે તબીબી તપાસમાં પીડિતા પર ઇજાનાં કોઈ નિશાન દેખાયાં નહોતાં અને ઘરની સર્ચ તેમ જ ઘટનાસ્થળના પંચનામામાં પણ કોઈ પ્રત્યક્ષ પુરાવા મળ્યા નથી.

કોર્ટે આદેશમાં જણાવ્યું હતું કે ઉચિત પુરાવાને અભાવે આરોપી સામે લગાવવામાં આવેલા આરોપો શંકાની પાર સિદ્ધ થાય એવું કહી શકાય નહીં. (પીટીઆઈ)■

# અકસ્માતમાં ઘવાયેલી મહિલા, તેના બે પુત્રને ૧૬.૫ લાખ રૂપિયા વળતર ચૂકવવાનો આદેશ

થાણેઃ થાણે જિલ્લામાં મોટર એક્સિડેન્ટ ક્લેઇમ્સ ટ્રિબ્યુનલે (એમએસીટી) ૨૦૨૩માં જૂના મુંબઇ-પુણે હાઇવે પર ટેમ્પોની અડફેટમાં ગંભીર રીતે ઘવાયેલી મહિલા અને તેના બે પુત્રને ૧૬.૫૦ લાખ રૂપિયાનું વળતર ચૂકવવાનો આદેશ આપ્યો હતો.

ટ્રિબ્યુનલના સભ્ય આર.વી. મોહિતેએ મંગળવારે ન્યૂ ઇન્ડિયા એશ્યુરન્સ કંપની લિમિટેડને પ્રથમ વળતર ચૂકવવાનો અને વીમાની શરતોના ભંગ બદલ તે રકમ વાહનના માલિક પાસેથી વસૂલવાનો આદેશ આપ્યો હતો.

૨૭ માર્ચ, ૨૦૨૩ના રોજ પ્રતિભા વીરેન્દ્ર સિંહ (ત્યારે ૨૬ વર્ષની વયની) તેના બંને પુત્ર રચિત (ત્યારે ૬ વર્ષનો) અને નિતેશ (૫)ને શાળાથી લઇને પુણે જિલ્લાના માવળ તાલુકામાં આવેલા નાયગાંવમાં પોતાના ઘરે પાછી ફરી રહી હતી ત્યારે આ અકસ્માત થયો હતો.

તેઓ જૂના મુંબઈ-પુણે હાઇવે પર હૉટેલ નજીક માર્ગ ઓળંગી રહ્યાં હતાં ત્યારે પૂરપાટ વેગે આવેલા ટેમ્પોએ તેમને અડફેટમાં લીધાં હતાં.

અકસ્માતમાં ત્રણેય જણ ગંભીર રીતે ઘવાયાં હતાં અને તેમને સારવાર માટે હોસ્પિટલમાં દાખલ કરાયાં હતાં.

પુણે જિલ્લાની કામશેત પોલીસે આ પ્રકરણે ટેમ્પો ડ્રાઇવર ગણેશ રામપિસે વિરુદ્ધ ગુનો દાખલ કર્યો હતો અને પૂરપાટ વેગે તથા બેદરકારીપૂર્વક વાહન હંકારવા બદલ તેની સામે આરોપનામું દાખલ કરવામાં આવ્યું હતું. (પીટીઆઇ)

# પુણેમાં એમએસઆરટીસીની બસ ઊંધી વળતાં શાળાના ચાર વિદ્યાર્થી ઈજાગ્રસ્ત

પુણેઃ પુણે જિલ્લામાં બુધવારે મહારાષ્ટ્ર સ્ટેટ રોડ ટ્રાન્સપોર્ટ કોર્પોરેશન (એમએસઆરટીસી) દ્વારા સંચાલિત બસ ટેક્નિકલ ખામીને કારણે ઊંધી વળતાં શાળાના ચાર વિદ્યાર્થી ઘાયલ થયા હતા, એમ પોલીસે જણાવ્યું હતું.

જિલ્લામાં ખેડગાંવ અને સુપા વચ્ચે ઘાટ સેક્શનમાં આ અકસ્માત થયો હતો, જ્યારે ૩૦ પ્રવાસી (જેમાં મોટા ભાગના વિદ્યાર્થીઓ હતા)ને લઇ જનારી એમએસઆરટીસીની બસ ચઢાણ પર હતી ત્યારે કોઇક ટેક્નિકલ ખામીને કારણે આગળ વધી શકી નહીં અને પાછળની તરફ સરકવા લાગ્યા બાદ તે ઊંધી વળી ગઇ હતી. અકસ્માતમાં ચાર વિદ્યાર્થીને ઇજા પહોંચી હતી, એમ પુણે ગ્રામીણ પોલીસને દૌંડ ડિવિઝનના અધિકારીએ જણાવ્યું હતું.

બે વિદ્યાર્થીને નજીવી ઇજા પહોંચી હતી અને ખેડગાંવની હોસ્પિટલમાં તેમની સારવાર ચાલી રહી છે, જ્યારે બાકીના બે વિદ્યાર્થીને વધુ સારવાર માટે લોણી કાલભોર ખાતેની હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા, એમ તેમણે કહ્યું હતું.

બસમાં પ્રવાસ કરી રહેલા અન્ય વિદ્યાર્થીઓ સુરક્ષિત છે અને તેઓ પરિવારજનો સાથે પોતપોતાના ઘરે જતા રહ્યા હતા.

રાજ્યના નાયબ મુખ્ય પ્રધાન સુનેત્રા પવારે ઘાયલ થયેલા વિદ્યાર્થીઓને શ્રેષ્ઠ તબીબી સારવાર પૂરી પાડવાની સૂચના સ્થાનિક વહીવટીતંત્ર અને પોલીસને આપી હતી. (પીટીઆઇ)■

# પશ્ચિમ રેલવેનો વિન્ડ-સોલાર પ્રોજેક્ટને પડ્યો મોટો ફટકોઃ ઓછા વીજ ઉત્પાદનને કારણે પ્લાન્ટ બંધ

(અમારા પ્રતિનિધિ તરફથી)


મુંબઈઃ પશ્ચિમ રેલવે દ્વારા હરિત ઊર્જાના ક્ષેત્રે કરવામાં આવેલો એક મહત્ત્વાકાંક્ષી પ્રયોગ નિષ્ફળ નીવડ્યો છે. બાંદ્રા ટર્મિનસ નજીક સ્થાપિત કરવામાં આવેલો વિન્ડ-સોલાર હાઈબ્રિડ પાઈલટ પ્રોજેક્ટ અપેક્ષિત પરિણામો આપવામાં નિષ્ફળ જતાં અને પશ્ચિમ રેલવે માટે વ્હાઈટ એલિફન્ટ (એટલે ધોળો હાથી) સાબિત થતા આખરે તેને કાયમી ધોરણે બંધ કરી દેવામાં આવ્યો છે.

આ પાઈલટ પ્રોજેક્ટ શરૂ કરવાનો મુખ્ય ઉદ્દેશ્ય પવન ઊર્જા અને સૂર્ય ઊર્જાના સમન્વયથી પશ્ચિમ રેલવે માટે પર્યાવરણપૂરક અને સસ્તા વીજળીના સ્ત્રોતનું નિર્માણ કરવાનો હતો. રેલવે દ્વારા સ્થાપિત કરવામાં આવેલી પવનચક્કી અને સોલાર પેનલ્સના માધ્યમથી સ્થાનિક જરૂરિયાતો પૂરી કરવાની યોજના બનાવવામાં આવી હતી.

જોકે, પ્રોજેક્ટ શરૂ થયા બાદથી જ તેની કામગીરી અપેક્ષા મુજબ રહી ન હતી. તપાસમાં સામે આવ્યું કે પ્લાન્ટમાંથી થતું વીજ ઉત્પાદન અંદાજિત લક્ષ્યાંક કરતાં ખૂબ જ ઓછું હતું. ખાસ કરીને શહેરી વાતાવરણ અને આસપાસની ઊંચી ઈમારતોને કારણે પવનની ગતિ પૂરતી ન મળતાં વિન્ડ ટર્બાઈનમાંથી પૂરતી વીજળી ઉત્પન્ન થઈ શકી નહોતી.

ઉપરાંત, આ હાઈબ્રિડ પ્લાન્ટનો જાળવણી ખર્ચ ઉત્પન્ન થતી વીજળીના મૂલ્ય કરતાં ઘણો વધારે આવી રહ્યો હતો. ઓછાં ઉત્પાદન સામે સતત વધતા ખર્ચના કારણે આ પ્રોજેક્ટ આર્થિક રીતે રેલવે માટે નુકસાનકારક સાબિત થયો હતો.

પરિણામે, પશ્ચિમ રેલવે પ્રશાસને આ અંગે સમીક્ષા કર્યા બાદ પ્રોજેક્ટને આગળ ધપાવવાને બદલે તેને બંધ કરવાનો નિર્ણય લીધો હતો. પ્લાન્ટ સંબંધિત સાધનો અને સુવિધાઓને હટાવી લેવામાં આવી છે અને હવે આ વિસ્તારનો ઉપયોગ રેલવેની અન્ય સુવિધાઓ માટે કરવામાં આવશે.




# નાંદેડમાં ૧૨ વર્ષની છોકરી સાથે દુષ્કર્મઃ યુવકની ધરપકડ

નાંદેડઃ નાંદેડ જિલ્લામાં ૧૨ વર્ષની છોકરી સાથે દુષ્કર્મ આચરવાના આરોપસર યુવકની ધરપકડ કરવામાં આવી હોવાનું પોલીસે જણાવ્યું હતું.

શિવાજીનગર પોલીસ સ્ટેશનના ઇન્સ્પેક્ટર રાજેશ પુરીએ જણાવ્યું હતું કે ૧૩ સપ્ટેમ્બરે આ ઘટના બની હતી.

છોકરી ખરીદી કરવા કરિયાણની દુકાનમાં જઇ રહી હતી ત્યારે આરોપીએ તેને આંતરી હતી અને તેને જબરજસ્તીથી નિર્જન સ્થળે લઇ ગયો હતો, જ્યાં તેની સાથે દુષ્કર્મ આચર્યું હતું. બાળકી ઘરે આવી ત્યારે તે ગભરાયેલી હતી. માતાને શંકા જતાં તેની પૂછપરછ કરાઇ હતી, જેમાં તેણે તમામ હકીકત જણાવી હતી. આ સાંભળીને આઘાત પામેલી માતા બાદમાં પોલીસ સ્ટેશનમાં પહોંચી હતી અને ફરિયાદ નોંધાવી હતી.

આ ફરિયાદને આધારે પોલીસે ગુનો દાખલ કરીને આરોપીની શોધ ચલાવી હતી અને તેને પકડી પાડ્યો હતો. પોલીસ આ મામલાની વધુ તપાસ કરી રહી છે. (પીટીઆઇ)■

# વિદેશી જહાજ પર જૉબના નામે છેતરપિંડીઃ પ્લેસમેન્ટ એજન્સીના ડિરેક્ટર વિરુદ્ધ ગુનો

થાણેઃ વિદેશી જહાજ પર જૉબને નામે યુવાનો સાથે છેતરપિંડી આચરવા બદલ નવી મુંબઈ પોલીસે મેરિટાઇમ પ્લેસમેન્ટ એજન્સીના ડિરેક્ટર સહિત બે સામે ગુનો દાખલ કર્યો હતો.

ફાઇનાન્શિયલ ઇન્ટેલિજન્સ યુનિટ (એફઆઇયુ) દ્વારા ગુપ્ત રીતે તપાસ કરાયા બાદ સીબીડી બેલાપુર પોલીસ સ્ટેશનમાં ૧૦ સપ્ટેમ્બરે એજન્સીના ડિરેક્ટર અને કર્મચારી વિરુદ્ધ ભારતીય ન્યાય સંહિતા અને ઇમિગ્રેશન એક્ટ હેઠળ ગુનો દાખલ કરાયો હતો. આ મામલે તપાસ ચાલી રહી હોવાથી હજી સુધી કોઇની ધરપકડ કરવામાં આવી નથી, એમ અધિકારીએ કહ્યું હતું.તપાસમાં જાણવા મળ્યું હતું કે ડિરેક્ટરેટ જનરલ ઓફ શિપિંગ (ડીજી શિપિંગ) દ્વારા કંપનીનું આરપીએસએલ લાઇસન્સ ૭ જાન્યુઆરી, ૨૦૨૬ના રોજ કેન્સલ કરાયું હતું.તેમની અધિકૃતતા ગુમાવવા છતાં અને વિદેશી જહાજો પર ક્રૂ સભ્યની ભરતી કે નિયુક્તિ કરવાની કોઇ કાનૂની સત્તા ન હોવા છતાં આરોપીઓએ પોતાનું ઑપરેશન ચાલુ રાખ્યું હતું.સત્તાવાળાઓએ ઉમેદવારોના ૧૬ પાસપોર્ટ, ૩૫ ઉમેદવારોની વિગતો દર્શાવતું રજિસ્ટર, રોકડ અને મોબાઇલ આરોપીઓ પાસેથી જપ્ત કર્યા હતા.■

**કચ્છી લોહાણા**



ગઢશિશા નિવાસી, હાલ ઘાટકોપર

**શ્રીમતી ગીતાબેન તુલસીદાસ ચોથાણી**

(ઉંમર વર્ષ ૮૭)

તા. ૧૫/૦૯/૨૦૨૬ના રોજ શ્રીજીચરણ પામેલ છે.

**શોકાતુર**

સાસુ-સસરા : સ્વ. કેશરબેન વીરજી ચોથાણી
પુત્ર-પુત્રવધૂ : નીતિનભાઈ-રેવાબેન, દિગંતભાઈ-રેખાબેન
દીકરી-જમાઈ : સોનલ વિપુલભાઈ પારેખ
પુત્રી : રૂક્ષ્મણીબેન ગોવિંદજી વધણ-કોટડી મહાદેવ
ભાભી : હરીશભાઈ-મીરાબેન, પુષ્પાબેન, નિર્મલાબેન, હંસાબેન, કુસુમબેન, કુમુદબેન, ઉષાબેન તથા માયાબેન
દાદી : નિકિતા સાગર પટેલ, નિખીલ-સુમાયા ચોથાણી મીત અને મિલોની
નાની : નીલ-તુલસી પારેખ તથા પર્લ પારેખ
બહેન : પ્રવિણભાઈ-વિમળાબેન, દિનેશભાઈ-તરૂબહેન
દિવ્યાબહેન પ્રતાપભાઈ તોડાઈ
સરોજબહેન દિલીપભાઈ રાજકોટીયા
અરુણભાઈ-કામિનીબેન, દિપકભાઈ

**લૌકિક વહેવાર બંધ છે**

# ક્લાસિફાઈડ


## ૬. પરચુરણ

■ અંધેરી રીક્રીએશન ક્લબ, ભવન્સ કોલેજ નજીક, અંધેરી પશ્ચિમનું આજીવન સભ્યપદ મેળવવાની દુર્લભ તક. આવી જ ક્લબના આંશિક ખર્ચે. સુસજ્જીત, સારી જાળવણી. સંપર્ક: 9820057703. (૧૩૭૧-એ)

## ૯. લગ્ન સંબંધી

■ ખુશહિત મેરેજબ્યુરો યોગ્ય જીવનસાથી માટે સંપર્ક ઉર્મિલાબેન 8879576963. (દહેજ નહીં). (૧૩૮૪-સી)

## ૧૨. યાત્રા સહેલગાહ

**કોસબાડ દહાણુ**

**કુદરતનાં ખોળે ડુંગરની ટોચે, શ્રી મલ્લીનાથ જૈન તીર્થમાં સેવા, પૂજા, દર્શન માટે પધારો. ચૈત્યપરિપાટી, ગ્રૂપો માટે ધર્મશાળા, ભોજનશાળાની સુંદર વ્યવસ્થા ઉપરાંત તીર્થમાં સિદ્ધચક્ર પૂજન 50 વ્યક્તિઓનાં બપોરનાં જમણવાર સાથે ફક્ત ₹ 28500/- નકરામાં ભણાવવાની ઉત્તમ તક. બુકિંગ - વિગત માટે: પૂનમબેન 9226297975/ સેજલબેન 9820119529. (એસડીબી-૩૫૦૨)**

■ Private Car Tours Varanasi Ayodya Kerala Karnataka Rajasthan, Kashmir, Himachal, Uttaranchal Vietnam Srilanka Thailand Singapore Cruise રેન્ટાકેબ મુંબઈ લોકલ આઉટ સ્ટેશન Oneway ડિઝાયર ઈનોવા ક્રિસ્ટા ટેમ્પો ટ્રાવેલર Urbania સ્થાનિક, આંતરરાષ્ટ્રીય ફ્લાઈટ, હોટેલ TravelInsurance. Arrham Holiday 9769977466 / 9892534488. (બી-૧૮૧૧૪)

## ૧૭. જગ્યા આપવી છે

**અંધેરી - બોરીવલી**

1/ 2/ 3/ 4 બીએચકે ફ્લેટ્સ/ દુકાન/ ઓફિસ રેડી પઝેશન/ બંધાતામાં ખરીદવા/ વેચવા/ ભાડેથી લેવા/ આપવા માટે. સંપર્ક રાજ : 8459614981. (બી-૧૮૦૪૬)

## ૧૯. ફેક્ટરી વર્કશોપ

**વસઈ - કામણ**

**સાતીવલી- વાલીવ- હાઈવે- સિરસાડ- પોમણ- બાપાને- સસુનવઘર- ઈન્ડસ્ટ્રીયલ ગાળા- શેડ- યુનિટ- પ્લોટ- લેવા- વેચવા- ભાડેથી- ગોપીભાઈ- 9326472399, જીતેન્દ્રભાઈ - 9320404145. (૧૨૯૨-સી)**

## ૨૦. ધંધાદારી જગ્યા

**CHURCHGATE**

One Office for Rent 60000 Carpet 230 Fully Furnished Jolly Bhavan No. 1 New Marine Lines Whatsup 70218 31500. (B-18097)

## ૩૨. જમીન-મિલકત

■ સુરતમાં પ્લોટમાં રોકાણ, સુરતમાં પ્રતિષ્ઠિત ટેક્સટાઈલ ઈન્ડસ્ટ્રીયલ પાર્કમાં રોકાણ કરવાની સોનેરી તક. ગુજરાત સરકારની ટેક્સટાઈલ પોલીસીનો લાભ પણ 42x130ના દસ્તાવેજવાળા પ્લોટ્સ પલસાણામાં cetp સુવિધા સાથે 9773413847. (બી-૧૮૧૦૮)

## ૩૫. જ્યોતિષ ભવિષ્ય

**સચોટ જ્યોતિષ**

**જન્મતારીખ, સમય વોટસઅપ કરો. લગ્નયોગ ક્યારે- કયા મહિનામાં- સાલમાં થશે? તેનું માર્ગદર્શન (ફી લેવામાં નથી આવતી) વાતો ન કરો, રિઝલ્ટ માંગો. 7304586200. (૧૩૭૭-આઈ)**

## ૪૪. પેસ્ટ કન્ટ્રોલ

■ ''એસ પેસ્ટ કંટ્રોલ'' ઉધઈ, વાંદા, માંકડ. (હર્બલ). 9773226675 / 9326448699. (કાંદિવલી). (૧૩૭૪-એ)

**મુંબઈ સમાચાર**

વાચકોને આથી ભલામણ કરવાની કે આ પ્રકાશનમાં પ્રસિદ્ધ થતી કોઈપણ જાહેરખબરના સંદર્ભમાં પૈસા મોકલતા અગાઉ કે તબીબી ભલામણના આધારે થતા ખર્ચ અથવા તો તેવા જ પ્રકારની કોઈપણ વચનપૂર્તિ કરતા અગાઉ અધિકૃત પૂછપરછ અને સલાહ લેવી. મુંબઈ સમાચાર જૂથ જાહેરાતની કોઈપણ સેવા કે ઉત્પાદનો અંગે કોઈ જ દાવાની ચકાસણી કરતું નથી. પ્રીન્ટર, પબ્લિશર, તંત્રી, મુંબઈ સમાચાર જૂથ પબ્લિકેશનનાં માલિકો તેનાથી ઉપસ્થિત થતાં કોઈપણ પરિણામ કે દાવા જો જાહેરાતકારો નકારે તો તેની જવાબદારી લેશે નહીં.
email id for advertisement: samacharadvt@gmail.com


# છેલ્લા પાનાનું ચાલુ

## ફિલ્મ સિટીમાં

એક્સેલન્સ'નું નિર્માણ કરવા માગે છે. આ પ્રોજેક્ટ માટે ૧૨૪ વૃક્ષો કાપવા પડશે અને ૩૩૩ વૃક્ષોનું અન્યત્ર રોપણ કરવું પડશે. નિયમો અનુસાર વળતરરૂપ વૃક્ષારોપણ હાથ ધરવામાં આવશે.

વિકાસ અને વૃક્ષોના સંરક્ષણ વચ્ચે સંતુલન જાળવવાની જરૂરિયાત પર ભાર મૂકતા, બેન્ચે રાજ્ય સરકાર અને અન્ય પક્ષો,જેમાં આરે જંગલના મુદ્દે બોમ્બે હાઈ કોર્ટમાં અરજી કરનાર એનજીઓ 'વનશક્તિ'ને, બે અઠવાડિયાની અંદર આ અરજી અંગે જવાબ આપવા જણાવ્યું હતું. (પીટીઆઈ)

## દોઢ દિવસની

બનાવવામાં આવેલા સેંકડો કૃત્રિમ તળાવો પાસે પણ શ્રદ્ધાળુઓની ભારે ભીડ જોવા મળી હતી. શ્રદ્ધાળુઓએ 'ગણપતિ બાપ્પા મોરયા, પુઢચ્યા વર્ષી લવકર યા'ના નારા સાથે વિઘ્નહર્તાને ભાવભીની અંજલિ આપી હતી.

બીએમસીના અધિકૃત આંકડા અનુસાર, વિસર્જિત કરાયેલી પ્રતિમાઓમાં મોટી સંખ્યા ઘરગથ્થુ ગણપતિ સ્થાપનાઓની હતી. આ વર્ષે પર્યાવરણની જાળવણી પ્રત્યે લોકોમાં જાગૃતિ વધતાં હજારો નાગરિકોએ સ્થાનિક કૃત્રિમ તળાવોમાં જ મૂર્તિ વિસર્જન કરવાનું પસંદ કર્યું હતું, જેના કારણે મુખ્ય દરિયાકિનારાઓ પરનું દબાણ ઘણું ઓછું થયું હતું.

મુંબઈ પોલીસ અને પાલિકા પ્રશાસન માટે આટલી મોટી સંખ્યામાં વિસર્જન પ્રક્રિયા શાંતિપૂર્ણ રીતે પાર પાડવી એક મોટો પડકાર હતો. સુરક્ષા સુનિશ્ચિત કરવા માટે હજારો પોલીસ જવાનો, હોમગાર્ડ્સ અને એસઆરપીએફની ટુકડીઓ તહેનાત કરવામાં આવી હતી.

ઉપરાંત, દરિયાકિનારે લાઈફગાર્ડ્સ, બોટ અને ડ્રોન કેમેરા દ્વારા સતત દેખરેખ રાખવામાં આવી રહી હતી. પોલીસ પ્રશાસને રાહતનો શ્વાસ લેતાં જણાવ્યું હતું કે, સમગ્ર મુંબઈ શહેરમાં દોઢ દિવસના વિસર્જન દરમિયાન કોઈ પણ જાતની અપ્રિય ઘટના કે અકસ્માત નોંધાયો નથી. વાહનવ્યવહારના સુચારુ સંચાલન માટે ટ્રાફિક પોલીસે અગાઉથી જ ડાયવર્ઝન અને ખાસ માર્ગદર્શિકા જાહેર કરી હતી, જેથી સામાન્ય નાગરિકોને મુશ્કેલી પડી નહોતી. બીએમસીએ સુચારુ વિસર્જન માટે તમામ વિસર્જન સ્થળો પર કંટ્રોલ રૂમ, પ્રાથમિક સારવાર કેન્દ્રો, ક્રેન સુવિધા અને સ્વચ્છતા કામદારોની વિશેષ ટીમ તહેનાત કરી હતી. પ્રશાસને શાંતિપૂર્ણ ઉજવણી અને સ્વચ્છતા જાળવવામાં સહયોગ આપવા બદલ મુંબઈના નાગરિકો અને સાર્વજનિક ગણેશોત્સવ મંડળોનો આભાર માન્યો હતો.

## ૨૫ થી ૨૮

ભારતમાં સતત પાંચ દિવસ સુધી વરસાદ ન પડવો, ભેજનું પ્રમાણ ઘટીને હવામાન શુષ્ક થવું, પવનોની દિશા બદલાવી અને જે-તે વિસ્તારમાં ઘડિયાળના કાંટાની દિશામાં કેન્દ્રથી બહારની તરફ પવનોનું ક્ષેત્ર તૈયાર થવાને કારણે આ વિસ્તારોમાંથી ચોમાસાની વિદાય જાહેર કરવામાં આવે છે.

આ વર્ષના હવામાન પર અલ નીનોની અસર છે. હવામાન વિભાગે આ વર્ષે ૯૨ ટકાથી ઓછો વરસાદ થવાની ધારણા વ્યક્ત કરી હતી. તે મુજબ ૧૪ સપ્ટેમ્બર સુધીની વરસાદની સ્થિતિ જોતાં દેશમાં ૬૭૩.૬ મિમી એટલે કે ૧૫ ટકાની અછત નોંધાઈ છે. જ્યારે મહારાષ્ટ્રમાં ૭૬૪.૯ મિમી વરસાદ થયો છે, જ્યાં ૧૬ ટકાની અછત જોવા મળી છે.

સપ્ટેમ્બરના પ્રથમ ૧૧ દિવસોમાં રાજ્યમાં સરેરાશ કરતાં ૧૭ ટકા ઓછો વરસાદ નોંધાયો છે. બીજી તરફ, રાજ્યના જળાશયોમાં માત્ર ૭૬ ટકા પાણીનો જથ્થો ઉપલબ્ધ છે. ચોમાસાનો અંતિમ તબક્કો ચાલી રહ્યો છે ત્યારે વરસાદ અને જળસંચયની આ સ્થિતિ આગામી સમયમાં પાણીના વ્યવસ્થાપન માટે લાલબત્તી સમાન માનવામાં આવી રહી છે.

## જરાંગેનું આજે

માનવાનો નહોતો, પરંતુ નારાયણગઢના ધાર્મિક નેતાઓએ મને સારવાર લેવા કહ્યું હતું, પરંતુ હું ગુરુવારે બપોરે ૧ વાગ્યા પછી મુંબઈ જવા રવાના થઈશ. હું આજે રાત્રે સારવાર લઈશ અને આવતીકાલે (ગુરુવારે) મુંબઈ જવા નીકળી જઈશ.'' ''મરાઠા સમુદાયના સભ્યોએ મુંબઈ ક્યારે આવવું તે માટે હું કોઈ તારીખ જાહેર નહીં કરું. સરકાર તરફથી એકાદ કલાકમાં (પ્રસ્તાવોનો) નવો મુસદ્દો આવી શકે છે. તેથી હું અત્યારે તારીખ જાહેર નહીં કરું,'' એમ પણ તેમણે કહ્યું હતું.

''જોઈએ કોણ મને મુંબઈમાં પ્રવેશતા રોકે છે. જો તેઓ મને પ્રવેશવા નહીં દે, તો હું મરાઠા સમુદાયના લોકોને બોલાવીશ,'' એવી ચેતવણી આ આંદોલનકારીએ આપી હતી. તેઓ પાત્ર મરાઠાઓ માટે કુણબી જાતિનાં પ્રમાણપત્રોની માંગ કરી રહ્યા છે જેથી તેઓ ઓબીસી ક્વોટામાં અનામત મેળવી શકે. જરાંગેએ કહ્યું કે તેમણે પોલીસને એવી જાણ કરી હતી કે તેઓ ૮ થી ૧૦ વાહનોના કાફલા સાથે મુસાફરી કરશે. તેમણે કહ્યું કે હાલમાં અન્ય લોકોએ તેમની સાથે આવવું જોઈએ નહીં. ''જો મુખ્યમંત્રી (દેવેન્દ્ર ફડણવીસ)ને લાગતું હોય કે મારું સ્વાસ્થ્ય મહત્ત્વનું છે, તો તેમણે અમારી સમસ્યાઓનું નિરાકરણ લાવવું જોઈએ,'' એમ કહીને જરાંગેએ તેમની માગણીઓ પૂરી કરવા માટે સમયબદ્ધ કાર્યક્રમની માગણી કરી હતી. પોતાની માગણીઓ જણાવતા તેમણે કહ્યું કે સરકારે પાત્ર મરાઠાઓને કુણબી જાતિના પ્રમાણપત્રો આપવા માટે સાતારા અને ઔંધ રાજ્યના ગેઝેટનો અમલ કરવો જોઈએ.

## મુંબઈ-નાશિક

બે વર્ષથી ઘટનાસ્થળે પાર્ક કરાયેલી હતી. કારની ટક્કર એટલી જોરદાર હતી કે બોનેટનો ભાગ પૂરો ચગદાઈ ગયો હતો. બનાવની જાણ થતાં જ સ્થાનિક રહેવાસીઓ અને હાઈવે પોલીસ ઘટનાસ્થળે પહોંચી ગઈ હતી. કચ્ચરઘાણ વળી ગયેલી કારમાંથી મૃતકો અને જખમીઓને મહામુસીબતે બહાર કાઢવામાં આવ્યા હતા. જખમી સાત જણ સુભી જૈસ્વાલ, શિવમ જૈસ્વાલ, હશિક જૈસ્વાલ, સુનીતા જૈસ્વાલ, રાધિકા જૈસ્વાલ, સતીશ જૈસ્વાલ અને સંતરામ જૈસ્વાલને સારવાર માટે શાહપુર ઉપજિલ્લા હૉસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યાં હતાં.

અકસ્માતને પગલે હાઈવે પર મુંબઈ તરફની લેન પર ભારે ટ્રાફિક જૅમ થઈ ગયો હતો. કલાક સુધી વાહનોની લાંબી લાઈન લાગી હતી. પોલીસે ક્રેનની મદદથી અકસ્માતગ્રસ્ત વાહનને રસ્તાને કિનારે ખસેડ્યા પછી વાહનવ્યવહાર પૂર્વવત્ કરવામાં આવ્યો હતો.

શાહપુર પોલીસની પ્રાથમિક તપાસ સૂચવે છે કે એકાએક બ્રેક ફેલ અને સ્ટિયરિંગ લૉક થવાને કારણે ડ્રાઈવરે વાહન પરનો કાબૂ ગુમાવ્યો હતો. ઘટનાની નોંધ કરી શાહપુર પોલીસે વધુ કાર્યવાહી હાથ ધરી હતી. (પીટીઆઈ)

## મને બદનામ

એફઆઈઆર નોંધ્યો છે. દિશાના પિતા દ્વારા દાખલ કરવામાં આવેલી અરજી પર બોમ્બે હાઈ કોર્ટના નિર્દેશોનું પાલન કરતા આ એફઆઈઆરમાં કોઈને આરોપી તરીકે દર્શાવવામાં આવ્યા નથી.

સેના (યુબીટી)ના ધારાસભ્યે કહ્યું કે તેમની વિરુદ્ધ રાજકીય ઈરાદાઓ સાથેનો આવો દુષ્પ્રચાર તેમને સત્ય માટે લડતા રોકી શકશે નહીં. તેમણે કહ્યું કે આ અવિરત બદનક્ષી અભિયાન કોઈપણ પુરાવા વિના ચલાવવામાં આવી રહ્યું છે અને સત્ય અત્યંત દુર્ભાગ્યપૂર્ણ છે. તેમણે વધુમાં કહ્યું કે, જે થોડા લોકો એવું વિચારે છે કે રાજકીય હેતુથી કરવામાં આવતા આવા કુપ્રયાસો મને સત્ય સામે લડતા અટકાવી શકશે તેમની રણનીતિ સફળ થશે નહીં. ૨૮ વર્ષીય સાલિયાનનું ૮ જૂન, ૨૦૨૦ના રોજ મુંબઈના મલાડ વિસ્તારમાં આવેલી એક રહેણાંક ઈમારતના ૧૨મા માળેથી નીચે પટકાતા મૃત્યુ થયું હતું. (પીટીઆઈ)

## ફેસબુક

પગલે તેની મારપીટ કરવામાં આવી હતી. ફરિયાદમાં વિશ્વકર્માએ જણાવ્યું હતું કે અર્જુન દુબે નામના માણસે તેને એક હોટેલમાં મળવા બોલાવ્યો હતો. વિશ્વકર્મા હોટેલ પહોંચ્યો ત્યારે નગરસેવિકા હેમલતા તેના સાથી અમરીશ સાથે ત્યાં આવી હતી. ટિપ્પણી વિશે પૂછ્યા પછી ધક્કે ચઢાવીને વિશ્વકર્માને લાફો મારવામાં આવ્યો હતો. પછી બામ્બુ વડે તેને ફટકારવામાં આવ્યો હોવાનું એફઆઈઆરમાં જણાવાયું હતું. મારપીટ દરમિયાન વિશ્વકર્માની સોનાની ચેન આંચકી લેવામાં આવી હતી અને તેનો મોબાઈલ ફોન પણ ચોરાયો હતો, એવો આક્ષેપ ફરિયાદમાં કરાયો હતો. પોલીસે બન્ને પક્ષની ફરિયાદ બાદ ક્રોસ એફઆઈઆર નોંધ્યો હતો. (પીટીઆઈ)

## હૉસ્પિટલના બિલિંગ

કિંમત માત્ર રૂ. ૧૧.૦૫ હતી, જ્યારે તેની એમઆરપી રૂ. ૩૨૫ દર્શાવવામાં આવી હતી. એટલે ખરીદી કિંમતની સરખામણીમાં એમઆરપીમાં આશરે ૨,૮૪૧ ટકાનો તફાવત નોંધાયો હતો. અહીં મહત્ત્વની બાબત એ છે કે એમઆરપી અને હૉસ્પિટલ દ્વારા દર્દી પાસેથી વસૂલવામાં આવતી અંતિમ રકમ એક જ હોય તે જરૂરી નથી. જોકે ખરીદી કિંમત અને એમઆરપી વચ્ચેનો આટલો મોટો તફાવત હોસ્પિટલના બિલિંગમાં પારદર્શિતા અંગે સવાલ જરૂર ઊભો કરે છે. આ જ રીતે ૧૦ મિલિલીટર સિરિન્જની ખરીદી કિંમત ₹ ૬.૭૫ હોવાનું જણાવાયું છે, જ્યારે તેની એમઆરપી રૂ. ૫૭.૨૦ હતી. કેથેટર સહિત અન્ય મેડિકલ કન્ઝ્યુમરેબલ્સમાં પણ ખરીદી કિંમત અને એમઆરપી વચ્ચે મોટો તફાવત નોંધાયો હોવાનું અહેવાલોમાં જણાવાયું છે.

દવાઓના ભાવ અને મેડિકલ પ્રોડક્ટ્સના માર્જિન અંગે ચર્ચા વચ્ચે એફડીએ કમિશનર તુકારામ મુંઢેનું ધ્યાન હવે હોસ્પિટલમાં ઉપયોગમાં લેવાતા કન્ઝ્યુમેબલ્સ તરફ ગયું છે. જો નિયમનકારી સ્તરે આ મુદ્દે આગળ કાર્યવાહી થાય છે, તો તેની સીધી અસર હોસ્પિટલોના મેડિકલ કન્ઝ્યુમેબલ્સના બિલિંગ પર પડી શકે છે. મુંઢેએ આવાં ઉત્પાદનોને ભાવ નિયંત્રણના વધુ અસરકારક માળખામાં લાવવા, ઉત્પાદકથી લઈને ડિસ્ટ્રિબ્યુટર સુધીના માર્જિનની સમીક્ષા કરવા અને ટ્રેડ માર્જિન પર મર્યાદા અંગે વિચાર કરવાની જરૂરિયાત દર્શાવી છે.

## ધારાસભ્ય

કહેવું ગેરમાર્ગે દોરનારું છે કે સુભાષ દેસાઈ ચુકાદો વિધાનસભામાં બહુમતી પરીક્ષણને ધ્યાનમાં લેવા પર પ્રતિબંધ મૂકે છે. તેમણે કહ્યું કે શિવસેનાનું સંગઠનાત્મક માળખું મુખ્યત્વે નામાંકિત સભ્યોનું બનેલું હતું અને તેમાં પક્ષ કે તેના કાર્યકરોની આકાંક્ષાઓનું પ્રતિબિંબ જોવા મળતું નહોતું. ન્યાયમૂર્તિ બાગચીએ અવલોકન કર્યું કે ત્રણેય કસોટીઓની મર્યાદાઓ હોય, તો અન્ય એક વિકલ્પ હતો. ''કોઈ પણ જૂથને અનામત ચિહ્ન ફાળવવાની જરૂર નહોતી. બંને જૂથોને અલગ-અલગ ચિહ્નો પસંદ કરવા અને બાળાસાહેબની તાકાતને બદલે પોતાની તાકાત પર ચૂંટણી લડવા માટે નિર્દેશ આપી શકાયો હોત,'' એમ તેમણે અવલોકન કર્યું. કૌલે જવાબમાં કહ્યું કે, અમુક કિસ્સાઓમાં આ અદાલતે વારંવાર વિધાનસભાની બહુમતીને એક માન્ય કસોટી તરીકે સ્વીકારી છે, કારણ કે તે ચોક્કસ સંજોગોમાં લોકતાંત્રિક ઇચ્છાનું પ્રતિનિધિત્વ કરે છે. વરિષ્ઠ વકીલે જણાવ્યું હતું કે, લોકશાહીમાં ચૂંટણી પંચ પાસે વ્યાપક સત્તાઓ અને નિપુણતા છે, અને અનામત ચિહ્ન કેવી રીતે ફાળવવું તે તેમણે નક્કી કરવું જોઈએ. સુનાવણી અનિર્ણાયક રહી અને ગુરુવારે ચાલુ રહેશે.

## ભાજપ પ્રમુખે

છે. માનનીય મુખ્ય પ્રધાને યોગ્ય શબ્દનો ઉપયોગ કર્યો છે - આ સાંસ્કૃતિક પુનરુત્થાનનો સમય છે. છેલ્લાં ૧૨ વર્ષમાં પીએમ મોદીના નેતૃત્વમાં દેશના દરેક વર્ગ અને દરેક સમુદાય સુધી પહોંચ્યું છે.

ભારતના વિકાસમાં મહારાષ્ટ્રના લાંબા સમયથી રહેલા યોગદાન અને તેના નેતૃત્વ પર ભાર મૂકી તેમણે જણાવ્યું હતું કે 'મહારાષ્ટ્રએ હંમેશાં ભારતના વિકાસમાં યોગદાન આપ્યું છે અને આજે પણ અગ્રણી યોગદાન આપી રહ્યું છે.'

પોતે કેવળ ગણેશ ઉત્સવમાં ભાગ લેવા અને રાજ્ય અને રાષ્ટ્રની પ્રગતિ માટે આશીર્વાદ મેળવવા મહારાષ્ટ્ર આવ્યા છે એમ જણાવી તેમણે ભગવાન રામના આદર્શોનો ઉલ્લેખ કરતા કહ્યું કે ભારતીય સંસ્કૃતિ અને દેશનો વિકાસ સાથે સાથે આગળ વધવો જોઈએ. નબિને મોદીના સૂત્ર, ''સબકા સાથ, સબકા વિકાસ, સબકા વિશ્વાસ, સબકા પ્રાર્થના'' પર પણ પ્રકાશ પાડ્યો, કહ્યું કે ૧૪૦ કરોડ લોકો વિકસિત ભારત તરફ સામૂહિક રીતે કામ કરી રહ્યા છે. (પીટીઆઈ)

## દિશા સાલિયન

બોલિવૂડમાં ખળભળાટ મચી ગયો છે. આ કેસની તપાસ માટે સીબીઆઈના દિલ્હીસ્થિત હેડક્વાર્ટરની સ્પેશ્યલ ક્રાઈમ યુનિટમાં એસપી (એસપી) તરીકે ફરજ બજાવતાં સીમા પાહુજા પોતાની ખાસ ટીમ સાથે મુંબઈ પહોંચી ગયાં છે. તેમની સાથે તપાસ અધિકારી ડેપ્યુટી એસપી પૂરન કુમાર અને ફોરેન્સિક તજજ્ઞો જોડાયા છે. સીબીઆઈની આ ટીમ ૮ જૂન, ૨૦૨૦ના દિશાનાં મોત પહેલા તેના વાગ્દત્તા રોહિત રોયના ઘરે આયોજિત પાર્ટીમાં હાજર તમામ લોકોના નિવેદનો ફરીથી નોંધશે. સીબીઆઈ દ્વારા નોંધવામાં આવેલી એફઆઈઆરમાં દિશાના પિતા સતીશ સાલિયનની ફરિયાદ અને અરજીના આધારે પ્રાથમિક વિગતો ઉમેરવામાં આવી છે. આ કેસ સંબંધિત ચર્ચાઓમાં મહારાષ્ટ્રના પૂર્વ પ્રધાન આદિત્ય ઠાકરે, પૂર્વ મુખ્ય પ્રધાન ઉદ્ધવ ઠાકરે, પૂર્વ ગૃહ પ્રધાન અનિલ દેશમુખ, મુંબઈના પૂર્વ પોલીસ કમિશનર પરમબીર સિંહ તેમ જ અભિનેતા ડીનો મોરિયા, સૂરજ પંચોલી, રિયા ચક્રવર્તી અને તેના ભાઈ શૌવિક ચક્રવર્તી જેવા જાણીતાં નામો સામે આવ્યાં છે. તપાસ અધિકારી સીમા પાહુજા જટિલ અને સંવેદનશીલ કેસોમાં પુરાવા શોધવા માટે દેશભરમાં જાણીતા છે. તેમણે ઉત્તર પ્રદેશના ચર્ચાસ્પદ હાથરસ અને ઉન્નાવ કાંડ, કોલકાતાનો ૨૦૨૪નો આર. જી. કર હોસ્પિટલ કેસ તેમજ હિમાચલ પ્રદેશના શિમલાનો ગુડિયા રેપ અને મર્ડર કેસ જેવા ગંભીર ગુનાઓની અત્યાધુનિક ફોરેન્સિક ટૂલ્સ વડે સફળ તપાસ કરી છે. પોતાની શાનદાર કામગીરી અને જટિલ કડીઓ ઉકેલવાની ક્ષમતા બદલ સીમા પાહુજાને વર્ષ ૨૦૨૧માં કેન્દ્રીય સ્તરે 'બેસ્ટ ઈન્વેસ્ટિગેટિંગ ઓફિસર'નો ગોલ્ડ મેડલ એનાયત કરવામાં આવ્યો હતો.

તેમના સહકર્મીઓ તેમને અત્યંત પદ્ધતિસર અને બારીકાઈથી તપાસ કરનારા અધિકારી તરીકે ઓળખે છે. વર્ષ ૨૦૨૦માં બનેલી આ રહસ્યમય ઘટના બાદ મુંબઈ પોલીસે તેને અકસ્માતે થયેલું મોત ગણાવ્યું હતું, પરંતુ હવે બોમ્બે હાઈ કોર્ટના આદેશ બાદ સીબીઆઈ તમામ ફોરેન્સિક પુરાવાઓ અને સાક્ષીઓની ફરીથી તપાસ કરી રહી છે. ચાર વર્ષથી વધુ સમય બાદ શરૂ થયેલી આ નવી સીબીઆઈ તપાસથી આખરે દિશા સાલિયનના મોતનું સત્ય બહાર આવશે કે કેમ, તેના પર સમગ્ર દેશની નજર ટકેલી છે.

# હિન્દુ મરણ

ડુંગરવાલા અનંતરાય વલ્લભદાસ મહેતાના ધર્મપત્ની ગં. સ્વ. નિર્મલાબેન અનંતરાય મહેતા તા. ૧૬-૯-૨૬ બુધવારના શ્રીજીચરણ પામ્યા છે. દક્ષાબેન મુકેશભાઇ વોરા, હિનાબેન અરુણભાઇ સંઘવી, નેહાબેન યોગેશભાઇ સંઘવી, નીતાબેન દિલીપભાઇ શાહ, જરણાબેન રાકેશભાઇ વલીયાના માતુશ્રી. પિયર પક્ષે અમરેલીવાળા શામજી લવજી મહેતા. લૌકિક વ્યવહાર બંધ છે.

**કચ્છી લોહાણા**

તુણા નિવાસી હાલ ઘાટકોપર સ્વ. માવજી લવજી ઠક્કરના પુત્ર વલ્લભદાસ માવજી ઠક્કર (ઉં. વ. ૯૦) તા. ૧૫-૯-૨૬ના શ્રીજીચરણ પામેલ છે. તે તારાબેનના પતિ. સ્વ. પ્રતાપભાઇ, ઉર્મિલાબેન, વર્ષાબેન જયસુખ મોદીના ભાઇ. કુંવરજી વિસનજી કોટકના મોટા જમાઇ. વાઢાં નાના આસેળિયા તે સ્વ. દેવેન્દ્ર કુંવરજી કોટક તથા સ્વ. રમાબેન નવીનભાઇ તન્નાના બનેવી, ઠે. પ્રાર્થનાસભા તથા લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**દશા શ્રીમાળી કંઠીબંધ વૈષ્ણવ**

મહુવા નિવાસી હાલ ભાંડુપ કનૈયાલાલ ભોગીલાલ પારેખનાં ધર્મપત્ની સ્વ. ભારતીબેન કનૈયાલાલ પારેખ (ઉં. વ. ૭૯) શ્રીજીચરણ પામેલ છે. તે અતુલ, મેહુલ અને દર્શનાના માતુશ્રી. નિકિતા અને દિપ્તિના સાસુ. જીત, મૈત્રી, સ્મિત, ધ્રુવ અને ધીરનાં દાદી. ચંપાબેન મનમોહનદાસ મહેતા (બજરીયા)ના દીકરી. સ્વ. દોલતરાય, સ્વ. કાકુભાઇ અને સ્વ. જશવંતરાય પારેખના નાનાભાઇના પત્ની. તથા સ્વ. રમાબેન, સ્વ. હંસાબેન, સ્વ. કૈલાસબેન અને ગં. સ્વ.વિનુબેનના ભાભી. પ્રાર્થનાસભા ગુરુવાર તા. ૧૭-૯-૨૬ના બપોરે ૪થી ૬. ઠે. સ્ટાર બેન્કવેટ હોલ, સ્કાય સિટી બિઝનેસ પાર્ક, લેક રોડ, ભાંડુપ પોલીસ ચોકી પાસે, ભાંડુપ (વેસ્ટ).

**કપોળ**

ચળાળાવાળા હાલ કાંદિવલી ગં. સ્વ. સવિતાબેન (ઉં. વ. ૮૪) તે સ્વ. મનસુખભાઇ રતિલાલ મહેતા (ભુવા)ના ધર્મપત્ની. સ્વ. કેતન, શિલ્પા, સ્વ. પ્રિયા, પ્રિતીના માતુશ્રી. તે જાગૃતિ, સ્વ. નૈષધકુમાર, હેમંતકુમાર, દેવેનકુમારના સાસુ. હર્ષ પૂજાના દાદી. ધ્રુવ, વિધી અંક્તિકુમાર માલવીયા, પંક્તિ, આર્યનના નાની. તે બાલકૃષ્ણ અમૃતલાલ સંઘવીના દીકરી. તે મગનલાલ શામજી મહેતાના ભાણેજ. રવિવાર, તા. ૧૩-૯-૨૬ના શ્રીજીચરણ પામ્યા છે. લૌકિક પ્રથા બંધ છે.

**વિશા ઓશવાલ**

પાલનપુર ગ્રામ્ય ખોડવા નિવાસી કાંતાબેન કીર્તિલાલ દોલચંદ શાહ (ઉં. વ. ૯૫) કાંતીભાઇના ભાભી. હસમુખભાઇ, પ્રકાશભાઇ, રીટાબેનના માતુશ્રી. સ્વ. સોનલબેન, હીનાબેન, અરુણકુમારના સાસુ. કીન્તુ, નીષીત, ચિંતન, મોના, નિશાના દાદી. ચિત્રાલી, બીંદલ, તન્વીના દાદી સાસુ. સ્વર્ગવાસ તા. ૧૨-૯-૨૬ના થયેલ છે. લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**કપોળ**

ડેડાણવાળા સ્વ. કમળાબેન દ્વારકાદાસ મહેતાના પુત્ર બાલકૃષ્ણભાઇ (ઉં. વ. ૮૫)

# જૈન મરણ

**સૌરાષ્ટ્ર વિશા શ્રીમાળી જૈન**

બગસરા નિવાસી હાલ સાયન મુંબઇ સ્વ. દયાલભાઇ દેવચંદ વોરાના પૌત્રવધૂ જ્યોતિબેન પ્રવીણભાઇ ચીમલાલ વોરા (ઉં. વ. ૮૪) બુધવાર તા. ૧૬-૯-૨૬ના અરિહંતશરણ પામેલ છે. તે રાજન-નીપા, રૂપા રાજન સચદેવના માતુશ્રી. અવની, રિશી, સલોની-દીપ, દેવાંશીના દાદી. સ્વ. જયંતીભાઇ, વિજયભાઇ, સ્વ. જ્યોત્સનાબેન, લીલમબેન, કુમુદબેનના ભાભી. કલકતા નિવાસી કુસુમબેન મગનલાલ મોતીચંદ મહેતાના પુત્રી. (દેહ દાન કરેલ છે), પ્રાર્થનાસભા શુક્રવાર, તા. ૧૮-૯-૨૬ના સાંજે ૫થી ૭. ઠે. શેઠ રામજી અંદરજી બેન્કવેટ હોલ, બિલ્ડિંગ નં.૩૦૯, ચંદાવરકર રોડ, બેંક ઓફ બરોડા પાસે, માટુંગા (સેન્ટ્રલ), મુંબઇ-૧૯.

**ઝાલાવાડી વિશા શ્રીમાળી દેરાવાસી જૈન**

લીંબડી નિવાસી હાલ સાંતાક્રુઝ રમણીકભાઇ ત્રંબકલાલ શાહ (ઉં. વ. ૯૬) તે સ્વ. શારદાબેન શાહના પતિ. સંજય-નીતા, શૈલેષ-નીશા, હેમાંશુ-હેમાના પિતાશ્રી. સ્વ. મુગટભાઇ, સ્વ. દલસુખભાઇ, મણીકાંતભાઇ, સ્વ. મહેન્દ્રભાઇ, સ્વ. ધીમંતભાઇ, સ્વ. શશીકાંતભાઇ, સ્વ. શીરીષભાઇ, સ્વ. સુશીલાબેન જમનાદાસ, સ્વ. હંસાબેન મહેન્દ્રભાઇ, મૃદુલાબેન મધુકરભાઇ, સ્વ. રાધાબેન ભૂપેન્દ્રભાઇના ભાઇ. સ્વ.દીપચંદ પાનાચંદ બગડીયાના જમાઇ. ડોલી-અમીત, રોહન-નુપુર, દર્શીલ-વીરતી, વત્સલ, વીરાજ કશીશના દાદાજી. તા. ૧૩-૯-૨૬ રવિવારના અરિહંતશરણ પામેલ છે. પ્રાર્થનાસભા તથા લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**ઝાલાવાડી દશા શ્રીમાળી દેરાવાસી જૈન**

કોંઢ (ધ્રાંગધ્રા) નિવાસી હાલ કાંદીવલી ગં. સ્વ. મૃદુલાબેન ચંદુલાલ કપાસી (ઉં. વ. ૮૭) તે સાયલા નિવાસી સ્વ. સવિતાબેન અમીચંદ ત્રિભોવનદાસ શાહના પુત્રી.સ્વ. શશીકાંત, સ્વ. સુરેશચંદ્ર, સ્વ. નલિનકાંત, સ્વ. મુક્તાબેનના બહેન. તે હિતેશ,પરેશ, વિજયના માતુશ્રી. હેમલતા, નીશિતા, દર્શિકાના સાસુ. તે સ્વ. માણેકલાલ, સ્વ. પોપટલાલ, સ્વ. પ્રવીણચંદ્ર, સ્વ. કાંતાબેન, સ્વ. ઝવેરીબેન, સ્વ. સવિતાબેન, ગં. સ્વ. પ્રભાબેનના ભાભી. તે તોરલ સિદ્ધાર્થ શાહ, કૃણાલ, પૂજા,દર્શિત,ધવલના દાદી તા. ૧૫-૯-૨૬ના મંગળવારે અરિહંતશરણ

તા.૧૪-૯-૨૬ સોમવારના શ્રીચરણ પામ્યા છે. કૌશિકાબેનના પતિ. રૂપાબેન, નિલેશભાઇના પિતાશ્રી. તેજસભાઇ, દીપલબેનના સસરા. સ્વ. અમૃતલાલ, હંસાબેન અને જયસુખલાલના ભાઇ.બારપટોડીવાળા સ્વ. તારાબેન કનૈયાલાલ ગોરધનદાસ પારેખના જમાઇ. પ્રાર્થનાસભા ભારતીય વિદ્યાભવન, ચોપાટી, મુંબઇ ૫થી ૭. તા. ૧૮-૯-૨૬ શુક્રવારે રાખેલ છે.

**ઔદીચ્ય ઝાલાવાડી સહસ્ર બ્રાહ્મણ**

સાવરકુંડલા નિવાસી હાલ મીરારોડ, મનસુખલાલ બાબુલાલ મહેતા (ઉં. વ. ૮૪) તે સ્વ. બાબુલાલ વાલજીભાઈ મહેતાના પુત્ર. ભારતીબેનના પતિ. પંકજભાઈ તથા હેમાબેન જાનીના પિતા. ચંદુભાઈ, સ્વ. પ્રવિણભાઇના ભાઈ. પરેશભાઈ જાની, રિયાના સસરા. તા. ૧૫/૯/૨૬ના કૈલાશવાસી થયેલ છે. તેમની સાદડી તા. ૧૮/૯/૨૬ શુક્રવારના ૪ થી ૬ ક. આર.એન.એ.કોટિયાલ ક્લબ હાઉસ, પહેલે માળ, શાંતિપાર્ક, પી.વી. દોશી હોસ્પિટલ પાસે. મીરા રોડ.(ઈ).

**હાલાઈ લોહાણા**

કેશોદ નિવાસી હાલ કાંદીવલી, જયંતીલાલ મથુરાદાસ ધનેશા (ઉં. વ. ૯૧) તે વિજયાબેનના પતિ. મીના, ઉમેશ, કીર્તી, નીલેશ તથા સુનિલના પિતાશ્રી. સુલા, બીના, તૃપ્તી, હસમુખ આયા, સ્વ. ભરત સાયાનીના સસરા, સ્વ. જયાબેન ઉનડકટ, સ્વ. મંગળાબેન, મનુભાઈ તથા વિનુભાઈના ભાઈ. સ્વ. નાનજીભાઈ વસંત (સરદારગઢ) ના જમાઈ. તા. ૧૫/૯/૨૬ના શ્રીજીચરણ પામેલ છે. બંને પક્ષની પ્રાર્થનાસભા ૧૭/૯/૨૬ના રોજ સાંજે ૫ થી ૭. હાલાઈ લોહાણા બાલાશ્રમ, મથુરાદાસ એક્સ્ટ. રોડ, અતુલ ટાવર પાસે, કાંદીવલી વેસ્ટ. લૌકિક રિવાજ બંધ છે.

**ઘોઘારી લોહાણા**

ગામ સાવરકુંડલા હાલ કલ્યાણ નિવાસી, પુષ્પાબેન મથુરાદાસ કાનાણી (ઉં. વ. ૭૭) સોમવાર તા.૧૪/૦૯/૨૬ના શ્રીજીચરણ પામેલ છે. તે સ્વ.કાન્તાબેન ભગવાનદાસ કાનાણીના પુત્રવધૂ. સ્વ. પ્રફુલભાઈ, ફાલ્ગુનીના માતુશ્રી, સ્વ. મનસુખલાલ, નવનીતભાઈ, સ્વ. રમેશભાઈ, સ્વ. જગદીશભાઈ, સ્વ. જ્યોત્સનાબેન, સ્વ. હર્ષાબેન નીતિનભાઈ ઠક્કર, નયનાબેન નરેશભાઈ પોપટના ભાભી. સ્વ. ચંપાબેન વલ્લભદાસલાલની દીકરી. ચંદ્રાબેન અરવિંદકુમાર કોટક, સ્વ. વિરેન્દ્રભાઈ, મુકેશભાઈ, ક્રિષ્નાબેન કેતનકુમાર વિઠલાણીના બહેન. પ્રાર્થનાસભા તેમજ લૌકિક વ્યવહાર રાખેલ નથી.

**ગણદેવી લાડ વણિક**

કુમુદબેન કંચનલાલ શ્રોફ (ઉં. વ. ૯૩) હાલ મુંબઈ, રીટા બાજવાલા, જગદીપ, કેતન, સ્વ. શૈલા શાહના માતુશ્રી. સ્વ. કંચનબેન નાનુભાઈ શાહના દીકરી. સ્વ. મીનાબેન, સ્વ. કોકિલાબેન, સ્વ. સતીશભાઈ, સ્વ. જીતેન્દ્રભાઈ, ઉમેશભાઈના બેન, સ્વ. અરુણ બાજવાલા, ચેતના, બેલાના સાસુ. કેયુર બાજવાળા, આશના, દીપેન, વૈશાલીના નાની-દાદી, સ્વ. લીલાબેન, સ્વ. નવીનભાઈ, સ્વ. હીરાબેન સ્વ. ભરતભાઈના ભાભી. ૧૫/૯/૨૬ના સ્વર્ગવાસી થયેલ છે. રિવાજ, લૌકિક ક્રિયા, પ્રાર્થનાસભા વી. રાખેલ નથી.

**વિસા સોરઠિયા વણિક**

સ્વ. ધીરજલાલ દ્વારકાદાસ શાહના ધર્મપત્ની, ઈન્દિરાબેન શાહ (ઉં. વ. ૮૬) હાલ કાંદિવલી, તે વ્રજેશ અને ઉત્તમના માતુશ્રી. જયા અને પૂર્વીના સાસુ. માધવદાસ - રંજનબેન, સ્વ. ભગવાનદાસ - સ્વ. સરોજબેન, નિર્મળાબેન રજનીકાંત, ચંપાબેન હરકિશનદાસ, ચંદ્રાબેન ખુશાલદાસના ભાભી. મંજુલાબેન અમૃતલાલ, નલિનીબેન લવચંદ, ભારતીબેન મહેશભાઈ, ભરતભાઈના બહેન, તા. ૧૧-૯-૨૬ના શ્રીજીચરણ પામ્યા છે. પ્રાર્થનાસભા તા. ૧૮-૯-૨૬ના શુક્રવાર સાંજે ૫ થી ૭. શ્રીવર્ધમાન સ્થાનકવાસી જૈન શ્રાવક સંઘ, પારેખ લેન કોર્નર, ૫ મા માળે, એસ. વી. રોડ, કાંદિવલી વેસ્ટ.

**ઘોઘારી લોહાણા**

લાખણકા નિવાસી હાલ વિલે પારલે, સ્વ. હસમુખલાલ પોપટલાલ વજાણી (ઉં. વ. ૮૨) તે સ્વ. હીરાબેન પોપટલાલ વજાણીના પુત્ર, ભારતીબેનના પતિ. હેમલ વજાણી, મીતા કેયુર શાહ, નીના નીરલ, મેઘા મનોજ, બિનલ નિમેષના પિતા. સ્વ. રસિકલાલભાઈ, સ્વ. મનુભાઈ, સ્વ. લખુભાઈ, સ્વ. દમયંતીબેન હરિયાણી, સ્વ. સરોજબેન અઢીયા, સ્વ. પ્રફુલાબેન મોતિવલાના ભાઈ, સ્વ. ગીરધરલાલ નરસીદાસ કારીયા ( રાજકોટ) ના જમાઈ તા. ૧૩-૦૯-૨૬ના શ્રીજીચરણ પામેલ છે. પ્રાર્થનાસભા એનએસએમ સ્કૂલ, નવા સમાજ મંડળ માર્ગ, દીક્ષિત ક્રોસ રોડ, વિલે પાર્લે (પૂર્વ), મુંબઈ ખાતે તા. ૧૮-૦૯-૨૬ (શુક્રવાર) ના રોજ સાંજે ૫ થી ૭.

# પારસી મરણ

નરગીશ જીમી મનદ્રોઇના તે મરહુમ જીમીના ધનયાની. તે મરહુમો કુમી બાહાદુરશા વાડીયાના દીકરી. તે પીનાઝના માતાજી. તે કેરફેગર, પરવીઝ, કેશમીરા, નીલુફર, ગેવર, ખુદાબકશના મામી. તે મરહુમો રતામાય પીરોજશા મનદ્રોઇના વહુ. તે મરહુમ હોરમઝજી ગંદેવીયાના કઝીન બ્રધર. (ઉં. વ. ૭૫) રે. ઠે. કાંગા બિલ્ડિંગ, ૧લે માળે, રૂમ નં.૫, ડો. આંબેડકર રોડ, દાદર (ઇસ્ટ), મુંબઇ-૪૦૦૦૧૪. ઉઠમણાંની ક્રિયાઃ તા. ૧૭-૯-૨૬ને દિને બપોરે ૩.૪૦ વાગે નારીયેલવાલા અગિયારીમાં છેજી.

પામેલ છે.બન્ને પક્ષની ભાવયાત્રા તા. ૧૮-૯-૨૬ના શુક્રવારે બપોરે ૩થી ૬. ઠે. દામોદરવાડી, અશોક ચક્રવર્તી રોડ, કાંદિવલી (ઇસ્ટ).

**પાટણ વિશા શ્રીમાળી જૈન**

ઢંઢેરવાડાના હાલ મરીન ડ્રાઇવ મુંબઇ ચંદ્રકાંતભાઇ શાંતિલાલ શાહ (ઉં. વ. ૯૪), તા. ૧૬-૯-૨૬ના અરિહંતશરણ પામેલ છે. સ્વ. સુશીલાબેનના પતિ. સ્વ. સરસ્વતીબેન શાંતિલાલ શાહના સુપુત્ર. સ્વ. ચંદ્રાવતીબેન કાંતિલાલ શાહના જમાઇ. કામીની તથા રાજીવના પિતાશ્રી. બીન્નીના સસરા. પૂજા, રિષભના દાદા. તે સ્વ. મધુબેન, હરેશભાઇ, કેતનભાઇ, શકુંતલાબેન, ધરણેન્દ્રભાઇ તથા સ્વ. ભરતભાઇના ભાઇ. લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**ઘોઘારી વિશા શ્રીમાળી જૈન**

ઘેટી નિવાસી હાલ ઘાટકોપર અશ્વિનભાઇ વૃજલાલ મહેતાના ધર્મપત્ની અ. સૌ. મીતાબેન (ઉં. વ. ૭૧) તા. ૧૫-૯-૨૬ના અરિહંતશરણ પામેલ છે. તે સંકેત-માનસી અને પંક્તિ-અક્ષયકુમારના માતુશ્રી. ભવ્યમના નાની. શૌર્યના દાદી. તે પિયર પક્ષે ભાવનગરવાળા રતિલાલ ગિરધરલાલના દીકરી. સાદડી તથા લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**ઝાલાવાડી દશા શ્રીમાળી સ્થા. જૈન**

છતરિયાળા નિવાસી હાલ બોરીવલી, સ્વ. પ્રાણલાલ મગનલાલ શાહના ધર્મપત્ની સરોજબેન (ઉં. વ. ૮૭) તે સ્વ. રાજેશ, પંકજ, પરેશ તથા પારુલના માતુશ્રી. કલ્પના, રશ્મિતા નીપા અતુલકુમારના સાસુ. ઉગામેડી નિવાસી સ્વ. અંજવાળીબેન ગીરધરલાલ શેઠના દીકરી. સ્વ. લક્ષ્મીદાસ, સ્વ. જશવંતભાઈ, સ્વ. વિનોદભાઈ, સ્વ. હર્ષદભાઈ, સ્વ. ઉપેન્દ્રભાઈ પ્રતાપભાઈ, ભારતીબેન કિશોરભાઈ દોઢીવાળા નયનાબેન અશોકભાઈ મગીયાના બેન. ૧૩/૯/૨૬ના રોજ અરિહંતશરણ પામેલ છે. પ્રાર્થનાસભા તથા લૌકિક વ્યવહાર બંધ છે.

**કચ્છી વિશા ઓશવાળ જૈન**

નરેડીના રાજેશ નાગડા (ઉં. વ. ૫૩) તા. - ૧૨/૦૯/૨૬ના અવસાન પામેલ છે વેજબાઈ કલ્યાણજી નાગડાના પૌત્ર, દમયંતી મેઘજીના સુપુત્ર. જયેશ્રીના પતિ. રોશનીના પપ્પા. નીતા, કલ્પના, દિલીપ,અલ્પેશના ભાઈ, ખેરગામના સવિતા (રૂકશા) ભીખુભાઈના જમાઈ. પ્રાર્થનાસભા રાખેલ નથી, ચક્ષુદાન, ત્વચાદાન કરેલ છે. નિવાસ : રાજેશ નાગડા, જે/૫૦૧, નવનીત નગર દેશલેપાડા ડોમ્બીવલી ઈસ્ટ.

મેરાઉના રાજેશ નાનજીભાઇ શાહ (દેઢીયા) (ઉં. વ. ૬૧) શુક્રવાર, તા. ૧૧-૯-૨૬ ના દેહત્યાગ કરેલ છે. હિરાકુંવરબેન નાનજીભાઇ ચાંપશી શાહ ના પુત્ર. લતા ના પતિ. લક્ષ્મીચંદ, રસીક, સ્નેહલતા ના ભાઇ. ચીયાસરના અમૃતબેન જયંતીલાલ રતનશી મારૂના જમાઇ. પ્રાર્થના રાખેલ નથી. નિ. રાજેશ શાહ, ૩૦૯/૪૦૧, ત્રિકાલ સો., પંતનગર, ઘાટકોપર (ઇ), મું. ૭૫.

વડાલા હાલે બોરીવલીના કાંતીલાલ જેઠાલાલ ગાલા (ઉં. વ. ૭૭) તા. ૧૪-૦૯-૨૬નાં અરિહંત શરણ પામેલ છે. કુંવરબાઇ ધારશીના પૌત્ર. મણીબેન જેઠાલાલના સુપુત્ર. વિમળાબેનના પતિ. વિલેશ, અમીષના પિતાશ્રી. કલ્યાણજીના ભાઇ. બારોઇના લક્ષ્મીબેન રામજી કેશવજી કેનીઆના જમાઇ. પ્રાર્થના રાખેલ નથી. ઠે. અમીષ ગાલા, ૨૦૧, માતૃછાયા, દૌલતનગર, રોડ નં. ૯, બોરીવલી (ઇસ્ટ), મું. ૬૬.

દેઢીયાના ભાઈલાલ પાસડ (ઉં. વ. ૭૭) તા. ૧૩/૦૯/૨૬ ના દેશમાં અવસાન પામેલ છે ગંગાબાઈ મુરજી પાસડના પૌત્ર, સરસ્વતી ખીમજીના સુપુત્ર વિનોદ, દિલીપના ભાઈ, સાભરાઈના મુલબાઈ પાસુ હરીયાના દોહિત્ર. પ્રાર્થના સભા રાખેલ નથી. નિવાસ સ્થાન દિલીપ પાસડ-બી/૨૦૫,ઓમ ગોપાલ કૃષ્ણા, રામનગર ડોમ્બીવલી ઈસ્ટ.

કોડાયનાં શ્રી કૈલાસ રવજી લાલન (ઉં. વ. ૭૯) તા. ૧૦/૦૯/૨૬ નાં મદુરાઇમાં સદ્‌ગતિ પામ્યા છે. સાકરબેન રવજી મોરારજીનાં પુત્ર. ભારતીનાં પતિ. મિતલ, હેપીનનાં પિતા. સુરેન્દ્ર, નરેન્દ્રનાં ભાઈ. ભોજાય વિજયાબેન હીરજી ભાણજીનાં જમાઈ. મુંબઈમાં પ્રાર્થના રાખેલ નથી. ચક્ષુદાન કરેલ છે. નિ.કૈલાસ લાલન. ૭, અરિહંત સોસાયટી, ઐયર બંગલો, ન્યૂ નથમ રોડ, મદુરાઇ - ૬૨૫૦૧૭.

ભુજપુર હાલે સોલાપુરના શ્રી લક્ષ્મીચંદ જીવરાજ દેઢિયા (ઉં. વ. ૮૦) નું તા. ૧૩-૦૯-૨૬ના અવસાન થયું છે. તેઓ માતુશ્રી મક્કાબાઈ જીવરાજના પુત્ર. દિવ્યાના પતિ. અમિત, યોગીતાના પિતા. ખેતબાઈ છગનલાલના જમાઈ. હીરજી, દામજી, બિદડાના મણીબેન ગાંગજી, બેરાજાના સુંદરબેન ડુંગરશી, કપાયાના વેલબાઈ લાલજી, રામાણિયાના નિર્મલાબેન દામજી, કાંડાગરાના લક્ષ્મીબેન મુલચંદના ભાઈ. પ્રાર્થના રાખેલ નથી. નિવાસ સ્થાન : દિવ્યા દેઢિયા, બીએન-૧૧, વેંકટેશ એપાર્ટમેન્ટ, સાત રસ્તા, સોલાપુર. ૪૧૩૦૦૩.

શેરડીના નાનજીભાઈ દેઢિયા (ઉં. વ. ૮૩) તા. ૧૦-૯ ના અવસાન પામેલ છે. ખેતબાઈ ખીમજીના પુત્ર. મેઘબાઈ પાલણ શિવજીના જમાઈ. સુંદરબેન ખેરાજ ના ભત્રીજા. મંજુલાબેનના પતિ. વિમલ, મિલન, પંકજના પિતા. પોપટ, દેવજી, હરખચંદ, ચંપક, સાકરના ભાઈ. પ્રાર્થના રાખેલ નથી. ચક્ષુદાન, ત્વચાદાન કરેલ છે. નિ. પંકજ દેઢીયા, ૧૦૫, સિલ્વર એવેન્યું, બી.પી.એસ. દેવીદયાલ રોડ, મુલુંડ-વે, મું.

ડુમરાના પ્રેમજી (પ્રેમમામા) શામજી ગડા (ઉં. વ. ૮૬) તા.૧૧-૯-૨૬ના અવસાન પામેલ છે. મેઘબાઈ શામજીના પુત્ર. ભારતીબેન (ભાણબાઈ)ના પતિ. કમલેશ, વિજય, દક્ષાના પિતા. વિશનજી, રતિલાલ, મોંઘીબાઈ, લક્ષ્મીબાઈ, પ્રેમીલાબેન (બબીબાઈ)ના ભાઈ. મોંઘીબાઈ દામજી નાગડાના જમાઈ. પ્રા. શુભ મંગલ હોલ, એવરેસ્ટ શોપીંગ સેંટર, ડોંબિવલી (ઈ) ટા. ૨.૩૦ થી ૪. ત્વચાદાન કરેલ છે.

સાડાઉના માતુશ્રી સાકરબેન (મણીબેન) શામજી વીજપાર ગાલા (ઉં. વ. ૯૨)તા. ૧૪-૯-૨૬ના દેહ પરિવર્તન કરેલ છે. માતુશ્રી દેવકાબેન વીજપારના પુત્રવધૂ. સ્વ શામજીના પત્ની, માતુશ્રી સોનબાઈ ડુંગરશીના સુપુત્રી, વાડીલાલ, બગડાના પાનબાઈ ગાંગજી, પ્રાગપુરના દમયંતીબેન વેલજી, મોખાના ઝવેરબેન દામજી, વડાલાના કસ્તુરબેન હરીલાલના બહેન, ગુણાનુવાદ સભા રાખેલ નથી. નિ. વાડીલાલ ડુંગરશી દેઢિયા , ૯, પ્રશાંત બિલ્ડીંગ, દત્તપાડા રોડ બોરીવલી ઇસ્ટ મુંબઈ.

**મરણ ખબર માટેની સૂચના** | મૃત્યુનોંધ સાંજે ૭-30 સુધી જ સ્વીકારવામાં આવશે | (૧) મરનારનું નામ (૨) તારીખ (૩) ઉંમર (૪) ક્યાં ગુજરી ગયા છે એ જગ્યા (૫) માતાનું નામ (૬) પિતાનું નામ (૭) ગમે તે ત્રણ સગાઇ (૮) પ્રાર્થનાસભા સ્થળ, તારીખ, સમય. મૃત્યુનોંધ આપનારે ઉપર જણાવ્યા મુજબની વિગતો જ પોતાના લેટરહેડ પર લખીને આપવાની રહેશે. સગાઈરૂપે લખાયેલાં વધારાના નામોની કાપકૂપ થાય તો એ માટે કોઈ સંવાદને સ્થાન રહેશે નહીં. (૫૦ શબ્દથી વધારે નહીં). - વ્યવસ્થાપક

# પુરુષ

feedback@bombaysamachar.com
મેલ મેટર્સ
અંકિત દેસાઈ

## શું પુરુષને મા કે પત્ની એવા ઑપ્શન આપીને વિમાસણમાં મૂકી શકાય?

ભારતીય પરિવારની વ્યવસ્થામાં અને ખાસ કરીને પુરુષના જીવનમાં બે સ્ત્રીનું સ્થાન સૌથી વધુ મહત્ત્વપૂર્ણ અને નિર્ણાયક હોય છે: એક તેને જન્મ આપનારી મા અને બીજી તેની સાથે જીવન વિતાવવા આવનારી પત્ની. દુ:ખની વાત એ છે કે આપણી સામાજિક માનસિકતામાં અને ઘણીવાર ઘરની ચાર દીવાલો વચ્ચે આ બે પવિત્ર સંબંધોને સામસામે ઊભા કરી દેવાની એક અણસમજુ પરંપરા ચાલી આવી છે. ઘણીવાર પત્નીઓ હસતાં-રમતાં, મજાક-મજાકમાં કે પછી કોઈ સામાન્ય બોલાચાલી દરમિયાન પોતાના પતિને એક અતિશય અસંવેદનશીલ સવાલ પૂછી બેસે છે: 'હું કે તારી મા? તારે બેમાંથી એકને પસંદ કરવી હોય તો કોને કરશે?' પ્રથમ દૃષ્ટિએ આ સવાલ એક સામાન્ય ચર્ચા કે રમૂજ જેવો લાગે છે, પરંતુ વાસ્તવમાં આ પ્રશ્ન પુરુષના મન પર એક ભારે દબાણ અને અસહ્ય વિમાસણ ઊભી કરે છે.


AI

સૌથી પહેલાં તો એ સમજવું અત્યંત જરૂરી છે કે મા અને પત્નીએ બંનેના વજૂદ, બંનેના સંબંધની પ્રકૃતિ અને જીવનમાં બંનેની અહેમિયત સાવ જુદી જુદી હોય છે. એક પુરુષના અસ્તિત્વમાં આ બંને સ્ત્રી અલગ-અલગ તબક્કે આવે છે અને પોતાના વિશિષ્ટ સ્થાને વિરાજમાન થાય છે. આ બે સંબંધ વચ્ચે કોઈ સ્પર્ધા હોઈ જ ન શકે અને જ્યાં સ્પર્ધાનો કોઈ અવકાશ જ નથી, ત્યાં એકની પસંદગી કરવાનો વિકલ્પ આપવો એ જ સૈદ્ધાંતિક રીતે ગેરવાજબી અને અતાર્કિક છે.

મા એ ભૂતકાળ અને વર્તમાનનું એવું સરનામું છે જેણે પુરુષને આ દુનિયામાં લાવવા માટે શારીરિક વેદના સહન કરી છે, તેને પોતાના લોહીથી સિંચ્યો છે અને પોતાનાં સુખોનો ભોગ આપીને એક નાદાન બાળકમાંથી એક સમજદાર પુરુષ બનાવ્યો છે. માનો પ્રેમ નિ:સ્વાર્થ, વાત્સલ્યસભર અને નિરપેક્ષ હોય છે. તે બાળકના ઉછેર, તેની સુરક્ષા અને તેના સંસ્કારોનું પ્રતીક છે.

બીજી તરફ, પત્ની એ પુરુષના વર્તમાન અને ભવિષ્યની સાથી છે. તે પોતાનું જન્મસ્થળ, પોતાનો પરિવાર અને પોતાની અટક છોડીને એક નવા ઘરને અપનાવવા આવે છે. તે પુરુષની સુખ-દુ:ખની ભાગીદાર છે, તેની સપનાઓની સહયાત્રી છે અને નવી પેઢીને જન્મ આપીને વંશવેલો આગળ ધપાવનારી સખી છે.

હવે વિચાર કરો કે આ બે અલગ-અલગ વિભાવનાઓની સરખામણી કેવી રીતે શક્ય બને? શું કોઈ વૃક્ષને તેનાં મૂળિયાં અને તેના ફળ વચ્ચે પસંદગી કરવાનું કહી શકાય? મૂળિયાં વિના વૃક્ષનું કોઈ અસ્તિત્વ નથી હોતું અને ફળ કે ફૂલ વિના તે વૃક્ષ અધૂરું રહી જાય છે. બસ, પુરુષના જીવનમાં મા એ તેનાં મૂળિયાં છે અને પત્ની એ તેનું ખીલતું ફળ કે ભવિષ્ય છે. આ બંનેમાંથી એક પણ તત્ત્વ વિના પુરુષનું જીવન પરિપૂર્ણ બની શકતું નથી.

જ્યારે પત્ની મજાકમાં પણ 'હું કે તારી મા?' એવો ઑપ્શન આપે ત્યારે તે અજાણતાં જ પુરુષના મનોજગતમાં એક મોટો આઘાત સર્જે છે. પુરુષ જ્યારે આવા પ્રશ્નનો સામનો કરે છે ત્યારે તે એક ધર્મના સંકટમાં મુકાઈ જાય છે. જો તે માની બાજુ લે તો પત્નીને લાગે છે કે તેના પ્રેમ અને સમર્પણની કોઈ કિંમત નથી અને જો તે પત્નીની વાતને સમર્થન આપે તો તેને પોતાની જાત પર એક અપરાધભાવ થાય છે કે જે માએ તેને મોટો કર્યો તેનો તે અનાદર કરી રહ્યો છે. આ પરિસ્થિતિ પુરુષ માટે 'આગળ કૂવો ને પાછળ ખાઈ' જેવી બની જાય છે.

સરખામણી કે વિકલ્પ આપવાની આ ટેવ પાછળ ઘણીવાર સ્ત્રીની અસુરક્ષાની ભાવોના અથવા સત્તાની ખેંચતાણ છુપાયેલી હોય છે. પત્ની જ્યારે નવા ઘરમાં આવે છે ત્યારે તે ઇચ્છે છે કે પતિના જીવનમાં તેનું સ્થાન અગ્રક્રમે હોય. આ ઇચ્છા સ્વાભાવિક અને વ્યાજબી છે, પરંતુ તે સ્થાન મેળવવા માટે માના સ્થાનને નાનું સાબિત કરવું કે તેને ભૂંસી નાખવાનો પ્રયાસ કરવો એ તાર્કિક નથી. પ્રેમ એ કોઈ મર્યાદિત જથ્થો નથી કે જો પતિ પોતાની માને પ્રેમ કરશે તો પત્ની માટે પ્રેમ ઓછો થઈ જશે. હૃદયમાં દરેક સંબંધ માટે અલગ-અલગ ખાનાંઓ હોય છે અને એક સાચો પુરુષ બંને સંબંધને પોતપોતાની જગ્યાએ પૂરો આદર અને સ્નેહ આપી શકે છે.

જ્યારે મજાકમાં પણ 'હું કે તારી મા?' જેવો પ્રશ્ન વારંવાર પૂછવામાં આવે ત્યારે તે સંબંધોની પવિત્રતાને ઓછી કરે છે અને ઘરમાં એક અદૃશ્ય તણાવ ઊભો કરે છે. પતિ-પત્નીના સંબંધનો પાયો પરસ્પર સમજણ, આદર અને એકબીજાના ભૂતકાળ તથા સંબંધોને સ્વીકારવા પર ટકેલો છે. જો પત્ની ખરેખર પોતાના પતિને પ્રેમ કરતી હોય તો તેણે એ વાત સમજવી જોઈએ કે જે પુરુષ પોતાની જન્મદાત્રી માનો આદર નથી કરી શકતો કે તેનો સંગાથ છોડી દે તો તે ભવિષ્યમાં પોતાની પત્ની પ્રત્યે પણ વફાદાર રહેશે તેની શું ખાતરી? મા પ્રત્યેનો પ્રેમ એ પુરુષની સંવેદનશીલતા અને કૃતજ્ઞતાનું પ્રમાણ છે, કોઈ પત્ની પ્રત્યેની ઉપેક્ષા નથી.

એ જ રીતે પુરુષે પણ આ બંને સંબંધ વચ્ચે યોગ્ય સમતુલન જાળવવાની કળા શીખવી પડે છે. તેણે માના પ્રેમમાં અંધ થઈને પત્ની પર થતા અન્યાયને નજરઅંદાજ ન કરવો જોઈએ કે પછી પત્નીના મોહમાં પડીને માના ઉપકારોને ભૂલી ન જવા જોઈએ. હા, જ્યારે પ્રશ્ન પસંદગીનો આવે ત્યારે ઘરમાં એવું વાતાવરણ નિર્માણ થવું જોઈએ જ્યાં આવી પસંદગી કરવાની નોબત જ ન આવે.

સમાજ તરીકે અને એક પરિવાર તરીકે આપણે એ સમજવાની જરૂર છે કે મા અને પત્ની એ બે સામસામે ઊભા રહેલા પ્રતિસ્પર્ધીઓ નથી, પરંતુ એક જ ઘરના બે મજબૂત સ્તંભો છે. પત્નીએ એ સમજવું પડશે કે પતિના હૃદયમાં માનું સ્થાન આદર અને ફરજનું છે, જ્યારે પત્નીનું સ્થાન સહચાર અને પ્રેમનું છે. આ બંને લાગણી સાવ ભિન્ન છે અને તેમની વચ્ચે તુલના થઈ જ ન શકે.

છેવટે તો પુરુષને આવા અસહજ વિકલ્પો આપીને વિમાસણમાં મૂકવો એ સંબંધોની પરિપક્વતા નથી. મજાકની પણ એક સીમા હોય છે અને જે મજાક સામેવાળા વ્યક્તિને માનસિક પીડા કે અસમંજસમાં મૂકે તે રમૂજ નહીં પણ એક વણનોતરી સમસ્યા બની જાય છે. તેથી દરેક પત્નીએ આ આદતમાંથી બહાર આવીને પતિના જીવનમાં માના સ્થાનનો સ્વીકાર કરવો જોઈએ અને પતિએ પણ પત્નીને એવો વિશ્વાસ અપાવવો જોઈએ કે માના અસ્તિત્વથી પત્નીના પ્રેમ કે સ્થાનમાં ક્યારેય ઘટાડો નહીં થાય. જ્યારે આ સમજણ સ્થાપિત થશે ત્યારે જ ઘરમાં સાચો પ્રેમ, શાંતિ અને સમરસતા જળવાઈ રહેશે. ■




પત્નીને પત્ર

કૌશિક મહેતા feedback@bombaysamachar.com

## બાળકને બચાવો... મા તો બીજી મળી જશે!

*ડિયર હની,*

એક અખબારી અહેવાલે મને વિચલિત કરી દીધો છે. એક માએ પોલીસમાં ફરિયાદ કરી છે એના સાસરિયાઓ સામે. આ પરિણીતાએ ફરિયાદમાં કહ્યું છે કે એની ડિલિવરી થવાની હતી.

કેટલીક તબીબી સમસ્યા આવી હતી અને ડૉક્ટરે કહ્યું કે શક્ય છે કે બેમાંથી એકને બચાવી શકીએ. સાસરિયાઓએ કલ્પનામાં ના આવે એવો જવાબ આપ્યો : 'બાળકને બચાવી લો, મા તો બીજી મળી જશે...!'

આવું કોઈ માણસ માણસ હોય તો... કેમ કહી શકે? પોતાના દીકરાની પત્ની, ઘરની વહુ માટે... કલ્પના કરીએ તો પણ શરીરનાં રૂંવાડાં ઊભાં થઈ જાય છે. આ જ પરિણીતા પહેલીવાર ગર્ભવતી થઈ ત્યારે એના પતિએ માર માર્યો અને એ પડી ગઈ, વાગ્યું અને એમાં પેટમાંનું બાળક મૃત્યુ પામ્યું અને ગર્ભપાત કરવો પડ્યો હતો. પોલીસ તો જે કાર્યવાહી કરવાની હશે તે કરતી રહેશે, પણ આ ઘટનાએ મનમાં ઘણા તરંગો સર્જ્યા છે. આપણે બંનેએ આ વિશે ઘણી ચર્ચા કરી છે. આવા કિસ્સાનો પાર પણ નથી. એકાદ બે કિસ્સા જણાવું.:

કેરળનો 'વિસ્મયા કેસ' બહુ ચર્ચામાં રહ્યો હતો. કેરળની આયુર્વેદિક મેડિકલની વિદ્યાર્થિની વિસ્મયાનાં લગ્ન કિરણ કુમાર નામના સરકારી કર્મચારી સાથે થયાં હતાં. લગ્નના થોડા જ સમયમાં સાસરિયાઓ દ્વારા ગાડી અને સોનાના દહેજ માટે તેને શારીરિક અને માનસિક રીતે તોડવામાં આવી. વિસ્મયાએ તેના પરિવારને વૉટ્સઍપ પર તેના પર થતા અત્યાચારના ફોટા અને ચૅટ મેસેજ મોકલ્યા હતા, જેમાં તેણે જણાવ્યું હતું કે તેના પતિ તેને મારઝૂડ કરે છે અને વાળ પકડીને ઘરમાં ફરે છે.

આ કિસ્સાનો અંત બહુ કરુણ હતો. ૨૦૨૧માં વિસ્મયા તેના સાસરે શંકાસ્પદ સંજોગોમાં મૃત હાલતમાં મળી આવી હતી. આ કેસે સમગ્ર દેશમાં આક્રોશ જગાવ્યો હતો. કેરળ કોર્ટે કડક કાર્યવાહી કરીને પતિ કિરણ કુમારને દોષિત ઠેરવ્યો અને ૧૦ વર્ષની સજા ફટકારી હતી. આ કેસે સાબિત કર્યું કે ઉચ્ચ શિક્ષણ પામેલી યુવતીઓ પણ કઈ રીતે બંધ બારણે ઘરેલુ હિંસાનો ભોગ બને છે.

બીજો કિસ્સો દિલ્હીની શ્રદ્ધા વાલકરનો છે. ભલે આ કિસ્સો પરંપરાગત લગ્નનો ન હતો, પરંતુ તે અત્યંત ચર્ચાસ્પદ અને ઘરેલુ હિંસાનું સૌથી ભયાનક સ્વરૂપ સાબિત થયો હતો, જેણે સમગ્ર દેશને હચમચાવી નાખ્યો હતો. દિલ્હીમાં આફતાબ પૂનાવાલા દ્વારા તેની પાર્ટનર શ્રદ્ધાની ક્રૂરતાપૂર્વક હત્યા કરવામાં આવી પછી શ્રદ્ધાના દેહના ટુકડા ટુકડા કરીને એની લીવ ઈન પાર્ટનરે જંગલમાં ફગાવી દીધા. એમના વચ્ચે સતત થતી બોલાચાલી, શારીરિક હિંસા અને નિયંત્રણ રાખવાની વૃત્તિ કઈ રીતે ખતરનાક હદ સુધી પહોંચી શકે છે તેનું આ ઉદાહરણ હતું.

આ બંને કેસ દર્શાવે છે કે જ્યારે ઘરની ચાર દીવાલો વચ્ચે સંબંધમાં હિંસા હદ વટાવી જાય છે ત્યારે તે માનવતા માટે કેટલું ઘાતક સાબિત થાય છે.

ક્રાઇમના બ્યુરોના તાજા આંકડા પણ આવું જ કહે છે કે ભારતમાં મહિલાઓ સામેના ગુનાઓમાં મોટો હિસ્સો ઘરેલુ હિંસા અને પારિવારિક ત્રાસનો હોય છે. આપણે ત્યાં નોંધાતા મહિલા વિરુદ્ધના કુલ ગુનાઓમાં આ સૌથી મોટો વર્ગ છે. દર વર્ષે આ શીર્ષક હેઠળ એક લાખથી વધુ કેસ માત્ર પોલીસ ચોપડે નોંધાય છે. આ આંકડાઓ ફક્ત તે જ કેસો દર્શાવે છે જે પોલીસ સુધી પહોંચે છે; સામાજિક ડર, બદનામી કે પરિવારના દબાણને કારણે મોટી સંખ્યામાં કેસો ક્યારેય નોંધાતા જ નથી.

'નૅશનલ ફૅમિલી હેલ્થ' સર્વેના આંકડામાં પારિવારિક હિંસાનું વાસ્તવિક ચિત્ર ખૂબ જ ચોંકાવનારું છે. ભારતમાં આશરે ૩૧.૨% પરિણીત મહિલાઓએ (૧૫થી ૪૯ વર્ષની વય જૂથમાં) તેમના જીવનસાથી દ્વારા કોઈ ને કોઈ પ્રકારની ઘરેલુ હિંસાનો સામનો કર્યો હોવાનું સ્વીકાર્યું છે. આ હિંસામાં શારીરિક હિંસામાં આશરે ૨૮.૫% મહિલાઓ શિકાર બને છે. ભાવનાત્મક/માનસિક ત્રાસની વાત કરીએ તો આશરે ૧૩.૧% મહિલાઓ. જાતીય સતામણીમાં આશરે ૫.૭% મહિલાઓ શિકાર બને છે.

કેટલાંક રાજ્યોમાં (જેવા કે કર્ણાટક, બિહાર, મણિપુર, તેલંગાણા વગેરે) આ પ્રમાણ ૩૫%થી ૪૫% સુધી કે તેથી વધુ પણ નોંધાયું છે. હા, કાયદાઓ છે પણ એનો લાભ કેટલાને મળે છે? ઘણા કિસ્સા તો પોલીસ સ્ટેશને પહોંચતા પણ નથી ને પહોંચે છે તેમાંથી ઘણા કિસ્સામાં પોલીસનું વલણ પણ ચર્ચાસ્પદ હોય છે.

આપણા એક ચોકીદારનો કિસ્સો યાદ છે ને? એ ચોકીદાર દારૂ પીને પત્નીને મારતો. બંનેને લઈ સોસાયટીના પ્રમુખ મારી પાસે આવ્યા ત્યારે ચોકીદાર પર બહુ ગુસ્સો આવ્યો હતો. પછી એને સમજાવતાં કહ્યું કે તારો હાથ કેમ ઊપડે? પણ ઘણા ઘરમાં આ વાત સામાન્ય હોય છે. પત્નીઓ સહન કરી લે છે. અને ઘરના લોકો પાસે વાત મુકાય તો સમજાવી લેવાય છે કે 'હવે બીજીવાર નહીં થાય' એવો ભરોસો અપાય છે. આ સિલસિલો અટકતો નથી. અટકવો જોઈએ, એ માટે મહિલાઓએ જાગૃત થવું પડશે ને થવું જ જોઈએ.

*તારો બન્ની*

# સંધ્યા છાયા

feedback.ladki@
bombaysamachar.com
નીલા સંઘવી

## આવો છે આ આવકારદાયક કાયદો...


જે માતા-પિતાએ સંતાનને જન્મ આપ્યો, ઉછેર્યાં, શિક્ષિત કર્યાં, સંતાન માટે ભારે જહેમત ઉઠાવી પોતે ભૂખ્યા રહીને પણ સંતાનને ખવડાવ્યું એ જ માતા-પિતા જયારે વૃદ્ધ થઈ જાય, અશક્ત થઈ જાય ત્યારે સાચવવાની સંતાનની જવાબદારી બને છે, સંતાન જ્યારે નાનું હોય ત્યારે માતા-પિતા તેની દરેક જરૂરિયાત પૂર્ણ કરે છે. એ જ રીતે માતા-પિતા અશક્ત થાય ત્યારે સંતાનોએ પણ તેમની દરેક જરૂરિયાત પૂર્ણ કરવાની ફરજ બને છે. જોકે ઘણીવાર સંતાનો આ ફરજ ચૂકી જાય છે. સંતાનો ફરજ ચૂકે ત્યારે સરકારે કડક કાયદા બનાવવાની જરૂર પડે છે, જેથી કાયદાના ડરે પણ સંતાનો માતા-પિતાની દેખભાળ કરે. જોકે કાયદાના ડરથી મા-બાપને સાચવવાં પડે એ પરિસ્થિતિ પણ જરાય આવકારદાયક નથી, છતાં 'ન મામા કરતાં કાણો મામો સારો' એમ સમજીને પરિસ્થિતિને સ્વીકારવી જ રહી. પોતાની જાતે જ પ્રેમથી, પોતાની ફરજ સમજીને જે રીતે મા-બાપે પોતાને ઉછર્યાં છે એ જ રીતે વૃદ્ધાવસ્થામાં મા-બાપને સાચવવામાં આવે આદર્શ સ્થિતિ છે, પણ જ્યારે આદર્શ અસ્તિત્વમાં ન હોય ત્યારે કાયદા દ્વારા ફરજિયાતપણે પણ માતા-પિતાને સાચવવાં પડે એવી સ્થિતિ ન છૂટકે પણ અપનાવવી પડે.

તાજેતરમાં ઉત્તર પ્રદેશમાં વૃદ્ધ માતા-પિતાની સુરક્ષા માટે કૅબિનેટે એક નવો કાયદો બનાવ્યો, જે દરેક મા-બાપ અને ખાસ કરીને દરેક સંતાને જાણવા જેવો છે.

આ કાયદા અનુસાર જો સંતાનો માતા-પિતાની સંભાળ ન રાખે, તેમની જરૂરિયાતોનું ધ્યાન ન રાખે તો માતા-પિતા પોતાનાં સંતાનો પોતાની પ્રૉપર્ટીમાંથી બેદખલ કરી શકશે. જો સંતાનો હેરાન કરતાં હોય, સંભાળ રાખતાં ન હોય તો વરિષ્ઠ નાગરિકો આગામી થોડા સમયમાં સરકાર દ્વારા જાહેર થનારા ટોલ ફ્રી હેલ્પલાઇન પર ફરિયાદ કરી શકશે.

કૅબિનેટ દ્વારા મંજૂર કરાવેલા સુધારાને કાયદા તરીકે અમલમાં મૂકવા માટે વિધાનસભામાં પસાર થયા પછી એને રાજ્યપાલની સંમતિની જરૂર પડશે એમ છતાં યોગી સરકારનો આ પ્રયાસ વરિષ્ઠ નાગરિક માટે વૃદ્ધાવસ્થાને સરળ બનાવવા માટે મહત્ત્વપૂર્ણ છે.

### વૃદ્ધ માતા-પિતાનો સુરક્ષા કાયદો



AI

નવી જોગવાઈઓ અને આ કાયદા હેઠળ માતા-પિતા તેમનાં બાળકોને તેમની મિલકતમાંથી બેદખલ કરવાની પ્રક્રિયા પણ નિર્ધારિત કરવામાં આવી છે. જો કોઈ વરિષ્ઠ નાગરિકનાં સંતાનો અથવા અન્ય આશ્રિત સંબંધીઓ તેમનું ભરણપોષણ કરતાં નથી અથવા તેમની સાથે કોઈ પણ રીતે દુર્વ્યવહાર કરે છે તો પીડિત વરિષ્ઠ નાગરિક તેમને પોતાની મિલકતમાંથી બેદખલ કરી શકશે. આવા કાયદાને કારણે પરિવારના સભ્યો તેમનાં માતા-પિતાની સંભાળ રાખવા અને આદર-માન-સન્માન આપવા પ્રોત્સાહિત થશે.

વરિષ્ઠ નાગરિકો આ યોજનાના લાભ સરળતાથી મેળવી શકે એ માટે સંતાનોને પોતાની મિલકતમાંથી બેદખલ કરવાની પ્રક્રિયાને સ્પષ્ટ અને સમયબદ્ધ બનાવવા પ્રત્યે ધ્યાન આપવામાં આવ્યું છે. વરિષ્ઠ નાગરિકોને સહાય કરવા માટે સરકાર ટૂંક સમયમાં જ ટોલ ફ્રી નંબર જાહેર કરશે.

નવી જોગવાઈઓ અનુસાર આવા કિસ્સાઓમાં ફરિયાદ જિલ્લા મૅજિસ્ટ્રેટ સમક્ષ નોંધાવી શકાય છે. આ અધિકારીઓએ આવા તમામ કેસોનો માસિક અહેવાલ સરકારને સુપરત કરવાની જવાબદારી નિભાવવાની રહેશે. ફરિયાદોની સુનાવણી ૩૦ દિવસની અંદર કરવામાં આવશે. આના કારણે વરિષ્ઠ નાગરિકોને લાંબા સમય સુધી રાહ જોવી નહીં પડે.

આવા કાયદાઓની તાતી અને તાત્કાલિક જરૂર છે. જોકે આવા કાયદા અમલમાં મૂકવાની જરૂર પડે એ ખરેખર દુ:ખદ પરિસ્થિતિ છે, પણ શું થઈ શકે? જમાનો બદલાયો છે. વૃદ્ધ માતા-પિતાને 'ડસ્ટબીન' કચરા ટોપલી ગણવામાં આવે છે ત્યારે આવા કડક કાયદા કરીને એ જુવાનિયાઓને પાઠ ભણાવવો જરૂરી છે. જે યુવાની અને પૈસાના મદમાં મા-બાપના ઉપકારને ભૂલી ગયા છે, જે એ સમજતાં નથી કે આજે જે જગ્યાએ જે સ્થિતિમાં મારાં મા-બાપ છે એ જગ્યાએ એ સ્થિતિમાં આવતી કાલે હું હોઈશ ત્યારે આજે જે એમની દશા છે તે આવતી કાલે મારી થશે. 'મુજ વીતી તુજ વીતશે, ધીરી બાપુડિયા' આ વાત તેઓ આજે સમજી શકતાં નથી. તેથી તેમની સામે કડક હાથે કામ કરવું-લેવું જરૂરી છે. 'સોટી વાગે ચમચમ અને વિદ્યા આવે ઝમઝમ' જેવી વાત છે. જ્યારે વૃદ્ધ માતા-પિતા દ્વારા તેમને મિલકતમાંથી રદબાતલ કરવાની વાત આવશે ત્યારે તે સીધાં દોર થઈ જશે. ત્યારે તેમને ખ્યાલ આવશે કે આ અશક્ત હાથોને પણ સરકારે મોટી શક્તિ આપી દીધી છે. વૃદ્ધ માતા-પિતાનો અનાદર કરનાર સંતાનોને પોતાની મિલકત આપવા કરતાં તો મિલકતનું ટ્રસ્ટ કરીને સમાજ સેવી સંસ્થાઓને મિલકત આપી દેવી સારી. આવાં કડક પગલાં માતા-પિતા અને સરકાર દ્વારા લેવામાં આવશે.

આપણે કેટલા બધા કિસ્સાઓમાં જોયું છે કે માતા-પિતાની મિલકત મીઠું મીઠું બોલીને સંતાનો પોતાને નામે કરાવી લે છે અને પછી વૃદ્ધ મા-બાપને ધક્કો મારી દે. ભૂલેચૂકે સંતાનોએ માતા-પિતાની મિલકત કાવાદાવાથી એ પોતાને નામ કરાવી લીધા હોય તો એને રિવર્સ કરી શકવાની જોગવાઈ કાયદામાં હોવી જોઈએ. જો એવી જોગવાઈ કદાચ હોય તો મારી જાણમાં નથી, પણ જો ન હોય તો આવી બળજોગવાઈ સરકારે સત્વરે કરવી જોઈએ. ■

મુંબઈ સમાચાર YouTube ગુજરાતી
ગૃહિણી સાથે ગોસિપ
રોજિંદા કામકાજની વ્યસ્તતા વચ્ચે મેળવો હળવી પળો અને રસપ્રદ વાતોનો ખજાનો.
મુંબઈ સમાચારની ઑફિશિયલ ગુજરાતી યુટ્યૂબ ચેનલ પર સવારે ૧૧ વાગ્યે.
https://youtu.be/xCgAP5_7Xao
આજે જ સબસ્ક્રાઇબ કરો અને જોડાયેલા રહો!

# મુંબઈ સમાચાર લાડકી

કથા કોલાજ
કાજલ ઓઝા-વૈદ્ય
feedback.ladki@bombaysamachar.com

## લગ્ન વગર હું મારું શરીર કોઈ પુરુષને નહીં સોંપું!

(ભાગ: ૩)
**નામ: એન બોલેઇન**
સમય: જાન્યુઆરી, ૧૫૫૯
સ્થળ: વેસ્ટમિનિસ્ટર એબે, લંડન
ઉંમર: ૫૮ વર્ષ (જો જીવિત હોત તો)

**મેરી** લંડનના દરબારમાં મજા કરતી હતી, હેન્રી પર્સીને મારાથી દૂર કરી દેવામાં આવ્યો... મેં જે ઇચ્છ્યું, જે મેળવવાનો પ્રયત્ન કર્યો એ બધું જ મારા હાથમાંથી સરકી ગયું. હું વધુ ને વધુ કડવી થતી ગઈ. એક-બે વાર મને આત્મહત્યાનો વિચાર પણ આવ્યો, પરંતુ એ મારી પ્રકૃતિ નહોતી. મારો ભાઈ જ્યૉર્જ એની રમતોમાં અને રાજનીતિ શીખવામાં વ્યસ્ત હતો. હું બહુ એકલી પડવા લાગી હતી. મારી એકલતા અને હતાશા જોઈને મને મારા પિતાએ નેધરલૅન્ડમાં માર્ગારિટ ઑફ ઑસ્ટ્રિયાના દરબારમાં થોડો સમય હવાફેર માટે મોકલી. એ જ વખતે ઇંગ્લૅન્ડની રાજકુમારી મેરી ટ્યૂડરનાં લગ્ન ફ્રાંસના રાજા સાથે થયાં... એણે મારા પિતાને વિનંતી કરી કે હું એની સાથે ફ્રાંસ જાઉં. મારા પિતાએ પરવાનગી આપી અને હું ટ્યૂડર સાથે ફ્રાંસ ગઈ. જોકે ટ્યૂડરનું તરત જ અવસાન થયું, પરંતુ ત્યાં સુધીમાં ફ્રાંસની નવી રાણી ક્લોદ સાથે મારી મિત્રતા ગાઢ થઈ ગઈ હતી. એણે મને ફ્રાંસમાં રોકી દીધી. હવે હું ફ્રાંસની રાણીની કમ્પેનિયન, મિત્ર કે સલાહકાર બની. હું ફ્રાંસની રાણી સાથે રહેતી હતી, બધી જ સગવડો, વૈભવ અને આનંદ હતાં તેમ છતાં હું એની 'ગુલામ' હતી. એની ઇચ્છા, એનો આદેશ મને ગમે કે ન ગમે મારે માનવા પડતા. જોકે ફ્રાંસ અને રાણી ક્લોદે મને ઘણું આપ્યું. નૃત્ય, સંગીત, શિષ્ટાચાર, રાજનીતિ, વાંચન, ફ્રેન્ચ ભાષા અને એની સાથે જોડાયેલી આખી સંસ્કૃતિ એણે મારા વ્યક્તિત્વમાં ઉમેરી આપી. હવે હું એક જુદી જ વ્યક્તિ હતી. મારી ઉદ્દંડતા અને કડવાશ ઉપર તેજસ્વિતા, પ્રખર બુદ્ધિ અને અનેક આવડતોનાં પડ ચડી ચૂક્યાં હતાં. અહીંના ઉમરાવો મારી સાથે સમય વિતાવવા તલપાપડ હતા. રાણી ક્લોદની મહેફિલોમાં હું આકર્ષણનું કેન્દ્ર બની રહેતી તેમ છતાં મારે અહીં આખી જિંદગી વિતાવવી નહોતી એ મારા મનમાં સ્પષ્ટ હતું. હું અહીંથી નીકળવા માટેનો રસ્તો શોધતી હતી.

...ત્યાં વળી મેરીએ હેન્રી ૮મા, ઇંગ્લૅન્ડના રાજાથી ગર્ભવતી હોવાના સમાચાર આપ્યા. રાજા ખુશ થયા, પણ મારા મામા અને પિતાને આ સમાચારથી ફાળ પડી... હવે મેરી ગર્ભવતી હોય તો રાજા એની પાસે નહીં જાય, જશે તો પણ ખબર પૂછવા કે થોડી મિનિટો વિતાવવા માટે... એનો અર્થ એ થયો કે રાજાનું દિલ બહેલાવવા માટે હવે એક બીજી કન્યા અહીં પ્રવેશશે... એવું કશું બને તે પહેલાં મારા મામા અને પિતાએ મને, ગર્ભવતી બહેન મેરીની સેવા માટે ઇંગ્લૅન્ડ મોકલવાનું નક્કી કર્યું. નવાઈની વાત એ છે કે આ વખતે ના પાડવા કે ગુસ્સે થવાને બદલે મેં આ નિર્ણય સ્વીકારી લીધો! મારે મેરી પર વેર વાળવાનું હતું, આ એને માટે મને મળેલી સુવર્ણ તક હતી... મેં લંડન જવા માટે તૈયારી કરી લીધી.


એન બોલેઈન

હું જ્યારે લંડન પહોંચી ત્યારે મેરીને સમજાઈ ગયું કે હું કયા ઉદ્દેશથી ત્યાં પહોંચી હતી. એ ગર્ભવતી હતી. એને હરવા-ફરવાની મનાઈ હતી. રાજાનાં આટઆટલાં બાળકો ગુજરી ગયાં હતાં એટલે એમને મેરી પાસેથી પુત્ર, રાજ્યના વારસની અપેક્ષા હતી. એની પૂરી કાળજી લેવાતી, પરંતુ રાજા હેન્રી અઠવાડિયે એક જ વાર દસ મિનિટ માટે એની ખબર પૂછવા આવતા. બાકીનો સમય મેરીએ એની પરિચારિકા સાથે વિતાવવાનો રહેતો. મેં લંડન પહોંચીને મેરીની કાળજી લેવાનું શરૂ કર્યું ત્યારે પહેલીવાર હેન્રી સાથે મારી મુલાકાત થઈ. મારી તેજસ્વિતા, વાંચન પછી મળેલું અગાઢ જ્ઞાન, વાક્પટુતા અને સૌંદર્યમાં આવેલો નિખાર હેન્રીને આકર્ષી ગયો. હું એની આંખમાં પ્રશંસા જોઈ શકી, પરંતુ અંતે તો પુરુષ, ને એ પણ રાજા! એમ સહજતાથી પોતે તિરસ્કારેલી સ્ત્રીને કઈ રીતે સ્વીકારે? હેન્રીની મહેફિલમાં મને એમની પાસે બેસવા નહોતું મળતું, પરંતુ એના ઉમરાવ મારી વાતો સાંભળવા ઉત્સુક રહેતા. યુરોપના રાજકારણ વિશેની મારી જાણકારી અને સમજ એમને અભિભૂત કરી નાખતાં. ધીમે ધીમે આ વાતો રાજા સુધી પહોંચી. એમણે એક દિવસ મને પોતાની બાજુમાં બેસવા નિમંત્રિત કરી અને કહ્યું, તમે એવી તે શી વાતો કરો છો જે સાંભળવા સૌ આટલા બધા ઉત્સુક હોય છે. હવે હું પહેલાંની જેમ નાદાન અને અણસમજુ નહોતી. રાજાને કંઈ પણ કડવો જવાબ આપવાને બદલે મેં કહ્યું, આપની સમજ અને ચતુરાઈ સામે મારી શી વિસાત? રાજાને સ્વાભાવિક રીતે જ મારો જવાબ ગમ્યો. એમણે એ પછી મને જે પ્રશ્નો પૂછ્યા એના મેં ટૂંકમાં, પરંતુ ચતુરાઈભર્યા જવાબો આપ્યા... એમણે મને મહેલમાં રહેવા આમંત્રિત કરી!

હું મહેલમાં રહેવા લાગી, પણ હેન્રીથી અંતર જાળવવાનું કામ બરાબર કરતી રહી. એમની સાથે વાઇન પીવા, ચોપાટ રમવા બેસતી. એમને પુસ્તકો વાંચી સંભળાવતી, પરંતુ એ જેવા નીકટ આવવાનો પ્રયાસ કરે કે તરત હું ઊંઘનું, તબિયતનું બહાનું કાઢીને મારા આવાસમાં પાછી આવી જતી. હું જોઈ શકતી હતી કે હેન્રી મને પામવા બેચેન હતો. એ જેમ વધુ બેચેન થતો એમ એની નજીક જવાના મારા રસ્તા અને રીત ખૂલતા જતાં હતાં. હેન્રી અવારનવાર મને ભેટ મોકલવા લાગ્યો. જે હું સન્માનપૂર્વક પાછી વાળતી. હેન્રી ઉશ્કેરાતો. વધુ મોંઘી, વધુ સુંદર ભેટ મોકલતો. હું વધુ સન્માનથી પાછી વાળતી... હેન્રી કોઈ પણ રીતે મને મેળવવા ઇચ્છતો હતો, એક દિવસ જ્યારે એણે મને ચુંબન કરવાનો પ્રયાસ કર્યો ત્યારે મેં એને કહ્યું, હું લગ્ન વગર મારું શરીર કોઈ પુરુષને નહીં સોંપું. આ હેન્રીની સત્તા ઉપર સીધો આઘાત હતો... એ કોઈ પણ રીતે મને પોતાની બનાવવા માગતો હતો, જેમાં કેથરિન ઑફ આરાગોન, એની પત્ની બહુ જ મોટો કાંટો હતી. મેરી એની પત્ની નહોતી એટલે મેરીને તો એણે સહજતાથી ભુલાવી દીધી. હવે એ અઠવાડિયાને બદલે ૧૨-૧૫ દિવસે એક વાર મેરીને મળવા જતો. હું જ્યારે મેરીને મળવા જતી ત્યારે એ દુઃખી થતી, પીડાતી અને મેં એના પ્રેમને છીનવી લીધો છે એવી ફરિયાદ કરતી... મેં એને જવાબ આપ્યો, તેં મારા પ્રેમને છીનવ્યો હતો, મેં તો ફક્ત મારો પ્રેમ પાછો મેળવવાનો પ્રયાસ કર્યો છે!

હેન્રીને હજીયે મેરી પાસેથી પુત્રની આશા હતી. જો મેરી એમને દીકરો આપી શકી હોત તો કદાચ હેન્રીનો મોહ મારા માટે ઓછો થયો હોત, પણ નસીબ મારી સાથે હતું. મેરીએ એક દીકરીને જન્મ આપ્યો. એનું નામ કેથરિન પાડવામાં આવ્યું. દીકરીના જન્મના સમાચાર જાણ્યા પછી રાજા હેન્રી પોતાની પ્રિયતમા મેરીને મળવા પણ ન ગયા... એ સીધા મારા ઓરડામાં આવ્યા અને મારી સાથે સંભોગ કરવાનો પ્રયત્ન કર્યો, પરંતુ મારો જવાબ એ જ હતો, હું લગ્ન પછી જ તમને મારું શરીર આપીશ.

હેન્રી સાથે લગ્નનો મારો આગ્રહ વધતો ગયો તેમ તેમ એની વાસના ફૂંફાડા મારવા લાગી. એક દિવસ એણે ઉશ્કેરાઈને મારા પર બળાત્કાર કર્યો. મેં એને રોકવાનો પ્રયત્ન તો કર્યો, પણ હું ઇચ્છતી હતી કે એ હવે મારા શરીરને, યૌવનને અને સૌંદર્યને પૂરેપૂરું નીરખે અને માણે... એ બળાત્કાર પછી મેં હીવર કાસલ પાછા જવાની જીદ પકડી. હેન્રીને સમજાઈ ગયું કે એ મને ખોઈ બેસશે એટલે એણે ચર્ચ ઑફ ઇંગ્લૅન્ડની પાદરીની સામે મારી સાથે ૨૫ જાન્યુઆરી, ૧૫૩૩ના દિવસે છુપાં લગ્ન કરી લીધાં. આ લગ્ન જાહેર થઈ શકે એમ નહોતાં, પરંતુ ધીરે ધીરે મેં હેન્રીને મારી બુદ્ધિ અને આવડતથી એવો તૈયાર કર્યો કે એણે કેથરિન ઑફ આરાગોનને કઈ રીતે દૂર કરી શકાય એના ધમપછાડા કરવાનું શરૂ કર્યું. પોપ ક્યારેય છૂટાછેડાની પરવાનગી નહીં આપે એવી ખાતરી હોવાને કારણે એણે ચર્ચ ઑફ ઇંગ્લૅન્ડ પાસેથી રજા માગી જેનો કાયદેસર વડો ઇંગ્લૅન્ડનો રાજા ગણાય છે. કેથરિન પર વારસ ન આપી શકવાનો, રાજાને ખુશ ન રાખી શકવાનો અને પત્ની તરીકેની ફરજો પૂરી ન કરી શકવાનો આરોપ મૂકીને એને મુક્ત કરવાનું નક્કી થયું. ૧૫૩૩માં પહેલી જૂને અમારાં લ ન જાહેર કરવામાં આવ્યાં અને ઇંગ્લૅન્ડની રાણી તરીકે મારો રાજ્યાભિષેક થયો ત્યારે હું ગર્ભવતી હતી!

મારી સાથે લગ્ન કરવા માટે હેન્રીએ રોમન કેથલિક ચર્ચ સાથે સંબંધ તોડી નાખવો પડ્યો. પોતે ચર્ચ ઑફ ઇંગ્લૅન્ડના વડા બન્યા જેથી કાયદા બદલી શકાય. જોકે આ નિર્ણય એમને પછીથી ખૂબ મોંઘો પડ્યો... મારું હેન્રી ૮માની રાણી બનવાનું સ્વપ્ન પૂરું થયું... (ક્રમશઃ)■

ટીના દોશી
feedback.ladki@bombaysamachar.com

## ટપાલ ટિકિટમાં અનોખી નારી

## નોબેલ પુરસ્કૃત પ્રથમ મહિલા: મેરી ક્યુરી

નામ: મેરી ક્યુરી
ઓળખ: વૈજ્ઞાનિક
ટપાલ ટિકિટ બહાર પાડ્યાની તારીખ : ૬.૧૧.૧૯૬૮
ટિકિટનું મૂલ્ય : ૨૦ પૈસા

**નોબેલ** પુરસ્કાર જીતનાર પ્રથમ મહિલા, બે વાર નોબેલ પુરસ્કાર જીતનાર પ્રથમ વ્યક્તિ અને બે અલગ અલગ વૈજ્ઞાનિક ક્ષેત્રોમાં નોબેલ પુરસ્કાર જીતનાર એકમાત્ર વ્યક્તિ હોવા ઉપરાંત પેરિસ યુનિવર્સિટીમાં પ્રોફેસર બનનાર પ્રથમ મહિલા... કહો જોઉં, એ કોણ છે?

મૂળ નામ તો મારિયા સલોમીયા સ્ક્લોડોવસ્કા, પણ મેરી ક્યુરી તરીકે જાણીતાં થયાં. રસાયણ અને ભૌતિકશાસ્ત્રનાં પ્રસિદ્ધ પોલિશ-ફ્રેન્ચ મહિલા વૈજ્ઞાનિક. માદામ મેરી ક્યુરી. પતિ પિયર ક્યુરી. વિજ્ઞાનક્ષેત્રે અત્યંત આદર અને સન્માનથી લેવાતાં નામ. પોલોનિયમ તથા રેડિયમ નામનાં બે રેડિયોઍક્ટિવ તત્ત્વોના શોધક તથા ૧૯૦૩માં ભૌતિકશાસ્ત્રમાં તેમજ ૧૯૧૧માં રસાયણશાસ્ત્રમાં નોબેલ પુરસ્કારવિજેતા. ૧૯૦૩માં તેમના પતિ પિયેર ક્યુરી તથા વિજ્ઞાની આંરી બેકરલ સાથે રેડિયોઍક્ટિવિટીની શોધ માટે ભૌતિકશાસ્ત્રનું નોબેલ પ્રાઇઝ ત્રણે વચ્ચે સંયુક્ત રીતે એનાયત કરવામાં આવેલું. મેરી ક્યુરીને મળેલા પુરસ્કારોની યાદી જોઈએ : ભૌતિકશાસ્ત્રમાં નોબેલ પુરસ્કાર-૧૯૦૩, માટ્ટેયુચીમેડલ-૧૯૦૪, એક્ટોનિયન પુરસ્કાર-૧૯૦૭, એલિયટ ક્રેસન મેડલ-૧૯૦૯, આલ્બર્ટ મેડલ-૧૯૧૦, રસાયણશાસ્ત્રમાં નોબેલ પુરસ્કાર-૧૯૧૧, વિલાર્ડ ગિબ્સ એવોર્ડ-૧૯૨૧, જોન સ્કોટ મેડલ-૧૯૨૧, એડિનબર્ગ યુનિવર્સિટીના ઉપચારશાસ્ત્ર માટે કેમેરોન પુરસ્કાર-૧૯૩૧...

આવાં પ્રતિભાશાળી મેરી ક્યુરીનો જન્મ ૭ નવેમ્બર ૧૮૬૭ના રોજ રશિયન સામ્રાજ્યના કૉંગ્રેસ પોલેન્ડમાં વોર્સોમાં થયો. ૪ જુલાઈ ૧૯૩૪ના પેરિસમાં મૃત્યુ. બ્રોનિસ્લાવા ને બોગુસ્કા અને વ્લાડિસ્લાવ સ્ક્લોડોવસ્કીના પાંચમા અને સૌથી નાના સંતાન. ઉપનામ મેનિયા. નાનપણથી જ ભણવામાં ખૂબ રસ તેથી હંમેશાં પુસ્તકો સાથે જ રાખતાં. નાની વયે જ માતાના અવસાનથી ઘણો આઘાત લાગ્યો, પણ જિમ્નશિયમ સેકન્ડરી સ્કૂલ ફોર ગર્લ્સમાં અભ્યાસ પૂરો કરી ૧૨ જૂન ૧૮૮૩ના ગોલ્ડ મેડલ સાથે હાઈસ્કૂલ ગ્રૅજ્યુએટ થયાં. પિતાના માથેથી આર્થિક બોજો હળવો કરવા ગવર્નેસ અને શિક્ષિકા તરીકે કામ કર્યું. પિતા પાસેથી વિજ્ઞાનના વિષયનો રસ મેળવ્યો હોવાથી ૧૮૯૧માં વોર્સો છોડી પેરિસની સોરબોન યુનિવર્સિટીમાં પ્રવેશ મેળવ્યો. આર્થિક મર્યાદાઓને લીધે દિવસે યુનિવર્સિટીમાં અભ્યાસ કરતાં અને રાત્રે ભંડકિયામાં પૂરતાં ગરમ કપડાં વગર પણ પરીક્ષાની તૈયારી કરતાં. ૧૮૯૩માં ગણિતશાસ્ત્રમાં અને ૧૮૯૪માં ભૌતિકશાસ્ત્રમાં સ્નાતક થયાં.




૧૮૯૪ની વસંતઋતુમાં ફ્રેંચ ભૌતિકશાસ્ત્રી પિયેર ક્યુરી સાથે મુલાકાત થઈ, બંને પરસ્પર આકર્ષાયાં. ૨૬ જુલાઈ ૧૮૯૫ના રોજ તેમનાં લગ્ન સ્કેઉકસમાં થયાં. ૧૮૯૭માં પહેલી પુત્રી આઇરીન અને ૧૯૦૪માં બીજી પુત્રી ઈવને જન્મ આપ્યો. દરમિયાન, જુલાઈ ૧૮૯૮માં ક્યુરી અને તેમના પતિએ તેમના વતન પોલેન્ડના માનમાં 'પોલોનિયમ' નામના તત્ત્વના અસ્તિત્વની જાહેરાત કરતું એક સંયુક્ત પેપર પ્રકાશિત કર્યું. ૨૬ ડિસેમ્બર ૧૮૯૮ના રોજ ક્યુરીઓએ બીજા તત્ત્વના અસ્તિત્વની જાહેરાત કરી, જેને તેમણે 'રેડિયમ' નામ આપ્યું, જે લેટિન શબ્દ 'રે' પરથી આવ્યો છે. તેમના સંશોધન દરમિયાન તેમણે 'રેડિયોએક્ટિવિટી૧' શબ્દ પણ બનાવ્યો.

આ અરસામાં પેરિસની સ્કૂલ ઑફ ફિઝિક્સ ઍન્ડ ઇન્ડસ્ટ્રિયલ કેમિસ્ટ્રીની પ્રયોગશાળામાં ડોક્ટરેટની ઉપાધિ માટેનું સંશોધનકાર્ય કરી મહાનિબંધ લખી મેરી ક્યુરીને ડોક્ટરેટની ઉપાધિ મળી. ૧૯૦૩માં ક્યુરી દંપતીને બેકરલની સાથે પદાર્થ વિજ્ઞાનનું નોબેલ પારિતોષિક એનાયત થયું. બીજા જ વર્ષે સોરબોન યુનિવર્સિટીમાં પિયેરની પ્રાધ્યાપક તરીકે નિયુક્તિ થઈ અને મેરી તેમનાં સહાયક બન્યાં.

૧૯ એપ્રિલ ૧૯૦૬ના માર્ગ પર ટ્રક-અકસ્માતમાં પિયેરનું અવસાન થયું. પતિના અવસાન બાદ મેરી વ્યાખ્યાતા તથા પ્રયોગશાળાનાં ઉપરી બન્યાં અને સોરબોન યુનિવર્સિટીમાં પ્રથમ મહિલાવ્યાખ્યાતા બન્યાં. કાચી ધાતુમાંથી શુદ્ધ રેડિયમને અલગ કરવા માટે ૧૯૧૧માં રસાયણશાસ્ત્રમાં બીજું નોબેલ પારિતોષિક મળ્યું. આમ બે જુદા જુદા વિષયોમાં નોબેલ મેળવનાર પ્રથમ મહિલા બન્યાં. તેમણે પોતાનું શેષ જીવન રેડિયોઍક્ટિવ પદાર્થો અને તેના તબીબી ઉપયોગના સંશોધન પાછળ ગાળ્યું. તેમના માર્ગદર્શન હેઠળ, કિરણોત્સર્ગી આઇસોટોપ્સના ઉપયોગ દ્વારા નિયોપ્લાઝમની સારવારમાં વિશ્વના પ્રથમ અભ્યાસો હાથ ધરવામાં આવ્યા. તેમણે ૧૯૨૦માં પેરિસમાં ક્યુરી ઇન્સ્ટિટ્યૂટ અને ૧૯૩૨માં વોર્સોમાં ક્યુરી ઇન્સ્ટિટ્યૂટની સ્થાપના કરી. બંને મુખ્ય તબીબી સંશોધન કેન્દ્રો રહ્યા છે. પ્રથમ વિશ્વયુદ્ધ દરમિયાન તેમણે ફિલ્ડ હોસ્પિટલોને એક્સ-રે સેવાઓ પૂરી પાડવા માટે મોબાઇલ રેડિયોગ્રાફી યુનિટ વિકસાવ્યા. ૧૯૩૨માં રેડિયમ ઇન્સ્ટિટ્યૂટ સ્થાપી, જે આજે ન્યુક્લિયર ફિઝિક્સ માટેનું અગત્યનું કેન્દ્ર છે. 'રેડિયમ થેરપી' કેન્સરના રોગ માટે અગત્યની સારવાર ગણાય છે.

પ્રથમ વિશ્વયુદ્ધ દરમિયાન તબીબી ક્ષેત્રે, ઍક્સ-કિરણોના ઉપયોગને વિકસાવવા માટે મેરીએ પોતાની જાતને પૂરેપૂરી સમર્પિત કરી. ક્યુરીએ કહેલું કે ઘાયલ સૈનિકોનું શક્ય તેટલી વહેલી તકે ઓપરેશન કરવામાં આવે તો તે શ્રેષ્ઠ રીતે સેવા આપી શકે છે. યુદ્ધભૂમિના સર્જનોને મદદ કરવા માટે ફ્રન્ટ લાઇનની નજીક ફિલ્ડ રેડિયોલોજીકલ સેન્ટરોની જરૂરિયાત જોઈ, જેમાં અંગો બચાવી શકાય ત્યારે અંગવિચ્છેદનને ટાળવાનો પણ સમાવેશ થાય છે. રેડિયોલોજી, શરીરરચના અને ઓટોમોટિવ મિકેનિક્સનો ઝડપી અભ્યાસ કર્યા પછી, મેરીએ એક્સ-રે સાધનો, વાહનો અને સહાયક જનરેટર મેળવ્યા. મોબાઇલ રેડિયોગ્રાફી યુનિટ્સ વિકસાવ્યા, જે પેટાઇટ્સ ક્યુરીઝ-લિટલ ક્યુરીઝ તરીકે લોકપ્રિય બન્યા. તે રેડ ક્રોસ રેડિયોલોજી સર્વિસના ડિરેક્ટર બન્યા અને ૧૯૧૪ના અંત સુધીમાં કાર્યરત ફ્રાન્સના પ્રથમ લશ્કરી રેડિયોલોજી સેન્ટરની સ્થાપના કરી. શરૂઆતમાં લશ્કરી ડોક્ટર અને તેની ૧૭ વર્ષની પુત્રી ઇરેનની મદદથી, ક્યુરીએ યુદ્ધના પ્રથમ વર્ષમાં ફિલ્ડ હોસ્પિટલોમાં વીસમોબાઇલ રેડિયોલોજીકલ વાહનો અને બસ્સો અન્ય રેડિયોલોજીકલ યુનિટ્સની સ્થાપનાનું નિર્દેશન કર્યું. બાદમાં અન્ય મહિલાઓને સહાયક તરીકે તાલીમ આપવાનું શરૂ કર્યું.

૧૯૧૫માં ક્યુરીએ રેડિયમ ઉત્સર્જન ધરાવતી હોલો સોય બનાવી.તેનો અર્થ હતો, રેડિયમ દ્વારા છોડવામાં આવતો રંગહીન, કિરણોત્સર્ગી ગેસ-રેડોન. તેનો ઉપયોગ ચેપગ્રસ્ત પેશીઓને જંતુમુક્ત કરવા માટે કરવામાં આવ્યો. મેરીએ પોતાના એક ગ્રામ પુરવઠામાંથી રેડિયમ પૂરું પાડ્યું. એવો અંદાજ છે કે તેના એક્સ-રે યુનિટ દ્વારા દસ લાખથી વધુ ઘાયલ સૈનિકોની સારવાર કરવામાં આવી હતી.

મેરીએ પોતાનું શેષ જીવન રેડિયોઍક્ટિવ પદાર્થો અને તેના તબીબી ઉપયોગના સંશોધન પાછળ ગાળ્યું હતું. વ્યાખ્યાન આપવા માટે તે વારંવાર પરદેશ જતાં હતાં. વૈજ્ઞાનિકો માટે આંતરરાષ્ટ્રીય શિષ્યવૃત્તિઓની સ્થાપના માટે તેમણે અથાગ પ્રયત્નો કર્યા હતા. લાંબા સમય સુધી શરીર ઉપર રેડિયોઍક્ટિવ વિકિરણોનું ઉદભાસન થવાને કારણે લ્યુકેમિયાના દર્દથી તેમનું અવસાન થયું હતું. તેમની સ્મૃતિમાં પોલેન્ડે ૨૦૧૧ને આંતરરાષ્ટ્રીય રસાયણશાસ્ત્ર વર્ષ મેરી ક્યુરીનું વર્ષ જાહેર કર્યું. કૃત્રિમ તત્વ ક્યુરિયમનું નામ પણ તેમના માનમાં રાખવામાં આવ્યું છે... મેરી ક્યુરી એવાં મહિલા છે, જેમણે ક્યારેય ભારતની ભૂમિ ઉપર પગ મૂક્યો નહોતો છતાં ભારતની ટપાલ ટિકિટ પર સ્થાન મેળવ્યું, કારણ કે તેમણે આધુનિક પરમાણુ ભૌતિકશાસ્ત્ર, કેન્સર સારવાર અને રેડિયોગ્રાફીનો પાયો નાખીને યુગનિર્માણનું મહાન કાર્ય કરેલું ! ■

ઉડાન
મુગ્ધાવસ્થાથી મધ્યાવસ્થા સુધી
શ્વેતા જોષી અંતાણી
feedback.ladki@bombaysamachar.com

## જાત સુધરે તો જગત સુધરે રે લોલ...

'મમ્મી, તમે ખરેખર આ બધું કરવાના છો?'

અનન્યાએ બાલ્કનીમાંથી નીચે પાર્ક તરફ જોયું. રવિવારની સવાર હતી. સોસાયટીના મોટા ભાગના લોકો હજુ ઊંઘમાં હતા. કોઈ બાલ્કનીમાં ચા પી રહ્યું હતું, કોઈ અખબાર વાંચતું હતું અને કોઈની સવાર તો હજુ શરૂ જ નહોતી થઈ, પણ અનન્યાની મમ્મી હાથમાં એક મોટો કચરાનો થેલો લઈને તૈયાર ઊભી હતી.

'હા,' મમ્મીએ શાંતિથી કહ્યું, 'અને તું પણ મારી સાથે આવશે.'

'પણ શા માટે? આપણે સફાઈવાળા નથી!' અનન્યાના અવાજમાં ગુસ્સા કરતાં વધારે અણગમો હતો. મમ્મી હસી. 'સફાઈવાળા નથી એટલે કચરો ફેંકવાનું લાઇસન્સ પણ નથી મળતું.' અનન્યાએ આંખો ફેરવી. એને મમ્મીની આવી વાતો ઘણી વાર ગમતી તો ઘણી વાર ચીડ પણ ચડતી. એની મમ્મી સુહાસી હંમેશાં કંઈક અલગ જ કરતી. બીજાં માતા-પિતા પોતાનાં બાળકોને કહે કે સારા માર્ક્સ લાવો, સારી કૉલેજમાં ભણો, સારી નોકરી મેળવો. સુહાસી કહેતી, 'તમે જે સમાજમાં રહો છો એની જવાબદારી પણ નિભાવતાં શીખો.'

અનન્યાને આ વાતો ક્યારેક બહુ મોટી ફિલોસોફી જેવી લાગતી. એ હજુ ટીનએજર હતી. એના માટે દુનિયા એટલે મિત્રો, સ્કૂલ, પરીક્ષા, મોબાઇલ, સાઇકલ પર ફરવું અને પોતાના વિશે બીજા લોકો શું વિચારે છે એના પર ધ્યાન આપવું. ખાસ કરીને એના મિત્રો.

'મમ્મી, મારા ફ્રેન્ડ્સ જોઈ જશે તો મારી પર હસશે.'

'હસવા દે.'

'તમને કંઈ ફરક જ નથી પડતો!'

'એક દિવસ તને પણ નહીં પડે.'

થોડી વારમાં બંને પાર્કમાં પંહોચ્યાં. સુહાસી પ્લાસ્ટિકની થેલીઓ, ચૉકલેટના રેપર, ખાલી કપ, પાણીની બૉટલો અને કાગળો ભેગા કરવા લાગી. અનન્યા થોડે દૂર ઊભી રહી. ત્યાં જ એની બે ખાસ મિત્ર રિયા અને મિતાલી સાઇકલ ચલાવતી આવી પહોંચી.

'અરે અનન્યા!' રિયાએ હસીને કહ્યું, 'આજે તું સફાઈ કર્મચારી બની ગઈ?' બન્ને મિત્ર ખડખડાટ હસી પડ્યાં. અનન્યાના ગાલ ગરમ થઈ ગયા. 'ચુપ રહે,' એણે ધીમેથી કહ્યું.

'એ થેલો તારો છે?' મિતાલીએ મજાક કરી. અનન્યાએ કોઈ જવાબ આપ્યો નહીં. એ ક્ષણે એને પોતાની મમ્મી કરતાં પોતજાત પર વધારે ગુસ્સો આવ્યો. મમ્મી આવું કેમ કરે છે? અને હું તેમને રોકી કેમ નથી શકતી? આ પ્રશ્ન એને આખો દિવસ સતાવતો રહ્યો.

આગળના થોડા દિવસો સુધી આ જ ચાલ્યું. સુહાસી અને અનન્યા દરરોજ સવારે પાર્ક સાફ કરતાં. શરૂઆતમાં લોકો તેમને આશ્ચર્યથી જોતા. પછી કેટલાક લોકો હસવા લાગ્યા.

'મૅડમ, આખો પાર્ક તમે જ સાફ કરી નાખશો?'

'આટલો બધો ઉત્સાહ ક્યાંથી આવે છે?'

'કચરો ભેગો કરીને શું મેડલ મળવાનો છે?'

આવું બધું અનન્યા બધું સાંભળતી અને અંદરથી તૂટી જતી. એને લાગતું કે મમ્મી જે કરી રહી છે એ ખોટું નથી, છતાં લોકોની નજર સામે ઊભા રહેવું તેને મુશ્કેલ લાગતું હતું. એક દિવસ એણે ગુસ્સામાં કહ્યું,

'બસ કરો હવે. લોકો આપણી મજાક ઉડાવે છે.' સુહાસીએ હાથમાંનો કચરો થેલામાં નાખ્યો.



'અનન્યા, લોકો આજે હસે છે. કદાચ કાલે વિચારશે. અને જો કોઈ ના વિચારે તો પણ આપણે ખોટું તો નથી કરતા.'

અનન્યા ચૂપ થઈ ગઈ. મમ્મીના શબ્દો તરત સમજાયા નહીં, પરંતુ એ રાત્રે પથારીમાં પડેલી અનન્યા લાંબા સમય સુધી એ જ વિચારતી રહી. 'જો બધા લોકો માત્ર એટલા માટે સાચું કામ કરવાનું બંધ કરી દે કે લોકો શું કહેશે, તો પછી કંઈ બદલાશે કેવી રીતે?' આ વિચાર પહેલીવાર એના મનમાં ઊગ્યો હતો. ધીમે ધીમે એને મમ્મીનું કામ અલગ નજરે દેખાવા લાગ્યું.

એક દિવસ પાર્કનાં પગથિયાં ઉતરતાં સુહાસી લપસી પડી. એના પગમાં ગંભીર ઈજા થઈ. હૉસ્પિટલમાં સુહાસીએ ધીમેથી કહ્યું, 'હવે કદાચ આ સફાઈ અભિયાન થોડા દિવસ માટે બંધ કરવું પડશે.'

અનન્યાએ એની આંખોમાં પહેલીવાર નિરાશા જોઈ. એણે સુહાસીનો હાથ પકડી લીધો.

'મમ્મી, તમે ચિંતા ના કરો, હું સોસાયટી ગ્રુપમાં મેસેજ કરી દઉં છું...' સુહાસીએ નિરાશાથી માથું હલાવી સંમતિ આપી.

બીજા દિવસે રવિવાર હતો. સવારે અનન્યા બાલ્કનીમાં ઊભી હતી. તેણે પાર્ક તરફ જોયું અને અચાનક એની આંખો પહોળી થઈ ગઈ. પાર્ક એકદમ સાફ હતો. ક્યાંય પ્લાસ્ટિક નહોતું. કાગળ નહોતાં. ખાલી કપ નહોતા.

'મમ્મી!' અનન્યા બૂમ પાડી. સુહાસી લંગડાતી બાલ્કની સુધી આવી. ત્યાં જ અચાનક સાઈકલની ઘંટડીઓ વાગવા લાગી. એક પછી એક લોકો પાર્કમાં ભેગા થવા લાગ્યા. રિયા હતી. મિતાલી હતી. સોસાયટીના વડીલો હતા. બાળકો હતા. ચોકીદાર હતો. જે લોકો પહેલાં મજાક કરતા હતા એ બધા આજે હાથમાં કચરાની થેલીઓ લઈને ઊભા હતા. એમણે પાર્ક સાફ કર્યો હતો. અનન્યાની આંખો ભીની થઈ ગઈ. અચાનક બધાએ એકસાથે હાથ ઊંચો કરીને સુહાસીને સલામ કરી. અનન્યાની આંખોમાં આંસુ આવી ગયા. એ દિવસે એણે શીખ્યું કે, સાચું કામ કરવા માટે હંમેશાં લકોની મંજૂરીની જરૂર પડતી નથી. ક્યારેક શરૂઆતમાં લોકો હસે, પ્રશ્ન કરે પણ અંતે એ જ લોકો સલામ કરે છે.

સમાજ બદલવા માટે હંમેશાં કોઈ મોટી ક્રાંતિની જરૂર નથી. ક્યારેક પરિવર્તન એક નાનકડા કચરાના ટુકડાથી શરૂ થાય છે અને ક્યારેક એક તરુણીના મનમાં જન્મેલો એક નાનકડો વિચાર આખી જિંદગીની દિશા બદલી નાખે છે. ■

ફેશન
ખૂશ્બુ મુલાણી ઠક્કર
feedback.ladki@bombaysamachar.com

# ઑલ ટાઇમ ફેવરિટ બનારસી!



**બનારસી** ફૅબ્રિક એ ઉત્તર પ્રદેશના વારાણસી (બનારસ) શહેરમાં બનતું ખૂબ જ પ્રખ્યાત અને કીમતી કાપડ છે. આ ફૅબ્રિક ખાસ કરીને સિલ્કમાંથી બનાવવામાં આવે છે. બનારસી ફૅબ્રિકમાં ખાસ કરીને ફ્લોરલ પ્રિન્ટ હોય છે. તેને સિલ્વર અને ગોલ્ડન તાતણાથી હાઇલાઇટ કરવામા આવે છે. આ ફૅબ્રિક પ્યૉર સિલ્કમાંથી બનેલું હોવાથી ખૂબ જ જાડું અને મોંઘું પણ હોય છે. આ ફૅબ્રિકની સાડી કે ડ્રેસ પહેરવાથી એક રૉયલ લૂક આવે છે. જો તમારે બનારસી ફૅબ્રિકની સાડી ન પહેરવી હોય તો બીજી ઘણી રીતે બનારસી ફૅબ્રિકનો ઉપયોગ કરી શકાય. તો ચાલો જાણીએ કઈ રીતે બનારસી ફૅબ્રિકનો ઉપયોગ કરી રૉયલ લૂક આપી શકાય.

**બનારસી બ્લાઉઝઃ** બનારસી બ્લાઉઝ સાથે પ્લેન સાડી ખૂબ સુંદર લાગે છે. બનારસી બ્લાઉઝની પૅટર્ન તમે તમારી બૉડી સ્ટાઇલ મુજબ કરાવી શકો. જો તમારું શરીર સુડોળ હોય તો તમે પ્રિન્સેસ કટનું બ્લાઉઝ કરાવી શકો. બનારસી બ્લાઉઝ સાથે ખાસ કરીને શીફોનની કે જોર્જેટની સાડી પહેરવી જેથી કરી સાડીની ટ્રાન્સપરન્સીમાં બ્લાઉઝ દેખાય શકે. બનારસી બ્લાઉઝમાં એલ્બો સ્લીવ્સ તો સારી લાગે જ છે. પણ સુડોળ શરીરવાળા ફૂલ સ્લીવ્સ પણ કરાવી શકે. જો તમારું શરીર ભરેલું હોય તો તમે થોડું લાંબું બ્લાઉઝ કરાવી શકો અને બ્લાઉઝની સાઇડ પર કટ રખાવવી જેથી બ્લાઉઝ પહેર્યા પછી વળી ન શકે. ઘણી મહિલાઓને કટોરીવાળા બ્લાઉઝ જ પહેરવાં ગમે છે. તો આ બ્લાઉઝ સાથે ચંદેરી કે સિલ્કની કોઈ સાડી પહેરી શકો.

બનારસી બ્લાઉઝમાં કંરથી નીચે ૪ ઇંચ સુધી બ્લાઉઝની લેન્થ રાખી શકાય. સિમ્પલ સ્વિટહાર્ટ નેક, થ્રી ફોર્થ કે ફૂલ સ્લીવ્સ અને આ પૅટર્ન સાથે સાડી ગુજરાતી સ્ટાઇલમાં પહેરવી અને આગળથી સાડીના છેડા વડે બ્લાઉઝને કવર કરવું નહીં. જેથી આખું બ્લાઉઝ દેખાય અને કંઈક અલગ લૂક પણ આવે. જો તમને કંઈક અલગ પહેરવું હોય તો તમે શર્ટ સ્ટાઇલનું બ્લાઉઝ પણ કરાવી શકો. આ બ્લાઉઝની લેન્થ મોટાભાગે ગોઠણ કે તેની ઉપર રાખવામાં આવે છે. બનારસી બ્લાઉઝની પૅટર્ન ખાસ કરીને સિમ્પલ હોય છે કારણ કે બનારસી ફૅબ્રિક પહેર્યા પછી ખૂબ જ સ્માર્ટ લૂક આપે છે અને તે ફૅબ્રિકની ખૂબી છે.

**બનારસી શ્રગ કે જૅકેટઃ** જો તમે શ્રગ પહેરવા માગતા હોવ તો તેની લંબાઈ ઘણી ટૂંકી હોય છે અને જો જૅકેટ તરીકે પહેરવા માગતા હોવ તો જૅકેટની લેન્થ ટૂંકી થી લઈને લાંબી સુધી હોય છે. તમે તમારા બૉડી ટાઇપ પ્રમાણે જૅકેટ કે શ્રગની પસંદગી કરી શકો. જેમકે તમે લાંબા પાતળા હોવ તો તમે શ્રગ પહેરી શકો.જો ઑરેન્જ કલરની સાડી હોય તો તો તેની સાથે રાણી કલરનું શ્રગ સારું લાગી શકે. જો તમારું શરીર ભરેલું હોય તો ખાસ કરીને સાડી સાથે જૅકેટ પહેરવું જેથી કરી જો તમારી કમર કે પેટનો ભાગ વધારે હોય તો ખરાબ ન લાગે. જૅકેટ પહેરવાથી ઓવરઑલ થોડોક વધારે હેવી લૂક આવશે. વધારે હેવી દેખાવાનું ટાળવા માટે તમે સ્લીવલેસ જૅકેટ પહેરી શકો. સાડી અને જૅકેટ કે પછી સાડી અને શ્રગ તમે કૉન્ટ્રાસ્ટ કલરમાં રાખી શકો. બનારસી ફૅબ્રિકમાંથી બનાવેલ શ્રગ કે પછી જૅકેટ તમે બીજા કોઈ ગાર્મેન્ટ સાથે પણ મિક્સ એન્ડ મૅચ કરી પહેરી શકો.

**બનારસી ડ્રેસઃ** જો તમારે બનારસીમાં સાડી, કુરતા, શ્રગ કે જૅકેટ ન પહેરવું હોય તો તમે કંઈક હટકે લૂક આપવા માટે બનારસીનો ડ્રેસ પહેરી શકો. એટલે કે વન પીસ બનારસી ફૅબ્રિકમાં. જો તમે આ સ્ટાઇલને કૅરી કરી શકો તો જ આ બનારસી ફૅબ્રિકનો ડ્રેસ ટ્રાય કર જો નહીં તો તમારા પૈસા, સિલાઈ અને ફૅબ્રિક બંને નકામાં જશે. જો તમારું શરીર ભરેલું હોય તો તમે એ લિયન કે સ્ટ્રેટ ડ્રેસ પહેરી શકો. જો તમારું શરીર સુડોળ હોય તા, તમે કમર પર યોક આપીને નીચે ફ્લેર વાળો ડ્રેસ બનાવી શકાય. અથવા તો બનારસી ફૅબ્રિકનો ઘાઘરો પણ બનાવી શકાય. આ ઘાઘરા સાથે લૉન્ગ કે શૉર્ટ ટૉપ તમારી બૉડી ટાઇપ અને હાઇટ અનુસાર પહેરી શકો. ■

વિશેષ
રેખા દેશરાજ
feedback.ladki@bombaysamachar.com

# વરસાદમાં હર્બલ પીણાં... સ્વાદની સાથે તંદુરસ્તી પણ



**એમાં** કોઈ બેમત નથી કે બારીની બહાર રિમઝિમ વરસાદ થઈ રહ્યો હોય અને આપણા હાથમાં ચાનો કપ હોય તો મોસમની મજા બેગણી વધી જાય છે, પણ વરસાદની સિઝનમાં હંમેશાં દૂધવાળી ચા કે કૉફી જ કેમ? આ મોસમમાં એક નવો રસપ્રદ વિકલ્પ તમારી રસોઈમાં જગ્યા બનાવી શકે છે. જી હા, અને એ છે હર્બલ આઇસ ટી અને ઇન્ફ્યૂઝ્ડ વૉટર. તાજી જડીબુટ્ટીઓ, ફળો, મસાલાઓ અને પાણીથી તૈયાર કરવામાં આવેલા આ પીણાં સ્વાદમાં હલકાં, દેખાવમાં આકર્ષક અને રોજના હાઇડ્રેશનને મજેદાર અને સારું બનાવવા માટેનો ખૂબ જ શાનદાર વિકલ્પ છે. ખાસ વાત એ છે કે એને બનાવવા માટે કોઈ મોંઘી સામગ્રીની જરૂર નથી પડતી. ઘરમાં ઉપલબ્ધ તુલસી, ફુદીના, લિંબુ, કાકડી, આદું કે કેટલાંક મોસમી ફળોથી ઘણા પ્રકારના ફ્લેવર તૈયાર કરી શકાય છે.

**ઇન્ફ્યુઝ્ડ વૉટર શું છે?**

ઇન્ફ્યુઝ્ડ વૉટરનો મતલબ પાણીમાં ફળ, શાકભાજી, જડીબુટ્ટી કે મસાલાની થોડી થોડી માત્રા નાખીને થોડા સમય માટે છોડી દેવું જેથી તેનો સ્વાદ અને સુગંધ પાણીમાં આવી જાય. એમાં ફળનો રસ ભેળવવાની જરૂર નથી. કાકડી-ફુદીનો, લિંબુ-તુલસી, સફરજન-તજ અને સંતરા-ફુદીના જેવાં સંયોજન ઘર પર સહેલાઈથી બનાવી શકાય છે. ખાસ કરીને આ એવા લોકો માટે વધારે ઉપયોગી થઈ શકે છે જે સાદું પાણી પીવાનું પસંદ નથી કરતાં અથવા તો અનાકાની કરે છે.

**તાજગી આપે ફુદીનો અને કાકડી**

ફુદીનાનાં થોડાં પાન અને કાકડીના કેટલાક પાતળા ટુકડા એક કાચની બૉટલમાં કે જગમાં ભરીને રાખો. આ સંયોજન ખાસ કરીને ગરમીના દિવસોમાં સૌથી શાનદાર અનુભવ આપે છે. એમાં શક્કર નાખવાની જરૂર હોતી નથી, પરંતુ જેને હલકી મીઠાશ પસંદ હોય તો તે કોઈ મીઠા ફળનો ઉપયોગ કરી શકે છે. આ પાણી સ્વાદિષ્ટ અને શરીર માટે સૌથી શાનદાર છે.

**હર્બલ આઇસ ટી**

આપણે જ્યારે પણ હર્બલ ટી કહીએ છીએ ત્યારે મોટે ભાગે આપણી સામે બ્લૅક ટી કે લૅમન ટીની તસવીરો આવી જાય છે, પરંતુ હર્બલ ટી માત્ર એટલા પૂરતી જ સીમિત હોતી નથી. હર્બલ ટી હર્બલ આઇસ ટીના રૂપમાં પણ ખૂબ ગુણકારી છે. તુલસી, ફુદીના, લેમન અને આદુંથી તૈયાર કરવામાં આવેલી આ હલકી હર્બલ ટી ઠંડી કરીને પણ પી શકાય છે. એના માટે કેટલાંક પાન અને જડીબુટ્ટીને ગરમ પાણીમાં થોડા સમય માટે ડુબાવીને રાખો. આ પાણીને ગાળીને ઠંડું કરી લો. જો પસંદ હોય તો એમાં બરફ નાખીને પીવો. બરફ નાખ્યા વગર પણ એને ફ્રીજમાં રાખીને ઠંડું કરીને પી શકાય છે. હા, એમાં શક્કરને બદલે સ્વાદનુસાર મધનો ઉપયોગ કરવો, પરંતુ વધારે મીઠું ન બનાવવું. નહીં તો એ હેલ્ધી ડ્રિન્કને બદલે સ્વીટ ડ્રિન્ક બની જશે.

**આદું અને લેમન ગ્રાસનું મિશ્રણ**

આદું અને લેમન ગ્રાસનું સંયોજન વરસાદની સિઝનમાં ખૂબ જ આકર્ષક હોય છે. બન્નેને ગરમ પાણીમાં ઉકાળીને ગાળી લો અને ઠંડું થયા બાદ એમાં થોડું લિંબુ ભેળવી દો. ખાસ ધ્યાન રાખો કે આમાં આદુંની માત્રા ઓછી હોવી જોઈએ. જો આદુંની માત્રા વધારે હશે તો એ પીણું વધારે તીખું થઈ જશે. એવી જ રીતે ફળ પણ ફ્લેવરનો નવો પાર્ટનર બની શકે છે. સ્ટ્રોબેરી, સફરજન, સંતરા, દાડમ અને અન્ય બીજાં ફળો ઇન્ફ્યુઝ્ડ વૉટરનો રંગ અને સ્વાદ બન્ને બદલી દે છે. જોકે ફળ નાખવાનો મતલબ એ નથી કે પાણીમાં ફળનાં જરૂરી તત્ત્વો મળી જશે. એટલે એને ફળ ખાવાના વિકલ્પ તરીકે ન લેવું, પરંતુ ફળોના સ્વાદવાળા પાણીના રૂપમાં ઉપયોગ કરવો.

સામાન્ય રીતે સોશ્યલ મીડિયામાં ઇન્ફ્યુઝ્ડ વૉટરને ડિટૉક્સ વૉટરના રૂપમાં પ્રચાર કરવામાં આવે છે, પરંતુ ખાસ કરીને આપણાં લિવર અને કિડની શરીરને ડિટૉક્સ કરવાનું કામ કરે છે એ ધ્યાન રાખો. એટલે આવાં પીણાંને ચમત્કારિક ડિટૉક્સ ઉપચારના રૂપમાં ન જોવું, પરંતુ એને સ્વાદિસ્ટ પાણીના રૂપમાં જ જોવું જે આપણને આકર્ષક બનાવી શકે છે. જો એને શક્કર નાખ્યા વિના પ્રાકૃતિક રૂપમાં જ લેવામાં આવે તો એ આપણા રોજિંદા જીવનમાં સારો વિકલ્પ બની શકે છે. ■

ફોકસ
ઝુબૈદા વલિયાણી
feedback.ladki@bombaysamachar.com

# સંસાર એક રંગમંચ છે... આપણે બધા આ રંગમંચના કલાકાર છીએ



**કોલકતામાં** મિનરવા થિયેટરમાં ‘નીલદર્પણ’ નામનું નાટક ભજવાયું ત્યારની આ વાત છે.

- નાટકના પહેલા ખેલ વખતે બંગાળની નામાંકિત વ્યક્તિઓને નાટક જોવા આમંત્રી હતી.

- ઈશ્વરચન્દ્ર વિદ્યાસાગર પણ એ નાટક જોવા ગયા હતા.

- એ જમાનામાં સ્ત્રીનું પાત્ર પુરુષ કલાકાર જ ભજવતા.

- એક છોકરાએ ખેડૂતની દીકરીનું પાત્ર લીધું હતું.

- હવે નાટકમાં એક પ્રસંગ એવો આવે છે કે અંગ્રેજ ગોરો ખેડૂતની છોકરીની લાજ લૂંટવાનો પ્રયત્ન કરે છે.

- નાટકમાં ખેડૂતની દીકરી પાંદડું ધ્રૂજે એમ ભયથી ધ્રૂજતી દેખાય છે.

- આ કલાકારોએ એવું આબેહૂબ દશ્ય રજૂ કર્યું હતું કે પ્રેક્ષકોના મુખમાંથી પણ અરેરાટી નીકળી ગઈ કે આ ગોરો રાક્ષસ ઘડી-બે ઘડીમાં આ કુમળી કળીને ચોળી-ચૂંથી નાખશે.

- ઈશ્વરચન્દ્ર વિદ્યાસાગરનું લોહી આ દશ્ય જોતાં જ ઊકળી ઊઠ્યું.

- એ તો આવેશમાં આવી જઈ, રંગમંચ પર ચડી ગયા.

- પગમાંથી જોડો કાઢી, અંગ્રેજ ગોરાનું પાત્ર ભજવનારને ફટકારતાં બોલી ઉઠ્યા:

- ‘હરામખોર! એક ભોળી ખેડૂત કન્યાની લાજ લૂંટતાં શરમ નથી આવતી તને?’

- પ્રેક્ષકો પણ સ્તબ્ધ બનીને આ દશ્ય જોઈ રહ્યા.

- આવેશ શમી જતાં ઈશ્વરચન્દ્રને તરત ભાન થયું કે આ તો નાટક છે.

- લાજ લૂંટવાનું માત્ર અહીં તો અભિનય જ થઈ રહ્યો હતો.

- ઈશ્વરચન્દ્ર નાટક કંપનીના દિગ્દર્શકની અને એ અંગ્રેજ ગોરો બન્યો હતો એ કલાકારની ક્ષમા માગવા લાગ્યા.

- કલાકાર તો તરત જ બોલી ઊઠ્યોઃ

- પંડિતજી, આજે મને મારી કલાનું સૌથી મૂલ્યવાન પારિતોષિક મળ્યું છે. આ જોડો મારા માટે એક બહુમૂલ્ય ઉપહાર છે.’

- દિગ્દર્શકે ઈશ્વરચન્દ્ર વિદ્યાસાગરને સ્નેહભર્યા સ્વરે કહ્યું,

- ‘આપ જેવા વિદ્વાન પણ ભુલાવામાં પડીને નાટકના દશ્યને સાચું માની બેઠા એ કંઈ જેવી તેવી વાત નથી.’

- ‘આ જોડો તો અમે અમારા શો-કેસમાં રાખીશું.’

- ‘એ હવે આપને પાછો નહીં મળે.’

* લાડકી પૂર્તિના વહાલા વાચક સ્ત્રી-પુરુષ મિત્રો!

- સંસાર એક રંગમંચ છે, આપણે બધા આ રંગમંચના કલાકાર છીએ.

- પરમાત્મા તરફથી જે પાત્ર ભજવવાનું આપણા ભાગે આવ્યું છે તે પાત્ર જો આપણે નિષ્કામ ભાવે નિષ્ઠાપૂર્વક ભજવી શકીએ તો નક્કી માનજો,

- તે કર્મમાંથી જ આનંદનું એક પાવક ઝરણું વહેવા લાગશે.

- આપણને આ જન્મમાં આપણા જીવનની સાર્થકતાનો અનુભવ થશે અને...

- જીવન સાર્થક થવું અર્થાત્ મોક્ષ...

- મોક્ષના અધિકારી થવા માટે પરમાત્મા પાસે પણ કાંઈ જ માગશો નહીં.

- પરમાત્માએ તમને જે કાંઈ પણ આપ્યું હોય તેનો નિષ્ઠાપૂર્વક સ્વીકાર જ કરજો.

* * *

**ઝાકળ બિંદુ**

- નિંદા એ વૃક્ષ પરથી ખરેલા પાંદડા જેવી છે જે પવન સાથે અફવાની જેમ ફેલાય અને કઈ દિશામાં કેટલે સુધી જાય તેનો ભરોસો નહીં.

- બોલેલા શબ્દો પાછા ખેંચવા માગો તો પણ બધાં શબ્દરૂપી પાંદડાં પાછાં મેળવી શકાય નહીં.

- નિંદાના શબ્દો બૂમરેંગની જેમ બેઉ પાત્રોને નુકસાન કરી શકે.

- જે પારકાના દોષ જોઈને મલકાયા કરે છે તેને પોતાના અનંત દોષોનું ભાન નથી હોતું અને બીજું અવલોકન કે

- દુનિયાના સાતે સાગર ફરી વળી, પણ પારકી નિંદા ન કરે એવો કોઈ જ વિરલો મારા જોવામાં ન આવ્યો.

- ‘લાડકી પૂર્તિ’ના પ્રિય વાચકો! પ્રશંસાની ભૂખ વધે તો લક્ષ ચુકાય,

- ઊંચાઈ ન મળે અને સામાન્ય વ્યક્તિઓ સાથે જ જીવન વીતે,

- પ્રશંસા માનવો તરફથી નહીં, પણ ઈશ્વર - અલ્લાહ તરફથી અંતકરણમાં ઊગવી - પ્રગટવી જોઈએ.

- ‘નિંદા અને પ્રશંસાથી ઉપર ઊઠવું જોઈએ.’

- ‘દૃષ્ટિ ફક્ત મિશન પર હોવી જોઈએ...!’

**અને છેલ્લે...**

- શબ્દ શબ્દ કોઈ કહે -
  શબ્દ કે હાથ ન પાવ,
- એક શબ્દ ઔષધિ કરે -
  એક શબ્દ કરે ઘાવ
- એક શબ્દ સુખ રાસ હૈ -
  એક શબ્દ દુઃખ રાસ
- એક શબ્દ બંધન કરે -
  એક શબ્દ ગલે ફાંસ!

* * *

**સમજના જરૂરી હૈ**

*શીશા ઔર રિસ્તા વૈસે દોનો નાજુક હોતે હૈ,*
*બસ ફર્ક ઇતના હોતા હૈ કિ*
*શીશા ગલતી સે તૂટ જાતા હૈ*
*ઔર રિસ્તા ગલત ફહેમિયોંસે!* ■

લાફ્ટર આફ્ટર
પ્રજ્ઞા વશી
feedback.ladki@bombaysamachar.com

# એ તો પહેલ કરે તે જાણે




‘યાહોમ કરીને પડો ફતેહ છે આગે...’ એ કવિતા અમારી નસેનસમાં વહે. અમારા ગામની પ્રાથમિક શાળામાં અમારા શિક્ષકે કવિ નર્મદની કવિતા અમારા કંઠમાં બહુ સરસ લાગે છે એવાં વખાણ કરેલાં. એ દિવસે અમને અમારી ગાયકી ઉપર અભિમાન થયેલું અને શેર લોહી પણ શરીરમાં વધી ગયેલું. પછી તો રોજ સવારે શાળાનો પહેલો ઘંટ વાગે એટલે પ્રાર્થના, એ પછી ભજન, દેશભક્તિ અને પછી નર્મદની ‘યાહોમ કરીને પડો ફતેહ છે આગે...’ અમારે ગવડાવવાની અને અન્ય બાળકોએ ઝીલવાની. અમને તો અમારા કંઠના થયેલ વખાણ માટે એટલો ગર્વ થયો હતો કે અમે સાહેબનાં દરેક કાર્ય કરવામાં અગ્રેસર રહેવા લાગ્યાં.

પછી તો બપોરે પાંચ ક્લાસના ટાબરિયાં ભેગાં કરીને એક એકા, અગિયારા, પાયા, દોઢા અને એકથી પાંચ ધોરણની કવિતાઓ પણ અમારા સુમધુર કંઠે ગવડાવવાનો અવસર અમને જ પ્રદાન થતો. જોકે અમને બહુ મોડી ખબર પડી કે અમે ટાબરિયાંને આમ વ્યસ્ત રાખીને સાહેબ બાજુના ઓરડામાં લાંબી ઊંઘ ખેંચી લેતા હતા અને વચ્ચે વચ્ચે છીંકણીના સડાકા પણ મારી લેતા હતા.

‘યાહોમ કરીને પડો...’ કવિતા ગવડાવી ગવડાવી અમારા ગમે ત્યાં ઝુકાવી દેવાના સંસ્કાર અતિ દૃઢ બની ગયા હતા. અમે ગમે તેવા અખતરાઓ, ગમે તેવાં કપરાં કાર્યોમાં ઝુકાવવાની પહેલ કરવા લાગ્યાં. નાનપણમાં દૃઢ થયેલ સંસ્કારો જીવનના અંત સુધી સાથે જ રહે છે. બસ, આ સંસ્કારને કારણે અમારી બા હંમેશાં અમને ટોકતી રહેતી. ‘આમ બધા જ કામમાં વિચાર્યા વિના પહેલ કરવા તૈયારી ના બતાવ. ક્યારેક જીવનમાં અટવાઈ જશે!’

જોકે અમે નર્મદને ખોટો પાડવામાં ખુદ અમારી હીણપત સમજતાં હતાં. ‘નર્મદ એટલે નર્મદ’ એવું છાતી ઠોકીને કહેનાર અમે ‘ડગલું ભર્યું કે ના હટવું, ના હટવું...’ માં માનનારાં હતાં. ગામમાં સફાઈ ઝુંબેશ હોય તો સૌથી આગળ અમે જ. ઉકરડાની સફાઈ તો અમે, નવરાત્રીમાં આખી રાત ગરબા કોણ ગવડાવે? તો ભાઈ, અમારો કંઠ કે’દી કામ આવે? અમે તો એમાંય આગળ. ફળિયામાં વારાફરતી દરેકના ઘરમાં પાપડ, પાપડી, અથાણાં બનાવવાનાં હોય, લગન કે મરણ હોય તો સૌથી વધુ કામગરા અને એક્સપર્ટ તો ફક્ત અમે જ!

અમારી બા હજી અમને આવા કૃત્યમાં આગળ વધવા પહેલાં વારવાની બહુ કોશિશ કરે. પણ પથ્થર પર પાણી!

‘તારા જેવા જોરથી પાપડ ખાંડવાની તાકાત તો કોઈમાં નથી’ એવાં વખાણ સાંભળીને તો અમારા કાન અને આત્મા બંને બાગબાગ થઈ ઊઠતાં અને તરત અમે સાંબેલું લઈને લાભુકાકીના દસ-વીસ કિલો પાપડનો લોટ ખાંડી આપતાં. એમની વાહ... વાહ... સાંભળીને અમારો હાથ છોલાયો છે એ વાત અમારા માટે ગૌણ બની જતી, પણ ઘરે જઈને બાનો પ્રલાપ અને રાતે લાભુકાકીની ધોલાઈ જોવા આખું ગામ ભેગું થતું. બા લડતી લડતી રડતી જતી ને કહેતી, ‘મારી છોકરી તો નાદાન છે, પણ તને ભાન નહોતું કે કુમળા હાથ છોલાઈ જશે?’

‘પડી પટોળે ભાત’ જેવું જ કંઈક અમારામાં પણ પડ્યું છે અને એ ભાતને સૌથી પહેલાં યાહોમ કરીને પડવાથી જ ઉજાગર કરી શકાય. એ વાત પટોળે નહીં, પણ હૃદયની ભીંત ઉપર ચોંટી ગઈ હતી. પરણીને ગયાં તો ત્યાં પણ પહેલ કરવામાં વાહવાહી મળે છે એટલે હાશ!

એકવાર પચાસ માણસની રસોઈ કરવાનું આહ્‌વાન જ્યારે કોઈએ નહીં ઉપાડ્યું ત્યારે અમે પહેલ કરીને પૂરા ચોવીસ કલાક પેલા પચાસની વાહવાહી મેળવવામાં લોહી પાણી એક કરેલાં. જતી વખતે એમાંની એકને ખબર નહોતી કે આટલી સરસ રસોઈ બનાવનાર એની પાછળનાં બારણાની આડશમાં જ ઊભી છે!

‘મેં તો સાંભળ્યું કે પેલી નવી પરણીને આવેલી હોંશીલીએ એકલે હાથે પચાસ માણસની રસોઈ બનાવી છે. હવે તો મારાં ઘરે પણ કોઈ પ્રસંગ આવશે ત્યારે પચાસ-સો માણસનું રસોડું આ હરખઘેલીને જ સોંપી દેવા.’

બીજીએ તાળી આપતાં કહ્યું, ‘ખાલી એની રસોઈનાં અને હોશિયારીનાં બે-ચાર ગુણગાન ગાવાનાં, એટલે તારું કામ થઈ જશે.’

ત્રીજીએ પણ તાળી આપતાં કહ્યું, ‘તું તો બોલાવતાં બોલાવશે, હું તો કાલે જ શરૂઆત કરવાની છું. આવાં યાહોમ કરનારાં ક્યાં મળવાનાં છે? અને એ પણ મફતના ભાવે?’

જમી કરીને હાથ ખંખેરીને આખી ટોળકી તો ગઈ, પણ મને બાની વાત યાદ આવી કે કોઈ મૂરખ સમજે એ હદ સુધીનું યાહોમ ભલે નર્મદે કર્યું હોય, પણ આપણે કરવું નહીં. એ પછી અમે પણ ગાંઠ બાંધી કે જેવા સાથે તેવા થઈને બતાવવું.

બસ, પછી હોળીનું ગેટ ટુ ગેધર અને રસોઈની જવાબદારી અમે લીધી. પહેલ કરી એટલે વાહવાહીનાં લીલાં તોરણ બંધાયાં. અમારા પતિદેવ ખિજાયા, પણ પછી અમારા પ્લાનમાં સામેલ થયા. બધાં શાકભાજી અને રસોઈનો સામાન આવ્યા બાદ ફળિયામાં જઈને પેલી બહેનોને કહ્યું, ‘સવારથી રમાને ચક્કર આવે છે, એટલે હું એને લઈને સુરત ડૉક્ટરને બતાવવા જાઉં છું.’

ફળીના ભાઈઓએ એમની પત્નીઓને કામે લગાડી અને અમે પાછલે બારણેથી ગાડીમાં બેસી ફિલ્મ જોવા સુરત પહોંચ્યાં. પહેલ ક્યાં અને કેવી કરવી એ લેક્ચર કારમાં સાંભળવા મળ્યું. પણ ફિલ્મ અને ડિનર સુરતમાં લેવાનું સુખ એટલે ‘સુરતનું જમણ અને કાશીનું મરણ...’

એ દિવસે સમજાયું કે દરેક જગ્યાએ પહેલ કરવી એ બહાદુરી નથી. ક્યારેક સમય, સંજોગ અને સામેની વ્યક્તિને ઓળખીને એક ડગલું પાછળ રહેવું એ પણ ડહાપણ છે. બાની વાત ત્યારે પહેલી વાર સાચી લાગી. વર્ષોથી જે ‘યાહોમ’ ને અમે જીવનનો મંત્ર માન્યો હતો, એ જ મંત્રે અમને ઘણી વાર હણાવ્યાં, છોલાવ્યાં અને મૂરખ પણ બનાવ્યાં.

જોકે આવા અનુભવની પણ પોતાની મજા હોય છે. ભૂલોમાંથી મળેલી શીખ કોઈ પુસ્તકમાં મળતી નથી. એટલે હવે કોઈ કામ સામે આવે ત્યારે પહેલાં બે ઘડી વિચારીએ છીએ, આજુબાજુ નજર કરીએ છીએ અને પછી જ પગલું ભરીએ છીએ.

હા, એ પછી અમે ક્યારેય પહેલ કરતાં નથી. છોલાયાં, હણાયાં અને મૂરખ બન્યાં. પણ એ તો એમ જ શીખાય ને! ■

# સચિનનો રેકૉર્ડ ટેલરે તોડ્યો ખરો, પણ ૯૩ મહિના તે રમ્યો જ નહોતો!

હરારેઃ સચિન તેન્ડુલકરનો વર્ષો જૂનો એક મોટો વર્લ્ડ રેકૉર્ડ ઝિમ્બાબ્વેના વિકેટકીપર-બૅટ્સમૅન બ્રેન્ડન ટેલરે મંગળવારે તોડી તો નાખ્યો, પરંતુ માત્ર આંકડાની દૃષ્ટિએ સચિન તેના પછી બીજા નંબરે થઈ ગયો કહેવાય. સચિનની વન-ડે કારકિર્દી બાવીસ વર્ષ અને ૯૧ દિવસ સુધી ચાલી હતી, જ્યારે બ્રેન્ડન ટેલરની વન-ડે કરીઅર બાવીસ વર્ષ અને ૧૪૬ દિવસની છે. ટેલર આ કારકિર્દી દરમ્યાન કુલ મળીને ૯૩ મહિના નહોતો રમ્યો એટલે તેના વિશ્વવિક્રમનું મહત્ત્વ ખાસ કંઈ ન કહેવાય એવી ભારતીય ક્રિકેટમાં ચર્ચા છે.

બ્રેન્ડન ટેલર ૪૦ વર્ષનો છે. તેની વન-ડે કારકિર્દી એપ્રિલ, ૨૦૦૪માં શરૂ થઈ હતી. જોકે ૨૦૧૫માં તેણે ઝિમ્બાબ્વે ક્રિકેટ બોર્ડ તરફથી સારું પેમેન્ટ ન મળતાં તેણે નિવૃત્તિ જાહેર કરી દીધી હતી. તે ઝિમ્બાબ્વે વતી માર્ચ, ૨૦૧૫થી જાન્યુઆરી, ૨૦૧૮ સુધીમાં કુલ ૩૩ મહિના નહોતો રમ્યો. બીજું, ૨૦૨૧થી ૨૦૨૫ની સાલ દરમ્યાન તેને કેટલાક અંગત બાબતો નડી હતી તેમ જ તેણે એ અરસામાં આઇસીસીના ક્રિકેટલક્ષી ભ્રષ્ટાચાર-વિરોધી નિયમનો અને ડ્રગ્સ-વિરોધી નિયમનો ભંગ કર્યો હોવાથી તેના રમવા પર પ્રતિબંધ મૂકવામાં આવ્યો હતો. ત્યારે તે ૪૭ મહિના સુધી ઝિમ્બાબ્વે વતી નહોતો રમ્યો. ત્રીજું, ઑગસ્ટ, ૨૦૨૫થી સપ્ટેમ્બર ૨૦૨૬ સુધીમાં તેને ઈજા નડી હતી જેને લીધે તે ૧૩ મહિના નહોતો રમ્યો. ■

## ઇંગ્લૅન્ડે શ્રીલંકાને ૧૧૯ રનથી હરાવ્યું

લંડનઃ તાજેતરમાં ભારત સામેની ટેસ્ટ-સિરીઝ ૦-૧થી હારી જનાર શ્રીલંકાએ ઇંગ્લૅન્ડમાં ટી-૨૦માં નિરાશાજનક શરૂઆત કરી છે. ઇંગ્લૅન્ડે કૅપ્ટન હૅરી બ્રૂકના અણનમ ૧૧૪ રન તથા જૉસ બટલરના ૮૦ રનની મદદથી ચાર વિકેટે ૨૫૪ રન ખડકી દીધા ત્યાર બાદ શ્રીલંકાની ટીમ ફક્ત ૧૩૫ રનમાં આઉટ થઈ ગઈ હતી. ઇંગ્લૅન્ડના ફાસ્ટ બોલર સૉની બેકરે ત્રણ તેમ જ જૅમી ઓવર્ટન અને લિઆમ ડૉસને બે-બે વિકેટ લીધી હતી. ■

# મેદાન પર 'એક બાળકે' જયારે બીજા બાળક સાથે કરી મજાકમસ્તી!

## વૈભવે શિવમ દુબેને પણ ન છોડ્યો, પોતાનું બાવડું બતાવી દીધું





મંગળવારે બાળક સાથે મજાકમસ્તીના મૂડમાં વૈભવ સૂર્યવંશી (ડાબે). તેણે પછીથી શિવમ દુબે સાથે પણ ગમ્મત કરી હતી.

નવી દિલ્હીઃ ૧૫ વર્ષની કિશોર વયનો લેફ્ટ-હૅન્ડ બૅટ્સમૅન વૈભવ સૂર્યવંશી ખુદ હજી બાળક જેવો જ છે અને મેદાન પર બાળક જેવી તેની હરકતો સાથી ખેલાડીઓને તેમ જ પ્રેક્ષકોને જોવા મળતી હોય છે, પરંતુ મંગળવારે દિલ્હીમાં એવું બન્યું જેમાં ખુદ વૈભવ એક બાળક સાથે મજાકમસ્તી કરતો જોવા મળ્યો હતો જેનો વીડિયો તેમ જ ફોટો વાઇરલ થયા છે.

નવેમ્બર, ૨૦૨૪માં ઇન્ડિયન પ્રીમિયર લીગ (આઇપીએલ)ની હરાજીમાં ૧૩ વર્ષની ઉંમરે રાજસ્થાન રૉયલ્સ ફ્રૅન્ચાઇઝીના સ્ક્વૉડમાં સ્થાન મેળવનાર વૈભવ સૂર્યવંશીએ ૨૦૨૫ની આઇપીએલમાં ૩૫ બૉલમાં સેન્ચુરી ફટકારીને ફાસ્ટેસ્ટ ભારતીય સદીકર્તાનો યુસુફ પઠાણનો ૩૭ બૉલનો વિક્રમ તોડ્યો હતો અને ૨૦૨૬માં તો વૈભવે કમાલ જ કરી નાખી હતી. છગ્ગા-ચોગ્ગાનો વરસાદ વરસાવીને તેણે ૨૦૨૬ની સીઝનમાં કુલ ૭૭૬ રન બનાવ્યા હતા જે વિરાટ કોહલી, કે. એલ. રાહુલ, રિષભ પંત સહિતના દિગ્ગજો વચ્ચે સૌથી વધુ હતા અને તેણે પ્લેયર ઑફ ધ ટૂર્નામેન્ટનો પુરસ્કાર જીતી લીધો હતો. રૉયલ ચૅલેન્જર્સ બેંગ્લૂરુએ ૨૦૨૬ની સીઝનની ટ્રોફી પણ જીતી લીધી હતી.

મૂળ વાત પર આવીએ તો મંગળવારે દિલ્હીમાં અફઘાનિસ્તાન સામેની બીજી ટી-૨૦ની શરૂઆત પહેલાં રાષ્ટ્ર ગીત વખતે વૈભવ સાથી ખેલાડીઓની સાથે કતારમાં ઊભો હતો અને દરેક ખેલાડી સાથે એક બાળકને ઊભો રાખવામાં આવ્યો હતો. બધા કતારમાં ગોઠવાઈ રહ્યા હતા ત્યારે વૈભવે પોતાની સાથે ઊભેલા બાળક સાથે મજાકમસ્તી કરવાનો મોકો ઝડપી લીધો હતો. વૈભવે વહાલથી વારંવાર તેના ગાલ ખેંચ્યા હતા. બાજુમાં ઊભેલા શિવમ દુબેએ વૈભવને ઈશારામાં શિસ્તથી ઊભા રહેવાની સલાહ આપી હતી.

બે વર્ષથી આઇપીએલમાં અને હવે આંતરરાષ્ટ્રીય મૅચો દરમ્યાન તેમ જ ડ્રેસિંગ રૂમમાં ખેલાડીઓને વૈભવની 'બાળલીલા'ની ઝલક જોવા મળતી હશે, પણ મંગળવારની ઘટનામાં ખુદ વૈભવે બાળક સાથે હળવી મસ્તી કરીને સૌનું ધ્યાન ખેંચ્યું હતું. બીજા એક વીડિયોમાં વૈભવ બાજુમાં ઊભેલા શિવમ દુબેને પોતાનું બાવડું બતાવીને તુલના કરી રહેલો જોવા મળ્યો હતો અને કૅપ્શનમાં લખ્યું હતું, 'ક્યા ફાયદા ઇતના જિમ કરને કા, બરાબર હી તો હૈ.' ■

# વેસ્ટ ઇન્ડિઝ સામેની ટીમમાં હાર્દિક, પંત નથીઃ બે નવોદિત સામેલ

## અફઘાનિસ્તાન સામેના મૅચ-વિનર નીતીશ રેડ્ડી વિશે મોટો નિર્ણય


સ્પિનર વરુણ ચક્રવર્તી ઈજાને લીધે એશિયન ગેમ્સમાં નહીં રમે.

મુંબઈઃ એક તરફ જાપાનમાં ભારતના ટી-૨૦ ક્રિકેટરો એશિયન ગેમ્સની ટૂર્નામેન્ટમાં રમતા હશે ત્યારે બીજી તરફ ઘરઆંગણે વન-ડે ખેલાડીઓ વેસ્ટ ઇન્ડિઝ સામેની સિરીઝમાં ઝંપલાવશે અને એ સિરીઝ માટે બુધવારે ટીમ જાહેર કરવામાં આવી હતી. આ ટીમ સંબંધમાં કેટલાક આશ્ચર્યજનક નિર્ણયો લેવામાં આવ્યા હતા. અનુભવી ઑલરાઉન્ડર હાર્દિક પંડ્યા અને વિકેટકીપર-બૅટ્સમૅન રિષભ પંતને કૅરિબિયનો સામેની વન-ડે સિરીઝ માટેની ટીમમાં સામેલ નથી કરવામાં આવ્યા. પીઢ ખેલાડીઓ રોહિત શર્મા અને વિરાટ કોહલીના સમાવેશ આ વન-ડે ટીમમાં છે.

હાર્દિકે હજી ઇન્ડિયા-એ વતી રમીને ફિટનેસ પુરવાર કરવાની બાકી છે. વેસ્ટ ઇન્ડિઝ સામેની વન-ડે શ્રેણી ૨૭મી સપ્ટેમ્બરે તિરુવનંતપુરમમાં શરૂ થશે જેમાં બીજી મૅચ ૩૦મી સપ્ટેમ્બરે ગુવાહાટીમાં અને ત્રીજી મૅચ ત્રીજી ઑક્ટોબરે ન્યૂ ચંડીગઢમાં રમાશે. ત્રણેય મૅચ બપોરે ૨.૦૦ વાગ્યે શરૂ થશે.

સ્પિન-ઑલરાઉન્ડર રવીન્દ્ર જાડેજાને વન-ડે ટીમમાં કમબૅકનો મોકો મળ્યો છે, જ્યારે ઑલરાઉન્ડર નમન ધીર તેમ જ કાશ્મીરના પેસ બોલર આકિબ નબીને વન-ડેમાં ડેબ્યૂ કરવાની તક અપાઈ છે.

મંગળવારે દિલ્હીમાં અફઘાનિસ્તાન સામેની બીજી ટી-૨૦માં ૨૪ રનમાં ત્રણ વિકેટ લેનાર પેસ બોલિંગ ઑલરાઉન્ડર નીતીશ કુમાર રેડ્ડીનું નામ જાપાનની એશિયન ગેમ્સ માટેની ટી-૨૦ ટીમમાંથી પાછું ખેંચી લેવામાં આવ્યું છે અને તેનો સમાવેશ વેસ્ટ ઇન્ડિઝ સામેની વન-ડે સિરીઝની ટીમમાં કરાયો છે.

વેસ્ટ ઇન્ડિઝ સામેની વન-ડે શ્રેણી બાદ પાંચ મૅચની ટી-૨૦ સિરીઝ પણ રમાશે.

**વેસ્ટ ઇન્ડિઝ સામેની બન્ને ટીમમાં કોણ?**

**વન-ડે ટીમઃ** શુભમન ગિલ (કૅપ્ટન), યશસ્વી જયસ્વાલ, રોહિત શર્મા, વિરાટ કોહલી, કે. એલ. રાહુલ (વાઇસ-કૅપ્ટન), ઋતુરાજ ગાયકવાડ, ધ્રુવ જુરેલ, નીતીશ કુમાર રેડ્ડી, રવીન્દ્ર જાડેજા, કુલદીપ યાદવ, પ્રસિદ્ધ ક્રિષ્ના, ગુરનૂર બ્રાર, મોહમ્મદ સિરાજ, આકિબ નબી અને નમન ધીર.

**ટી-૨૦ ટીમઃ** શ્રેયસ ઐયર, અભિષેક શર્મા, વૈભવ સૂર્યવંશી, ઇશાન કિશન (વિકેટકીપર), સંજુ સૅમસન (વિકેટકીપર), તિલક વર્મા (વાઇસ-કૅપ્ટન), શિવમ દુબે, કુલદીપ યાદવ, અક્ષર પટેલ, વૉશિંગ્ટન સુંદર, રવિ બિશ્નોઈ, નીતીશ કુમાર રેડ્ડી, અર્શદીપ સિંહ, પ્રિન્સ યાદવ અને મયંક યાદવ. ■

# સૅમસન કહે છે, 'હું મશીન નથી... અમે બધા કંઈ રૉબો નથી': આજે છેલ્લી ટી-૨૦




નવી દિલ્હીઃ સંજુ સૅમસન પોતાની કરીઅર બાબતમાં વારંવાર થતા બહારના અવાજ (ટીકા-ટિપ્પણીઓ)થી ટેવાઈ ગયો છે, પરંતુ તેણે એ પણ કબૂલ્યું છે કે ભારતીય ટીમમાં ટૉપ-ઑર્ડર માટેની તીવ્ર હરીફાઈ પડકારરૂપ છે એમ છતાં ખેલાડીઓ સિલેક્શનને લગતા નિર્ણયોની બાબતમાં રિસાઈને ચૂપ બેઠા ન રહે...એવો તેમની પાસે સમય પણ નથી હોતો અને એવો તેમનો અભિગમ પણ નથી હોતો. સૅમસને કહ્યું છે કે 'હું કંઈ મશીન નથી કે નથી રૉબો...મને પણ દુઃખ થતું હોય છે.'

સૅમસન અફઘાનિસ્તાન સામેની પ્રથમ ટી-૨૦માં ફક્ત ૧૦ રન બનાવી શક્યો હતો, પણ મંગળવારે બીજી ટી-૨૦માં તેણે ફક્ત બાવીસ રનમાં ચાર છગ્ગા અને સાત ચોગ્ગાની મદદથી ૫૭ રન બનાવ્યા હતા અને ભારતને જિતાડવામાં બૅટ્સમેનોમાં તેનું સૌથી સારું યોગદાન હતું. બન્ને દેશ વચ્ચેની છેલ્લી મેચ આજે (સાંજે ૭.૩૦થી) રમાશે.

સૅમસને મંગળવારની મૅચ પછી પત્રકારો સાથેની વાતચીતમાં ટીકાકારોને નિશાન બનાવવાના આશયથી કટાક્ષમાં કહ્યું, 'હું વાઇ-ફાઇ ટર્ન ઑફ કરી નાખવાનો પ્રયાસ કરતો હોઉં છું, પરંતુ ક્યારેક વાઇ-ફાઇ ટર્ન-ઑન થઈ જાય છે અને સિનિયર ખેલાડીઓની કમેન્ટ્સ ધ્યાનમાં આવી જાય છે. જોકે આ બધુ સામાન્ય છે. શું બોલવું એ તેમની પસંદગીનો વિષય છે. એ તેમની માનસિકતાનો વિષય પણ છે. સકારાત્મક બોલવું કે નકારાત્મક એ તેમના અભિગમ પર આધાર રાખે છે. જોકે આવી બધી બાબતનો સામનો કરી લેવાનું મને ફાવી ગયું છે.'

સૅમસને એવું પણ કહ્યું કે '(જ્યારે ટીકા-ટિપ્પણી થતી હોય ત્યારે...) પહેલાં તો દુઃખ થાય છે. વિચાર આવે છે કે હું મશીન નથી. અમે બધા કંઈ રૉબો નથી કે અમને કંઈ અસર જ ન થાય. થોડી તો અસર થાયને! જોકે પછી એ પણ વિચાર આવે કે પોતાના પર આત્મવિશ્વાસ જાળવીને આગળ વધતા રહેવાનું, પોતે કેવી પૂર્વતૈયારી કરવી અને કેવું રમવું એ વિશે મનમાં ખૂબ સ્પષ્ટ અભિગમ રાખવાનો. જે કંઈ કહેવાતું હોય છે એના પર જ ધ્યાન આપતો હોત તો આવી બૅટિંગ કરી જ ન શક્યો હોત. હું સતત વિચારતો રહું છું કે મારી કારકિર્દી ખૂબ સારી છે, ભલભલા માનસિક દબાણમાં પોતે કેવો ખેલાડી છે એના પર તેમ જ ટીમ વતી અને ભારત વતી રમી રહ્યો છું એના પર જ લક્ષ આપવાનું.'

### વૈભવ વિશે કહ્યું, '૧૫ વર્ષનો છોકરો...'

ટી-૨૦ ટીમમાં અભિષેક શર્મા કરતાં સૅમસને ઓપનિંગમાં સ્થાન ટકાવી રાખવા ૧૫ વર્ષના ટીનેજ-સ્ટાર વૈભવ સૂર્યવંશી સાથેની હરીફાઈનો ખૂબ સામનો કરવો પડ્યો છે. આયરલૅન્ડમાં અને ઇંગ્લૅન્ડના પ્રવાસની શરૂઆતમાં નબળા પર્ફોર્મન્સ બદલ પછીથી સૅમસનના સ્થાને વૈભવને ભારતીય ટીમમાં મોકો અપાયો હતો. વૈભવ ઇંગ્લૅન્ડમાં ડેબ્યૂમાં તો નિષ્ફળ રહ્યો, પરંતુ ત્યાર બાદ ઝિમ્બાબ્વેની ટૂરમાં મૅન ઑફ ધ સિરીઝનો અવૉર્ડ જીત્યો હતો. વૈભવે આ વર્ષની આઇપીએલમાં સૌથી વધુ ૭૭૬ રન બનાવ્યા હતા. એ પહેલાં સૅમસને ટી-૨૦ વર્લ્ડ કપમાં ભારતીયોમાં સૌથી વધુ ૩૨૧ રન બનાવ્યા હતા. સૅમસને મંગળવારે પત્રકારોને કહ્યું, 'ભારતીય ટીમનું સંચાલન કરવું કોઈ આસાન કામ નથી. મારા માટે વર્લ્ડ કપ આશીર્વાદરૂપ હતો, પણ તમે બધાએ જોયું હશે કે ૧૫ વર્ષના છોકરાએ (વૈભવે) આઇપીએલમાં કેવા ૭૦૦-૮૦૦ રન ખડકી દીધા. એટલે ટીમમાં ગમે ત્યારે તેનો સમાવેશ થવાનો જ હતો. હું બે-ત્રણ મૅચ સારું ન રમ્યો અને તે સારા ફૉર્મમાં હતો અને અમારે એ સિરીઝમાં (ઇંગ્લૅન્ડ સામેની શ્રેણીમાં) મૅચો જીતવી ખૂબ જરૂરી હતી. ટીમના સિલેક્શનની બાબતમાં કઠિન નિર્ણયો લેવા પડે.' ■

# પાકિસ્તાને ઇઝરાયલ સામે રમવાની ના પાડી

સમરકંદ (ઉઝબેકિસ્તાન): ભારત સાથેના મુદ્દે હંમેશાં ખેલકૂદ અને રાજકારણ વચ્ચે અંતર રાખવાની મોટી મોટી વાતો કરતા પાકિસ્તાને પોતે જ ઉઝબેકિસ્તાનમાં ફિડે ચેસ ઑલિમ્પિયાડમાં અક્કલનું પ્રદર્શન કર્યું છે. આ સ્પર્ધા હજી તો માંડ શરૂ થઈ ત્યાં પાકિસ્તાને તમાશો શરૂ કરી દીધો છે. આ ૪૬મા ચેસ ઑલિમ્પિયાડમાં પાકિસ્તાને પ્રથમ રાઉન્ડમાં ઇઝરાયલ સામે રમવાની ના પાડી દેતાં ઇઝરાયલને ૪-૦થી વૉકઓવર મળી ગઈ હતી. યોગાનુયોગ, ક્રિકેટની જેમ પાકિસ્તાનની ચેસમાં પણ 'નકવીનું રાજ' છે. પાકિસ્તાન ક્રિકેટમાં બેશરમ મોહસિન નકવી ભારતના કિસ્સામાં એક પછી એક બ્લન્ડર કર્યે જાય છે ત્યારે પાકિસ્તાન ચેસ ફેડરેશનના પ્રમુખપદે સૈયદ ઝીશાન નકવી નામનો અધિકારી છે. ■

---

'મુંબઈ સમાચાર'ના ફન વર્લ્ડમાં તમને રસપ્રદ માહિતી મળશે અને સાથે મજા પણ આવશે. પ્રત્યેક કોયડાના સાચા જવાબ આપનારા વાચકોનાં જ નામ અહીં પ્રગટ કરવામાં આવશે. વાચકોએ તેમના જવાબ ઈ-મેઇલથી શુક્રવારે સાંજે ૬:૦૦ સુધી મોકલવાના રહેશે. ત્યાર પછી મોકલેલા જવાબ સ્વીકારાશે નહીં. વાચકોએ જવાબ funworld1822@gmail.com પર મોકલવાના રહેશે.


## ફન વર્લ્ડ

### ભાષા વૈભવ...

મરાઠી - ગુજરાતી સમાનાર્થી શબ્દોની જોડી બનાવો

| A | B |
|---|---|
| ओली | દિલગીરી |
| फळी | રમત |
| खेळी | ભીની |
| खंत | ગળ્યું |
| गोड | પાટિયું |

### શબ્દલાલિત્ય




**આડી ચાવી**

૧. પ્રાર્થના (૩)
૩. સૂરજનો છડીદાર (૩)
૬. ઝૂલો, હીંચકો (૨)
૭. જગા, સ્થાન (૨)
૮. હિજરી સનનો સાતમો મહિનો (૩)
૧૨. સર્વ, તમામ (૩)
૧૩. અગાશી, છત (૨)
૧૫. શોધ, તપાસ (૩)
૧૭. દસકો (૩)
૧૯. ઊડતી વાત, ગપ (૩)
૨૨. રહસ્ય જાણનાર (૩)
૨૪. હોમ માટે તૈયાર કરેલ કૂંડ (૨)
૨૬. સન્માન (૩)
૨૯. તરત (૩)
૩૦. --- કરવું=ચૂકતે કરવું (૨)
૩૧. જકાત, લાગો (૨)
૩૨. નાશવંત (૩)
૩૩. ખુલાસો (૩)

**ઊભી ચાવી**

૧. તજવીજ, વ્યવસ્થા (૪)
૨. સૈન્ય (૨)
૩. નિંદા (૩)
૪. ---થી થાય તે બળથી ન થાય (૨)
૫. રસ વગરનું (૩)
૯. ભોજન (૩)
૧૦. અમૃત (૨)
૧૧. ગુરુ કરતાં --- સવાયા (૨)
૧૪. --- સે બીગડી હોજ સે નહીં સુધરતી (૨)
૧૫. અનુકળ સમય, લાગ (૨)
૧૬. ગુસ્સો, રોષ (૨)
૧૮. --- એવી ભક્તિ (૨)
૧૯. અમૃત (૨)
૨૦. --- તેવું લણે (૨)
૨૧. મૂષક (૩)
૨૩. રાખ, ભસ્મ (૨)
૨૫. હૃદય (૨)
૨૬. ઉત્સુકતા (૪)
૨૭. એક જૂનું તોલ માપ (૩)
૨૮. દેવાળિયો (૩)
૩૦. ઘોડો (૨)
૩૧. પીડા, દુઃખ (૨)

**ગયા વખતનો ઉકેલ**



### જાણવા જેવું

અગ્નિ એટલે દેવતા એવો પ્રમુખ અર્થ છે. વૈદક મત મુજબ અગ્નિ ૩ પ્રકારનો છેઃ (૧) ભૌમ, કે જે ઘાસ, લાકડાં વગેરેના બળવાથી ઉત્પન્ન થાય; (૨) દિવ્ય, કે જે આકાશમાં વીજળીથી ઉત્પન્ન થાય; (૩) ઉદર અથવા જઠરનો, કે જે પિત્ત રૂપે દૂંટીની ઉપર ને હૃદયની નીચે રહીને ખાધેલું અન્ન પચાવે.

### ઓળખાણ પડી?




તબીબી શાખા સિવાય અન્ય વિભાગમાંથી બઢતી મેળવી એર વાઇસ માર્શલનો હોદ્દો મેળવનારી પ્રથમ મહિલાની ઓળખાણ પડી?

અ) રેખા ગુપ્તા
બ) શક્તિ શર્મા
ક) શિવાંગી સિંહ
ડ) અવનિ ચતુર્વેદી

### સુડોકુ-આજનો સવાલ

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૨ | | | ૮ | | ૪ | | | ૬ |
| | | ૭ | | | | ૫ | | |
| ૮ | | | ૩ | | ૭ | | | ૨ |
| ૩ | ૮ | ૬ | | | | ૨ | ૯ | ૭ |
| | | | | | | | | |
| ૫ | ૪ | ૨ | | | | ૮ | ૩ | ૧ |
| ૪ | | | ૭ | | ૩ | | | ૯ |
| | | ૯ | | | | ૪ | | |
| ૧ | | | ૯ | | ૬ | | | ૫ |

અહીં એક ચોરસ આપ્યું છે જેમાં નવ બોક્સ છે અને દરેકમાં નવ ખાનાં છે.૧) દરેક બોક્સમાં એકથી નવ સુધીનો આંક આવવો જોઈએ. ૨) દરેક આડી અને ઊભી હરોળમાં આંક આવવો જોઈએ. અહીં પણ કોઈ આંક રહી ન જવો જોઈએ.

### સુડોકુ-ગઈકાલનો જવાબ

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૭ | ૬ | ૮ | ૧ | ૨ | ૪ | ૯ | ૫ | ૩ |
| ૫ | ૧ | ૩ | ૮ | ૭ | ૯ | ૨ | ૬ | ૪ |
| ૯ | ૨ | ૪ | ૫ | ૬ | ૩ | ૮ | ૭ | ૧ |
| ૨ | ૫ | ૭ | ૯ | ૧ | ૬ | ૪ | ૩ | ૮ |
| ૧ | ૮ | ૯ | ૩ | ૪ | ૫ | ૭ | ૨ | ૬ |
| ૩ | ૪ | ૬ | ૨ | ૮ | ૭ | ૧ | ૯ | ૫ |
| ૬ | ૯ | ૨ | ૪ | ૫ | ૮ | ૩ | ૧ | ૭ |
| ૪ | ૩ | ૫ | ૭ | ૯ | ૧ | ૬ | ૮ | ૨ |
| ૮ | ૭ | ૧ | ૬ | ૩ | ૨ | ૫ | ૪ | ૯ |

### ગયા ગુરુવારના જવાબ

ભાષા વૈભવ

| A | B |
|---|---|
| बायको | પત્ની |
| मेवणा | સાળો |
| आत्या | ફોઈ |
| ताई | બહેન |
| नवरा | પતિ |

**ગુજરાત મોરી મોરી રેઃ** બહેન

**ઓળખાણ પડી?** ક્રિસ્ટિના કોચ

**માઈન્ડ ગેમ :** સરોજિની નાયડુ

**ચતુર આપો જવાબ માથું ખંજવાળો :** ધોળકા

### ગુજરાત મોરી મોરી રે

અટપટી રીતે સમજાવતા સંબંધને ઓળખી કાઢો. સ્ત્રીની એકમાત્ર દીકરીના સસરાના એકમાત્ર પુત્રનો સાળો સ્ત્રીને સંબંધમાં શું થાય એ દિમાગ દોડાવી જણાવો જોઉં.

અ) ભાણેજ   બ) દીકરો
ક) ભત્રીજો   ડ) ભાઈ

### ચતુર આપો જવાબ — માથું ખંજવાળો

આપેલા વાક્યમાં પસ્તાવો લપાઈને બેઠો છે એ શોધી કાઢો જોઉં.

કોણ જાણે કેમ ડંખે દરદ હૈયે અપાર

### નોંધી રાખો

*પાંચ મણ ઘઉંની બોરી ઉપાડી શકે એ એને ક્યારેય ખરીદી ન શકે અને જે ખરીદી શકતો હોય એ એને ઉપાડી નથી શકતો.*

### માઈન્ડ ગેમ

ઝારખંડ એક નાનકડા ગામમાંથી આવી આજની તારીખમાં ભારતીય મહિલા હૉકી ટીમની કૅપ્ટન બનેલી ખેલાડીનું નામ જણાવો.

અ) ઇશિકા ચૌધરી   બ) નીક્કી પ્રધાન   ક) સવિતા પુનિયા   ડ) સલીમા ટેટે

### ફનવર્લ્ડમાં ઉમળકાભેર ભાગ લઈ સાચા જવાબ આપનારા વાચકોનાં નામ અહીં આપ્યાં છે. અભિનંદન.

(૧) કિશોરકુમાર જીવણદાસ વેદ (૨) મુલરાજ કપૂર (૩) ભારતી બુચ (૪) ધીરેન્દ્ર મુલરાજ (૫) પ્રતિમા પમાણી (૬) ભામિની સંપટ (૭) ડૉ. પ્રકાશ કટકિયા (૮) શ્રીમતી ભારતી પ્રકાશ કટકિયા (૯) ભરત કજરિયા (૧૦) શ્રદ્ધા આશર (૧૧) મીનળ કાપડિયા (૧૨) જ્યોતિ ખાંડવાલા (૧૩) નિખિલ બંગાળી (૧૪) અમીશી બંગાળી (૧૫) વર્ષા સૂર્યકાંત શ્રોફ (૧૬) મહેશ એન. સંઘવી (૧૭) નેહુલ એમ. સંઘવી (૧૮) મનીષા શેઠ (૧૯) ફાલ્ગુની શેઠ (૨૦) નંદલાલ અ. ગોઠી (૨૧) ભાવના કર્વે (૨૨) મધુલતા ચંદ્રશેખર માંકડ (૨૩) જયવંત પદમશી ચિખલ (૨૪) વિણા સંપટ (૨૫) દેવેન્દ્ર સંપટ (૨૬) કમલ માતલિયા (૨૭) અરવિંદ કામદાર (૨૮) શિલ્પા શ્રોફ (૨૯) અંજુ ટોલિયા (૩૦) ડાયના સંતોકે (૩૧) ગિરીશ બાબુભાઈ મિસ્ત્રી (૩૨) વિજય આસર (૩૩) નિતીન જયંતીલાલ બજરિયા (૩૪) નયના ગિરીશ મિસ્ત્રી (૩૫) જ્યોત્સના ગાંધી (૩૬) હિનાબેન દલાલ (૩૭) ઈનાક્ષીબેન દલાલ (૩૮) રમેશભાઈ દલાલ (૩૯) સુભાષ મોમાયા (૪૦) પુષ્પા પટેલ (૪૧) તાહેર ઔરંગાબાદવાલા (૪૨) શીરીન ઔરંગાબાદવાલા (૪૩) મહેશ દોશી (૪૪) નીતા દેસાઈ (૪૫) અબ્દુલ્લા એફ. મુનીમ

## પશ્ચિમ રેલવે બાંદ્રા ટર્મિનસ ⇌ બરહની વચ્ચે સાપ્તાહિક બિનઆરક્ષિત ખાસ ટ્રેઈન દોડાવશે

| ટ્રેઈન નં. | પ્રારંભ & ગંતવ્ય સ્થાન | સેવાની તારીખો | પ્રસ્થાન | આગમન |
|---|---|---|---|---|
| ૦૫૦૩૮ | બાંદ્રા ટર્મિનસ – બરહની | ૧૦/૧૦/૨૬થી ૨૮/૧૧/૨૬ | ૦૯.૩૦ ક. (શનિ) | ૨૩.૩૦ ક. (બીજા દિવસે) |
| ૦૫૦૩૭ | બરહની – બાંદ્રા ટર્મિનસ | ૦૮/૧૦/૨૬થી ૨૬/૧૧/૨૬ | ૧૯.૪૫ ક. (ગુરુ) | ૦૬.૩૦ ક. શનિવાર |

**થોભશે:** બોરીવલી, વાપી, વલસાડ, સુરત, વડોદરા, રતલામ, કોટા, બયાના, ઈદગાહ આગ્રા, ટુંડલા, એટાવા, કાનપુર સેન્ટ્રલ, ઐશબાગ, બાદશાહનગર, ગોન્ડા, બલરામપુર અને તુલસીપુર સ્ટેશનો બંને દિશામાં.

**સંરચના:** જનરલ સેકન્ડ ક્લાસ કોચેસ.

સમય, થોભવાના સ્ટેશનો અને સંરચના અંગેની વિગતવાર માહિતી માટે, યાત્રીઓ કૃપયા મુલાકાત લો www.enquiry.indianrail.gov.in

ઉપરોક્ત ટ્રેઈન વિશેષ દર પર ખાસ ટ્રેઈન તરીકે દોડશે

પશ્ચિમ રેલવે
wr.indianrailways.gov.in
અહીં અમને લાઈક તથા ફોલો કરો
facebook.com/WesternRly
X.com/WesternRly
Instagram.com/WesternRly
https://www.youtube.com/@WesternRly
https://bit.ly/WesternRailwayOfficial

કૃપયા તમામ આરક્ષિત ટિકિટો માટે અસલ ID પ્રુફ સાથે રાખશોજી.


### સપ્ટેમ્બરના બીજા પખવાડિયા માટે ૧૩.૫૦ લાખ ટન ખાંડ છૂટી કરાઈ

# હાજર ખાંડમાં ₹ ૬૨થી ૧૫૦ની વધુ પીછેહઠ

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

નવી મુંબઈ: વર્તમાન સપ્ટેમ્બર મહિનાના પહેલા પખવાડિયા માટે ગ્રાહક બાબતો અને જાહેર વિતરણ વિભાગ દ્વારા ૧૩ લાખ ટન ખાંડ છૂટી કરવામાં આવ્યા બાદ હવે બીજા પખવાડિયા માટે ૩.૮૫ ટકા અથવા તો ૫૦,૦૦૦ ટન વધુ ખાંડ છૂટી કરતા ૧૩.૫૦ લાખ ટન ખાંડનો ક્વૉટા જાહેર કર્યો છે. જોકે, મથકો પર વેચવાલીના દબાણ હેઠળ ટેન્ડરોનાં ભાવમાં ઘટાડાતરફી વલણ રહેતાં આજે સ્થાનિક જથ્થાબંધ ખાંડ બજારમાં પણ પીછેહઠ જળવાઈ રહેતાં હાજર ભાવમાં વધુ ક્વિન્ટલે રૂ. ૬૨થી ૧૫૦ની પીછેહઠ જોવા મળી હતી, જ્યારે નાકા ડિલિવરી ધોરણે સ્મોલ ગ્રેડની ખાંડના ભાવમાં ક્વિન્ટલે રૂ. ૫૦નો ઘટાડો આવ્યો હતો. આજે સ્થાનિકમાં અંદાજે ૨૯થી ૩૦ ટ્રકની આવક સામે સ્ટોકિસ્ટોની છૂટીછવાઈ લેવાલી ઉપરાંત રિટેલ સ્તરની માગને ટેકે ઉપાડ લગભગ ૨૭થી ૨૮ ટ્રકનો રહ્યો હતો. તેમ જ મથકો પરના નિરુત્સાહી અહેવાલે હાજરમાં સ્મોલ ગ્રેડની ખાંડના વેપાર ક્વિન્ટલે રૂ. ૬૨થી ૧૧૦ના ઘટાડા સાથે રૂ. ૪૫૯૦થી ૪૬૯૨માં અને મિડિયમ ગ્રેડની ખાંડના વેપાર ક્વિન્ટલે રૂ. ૭૦થી ૧૫૦ના ઘટાડા સાથે રૂ. ૪૬૮૦થી ૪૮૯૨માં થયા હતા.

# ઈક્વિટી માર્કેટમાં વૅલ્યૂ બાઈંગ નીકળતાં સેન્સેક્સમાં ૩૩૩ પૉઈન્ટનું અને નિફ્ટીમાં ૯૯ પૉઈન્ટનું બાઉન્સબૅક

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: સ્થાનિક ઈક્વિટી માર્કેટમાં ગઈકાલે જોવા મળેલા તીવ્ર ઘટાડા બાદ આજે નીચા મથાળેથી ખાસ કરીને બૅન્કિંગ ક્ષેત્રનાં શૅરો ઉપરાંત અન્ય શૅરોમાં વૅલ્યૂ બાઈંગ નીકળતાં બૉમ્બે સ્ટોક એક્સચેન્જના ૩૦ શૅરના બૅન્ચમાર્ક સેન્સેક્સમાં ૩૩૨.૬૩ પૉઈન્ટનું અને નેશનલ સ્ટોક એક્સચેન્જના ૫૦ શૅરના બૅન્ચમાર્ક નિફ્ટીમાં ૯૯ પૉઈન્ટનું બાઉન્સબૅક જોવા મળ્યું હતું. જોકે, આજે તેની સામે આઈટી ક્ષેત્રનાં શૅરોમાં વેચવાલી વધુ રહેતાં પીછેહઠ જોવા મળી હતી.

એક્સચેન્જની આંકડાકીય માહિતી અનુસાર આજે બીએસઈ બૅન્ચમાર્ક સેન્સેક્સ ગઈકાલના ૭૪,૦૦૩.૮૨ના બંધ સામે સુધારાના અન્ડરટોને ૭૪,૨૪૯.૩૧ની સપાટીએ ખૂલ્યા બાદ સત્ર દરમિયાન નીચામાં ૭૩,૯૮૧.૩૩ અને ઉપરમાં ૭૪,૫૦૫.૮૬ સુધી મજબૂત થયા બાદ અંતે ગઈકાલના બંધ સામે ૩૩૨.૬૩ પૉઈન્ટ અથવા તો ૦.૪૫ ટકા વધીને ૭૪,૩૩૬.૪૫ના મથાળે બંધ રહ્યો હતો. તે જ પ્રમાણે એનએસઈ બૅન્ચમાર્ક નિફ્ટી ગઈકાલના ૨૩,૧૧૮.૬૦ના બંધ સામે વધીને ૨૩,૨૦૧.૬૦ની સપાટીએ ખૂલ્યા બાદ સત્ર દરમિયાન નીચામાં ૨૩,૧૧૬.૧૦ અને ઉપરમાં ૨૩,૨૮૪.૭૫ની રેન્જમાં રહીને અંતે ગઈકાલના બંધ સામે ૯૯ પૉઈન્ટ અથવા તો ૦.૪૩ ટકા વધીને ૨૩,૨૧૭.૬૦ના મથાળે બંધ રહ્યો હતો.

ગઈકાલે સ્થાનિક બજારમાં જોવા મળેલા તીવ્ર ઘટાડા પશ્ચાત્ આજે ચોક્કસ ઈન્ડેક્સ હેવી વેઈટ શૅરો અને બૅન્કિંગ ક્ષેત્રના શૅરોમાં વૅલ્યૂ બાઈંગ નીકળતાં બજારમાં સુધારાતરફી વલણ જોવા મળ્યું હતું અને તેમાં પણ ખાસ કરીને બૅન્કિ નિફ્ટી રિબાઉન્ડ જોવા મળતાં પુન: ૫૬,૦૦૦ની સપાટી અંકે કરતાં તેજીને ટેકો મળ્યો હતો. જોકે, આજે વિશ્વ બજારમાં ફેડરલ રિઝર્વના વ્યાજદર અંગેના નિર્ણય પૂર્વે બ્રેન્ટ ક્રૂડતેલના ભાવ બેરલદીઠ ૧૦૭ ડૉલર જેવી ઊંચી સપાટીએ અને અમેરિકી ૧૦ વર્ષીય બૉન્ડની યિલ્ડ ઘટીને પાંચ ટકા આસપાસ રહી હોવાથી બજારમાં સુધારો મર્યાદિત રહ્યો હોવાનું રિસર્ચ એનાલિસ્ટ કંપની એચએસટી વૅલ્થનાં ચીફ એક્ઝિક્યુટીવ ઑફિસર હરિસેલ્વન રાધાકૃષ્ણને જણાવ્યું હતું.

એકંદરે આજે ગઈકાલના ઘટાડા પશ્ચાત્ વૅલ્યૂ બાઈંગ જોવા મળતાં બજારમાં મંદી અટકી હતી. ખાસ કરીને હેવી વેઈટ શૅરોમાં વ્યાપક લેવાલી રહેતાં બૅન્ચમાર્ક સુધારાના અન્ડરટોને બંધ રહ્યા હતા. તેમ છતાં વૈશ્વિક ભૂરાજકીય અનિશ્ચિતતાને કારણે ક્રૂડતેલના ઊંચા ભાવ અને ફેડરલ રિઝર્વની આજે સમાપન થઈ રહેલી બે દિવસીય બેઠક પૂર્વે રોકાણકારોના સાવચેતીના અભિગમને કારણે સુધારો મર્યાદિત રહ્યો હોવાનું રેલિગેર બ્રોકિંગનાં રિસર્ચ વિભાગનાં વાઈસ પ્રેસિડૅન્ટ અજિત મિશ્રાએ જણાવ્યું હતું.

દરમિયાન આજે ગ્લાસ વૉલ સિસ્ટમ્સનાં શૅરનું લિસ્ટિંગ ઈશ્યૂ ભાવ સામે ૪.૪૫ ટકા પ્રીમિયમ સાથે થયા બાદ સત્રના અંતે બીએસઈ ખાતે ભાવ ૧૮.૩૨ ટકા વધીને શૅરદીઠ રૂ. ૨૧૫.૩૫ના મથાળે અને એનએસઈ ખાતે સત્રના અંતે ભાવ ૧૮ ટકા વધીને શૅરદીઠ રૂ. ૨૧૪.૮૫ના મથાળે બંધ રહ્યા હતા. તેમ જ આજે કન્હોર ઈલેક્ટ્રિકલ્સનાં શૅરનું લિસ્ટિંગ બીએસઈ ખાતે ઈશ્યૂ ભાવ સામે ૬.૩૩ ટકા પ્રીમિયમ સાથે શૅરદીઠ રૂ. ૬૭૨.૦૫ના મથાળે થયા બાદ અંતે ૧૮.૮૭ ટકા વધીને રૂ. ૭૫૧.૩૦ની સપાટીએ બંધ રહ્યા હતા. તે જ પ્રમાણે એનએસઈ ખાતે શૅરનું લિસ્ટિંગ ૮.૪૬ ટકા પ્રીમિયમે રૂ. ૬૮૫.૫૦ની સપાટીએ થયા બાદ અંતે શૅરના ભાવ ૧૮.૯૦ ટકા વધીને રૂ. ૭૫૧.૫૦ના મથાળે બંધ રહ્યા હતા. જોકે, આજે પ્રાસોલ કેમિકલના શૅરનું બીએસઈ ખાતે લિસ્ટિંગ ઈશ્યૂ ભાવ સામે ૯.૬૧ ટકાના ઘટાડા સાથે રૂ. ૬૧૧ના ભાવે થયા બાદ અંતે ૦.૫૮ ટકા ઘટીને રૂ. ૬૭૨.૦૫ના મથાળે બંધ રહ્યા હતા, જ્યારે એનએસઈ ખાતે લિસ્ટિંગ ૯.૭૬ ટકાના ઘટાડા સાથે થયા બાદ અંતે શૅરના ભાવ ૦.૭૩ ટકા ઘટીને રૂ. ૬૭૧ના મથાળે બંધ રહ્યા હતા.

આજે બીએસઈ ખાતે કુલ ૪૫૬૧ શૅરોમાં કામકાજ થયા હતા, જેમાંથી ૧૯૩૦ શૅરના ભાવ વધીને અને ૨૪૨૦ શૅરના ભાવ ઘટીને બંધ રહ્યા હતા, જ્યારે ૨૧૧ શૅરના ભાવ ટકેલા ધોરણે બંધ રહ્યા હતા. તેમ જ બૅન્ચમાર્ક સેન્સેક્સ હેઠળના ૩૦ શૅર પૈકી ૧૮ શૅરના ભાવ વધીને અને ૧૨ શૅરના ભાવ ઘટીને બંધ રહ્યા હતા.

આજે મુખ્ય વધનાર શૅરોમાં સૌથી વધુ ૨.૪૬ ટકાનો વધારો આઈટીસીમાં જોવા મળ્યો હતો. ત્યાર બાદ અનુક્રમે સ્ટેટ બૅન્ક ઑફ ઈન્ડિયામાં ૨.૨૪ ટકાનો, એક્સિસ બૅન્કમાં ૧.૯૩ ટકાનો, ટ્રેન્ટમાં ૧.૫૧ ટકાનો, મહિન્દ્રા ઍન્ડ મહિન્દ્રામાં ૧.૪૫ ટકાનો અને ભારત ઈલેક્ટ્રિનિક્સ લિ.માં ૧.૪૨ ટકાનો સુધારો આવ્યો હતો, જ્યારે મુખ્ય ઘટનાર શૅરોમાં ટીસીએસમાં ૨.૬૦ ટકાનો, ઈન્ફોસિસમાં ૧.૪૩ ટકાનો, ટૅક મહિન્દ્રામાં ૧.૨૬ ટકાનો, બજાજ ફિનસર્વમાં ૦.૯૯ ટકાનો, એનટીપીસીમાં ૦.૯૧ ટકાનો અને લાર્સન ઍન્ડ ટૂબ્રોમાં ૦.૭૯ ટકાનો ઘટાડો આવ્યો હતો.

# ફેડરલ દ્વારા વ્યાજદરમાં વધારાની શક્યતાએ વિશ્વ બજાર પાછળ સોનામાં ₹ ૧૪૬૦નો અને ચાંદીમાં ₹ ૨૫૯૬નો ચમકારો

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: ગઈકાલે વિશ્વ બજારમાં ડૉલર ઈન્ડેક્સમાં નરમાઈ અને ક્રૂડતેલના ભાવમાં વધ્યા મથાળેથી ભાવમાં ઘટાડો આવતાં ન્યૂ યૉર્ક ખાતે સોનાના ભાવમાં એક ટકા જેટલો ઉછાળો આવ્યા બાદ આજે અમેરિકી ફેડરલ રિઝર્વની સમાપન થતી નીતિવિષયક બેઠક પૂર્વે સોનાના હાજર અને વાયદામાં તેમ જ ચાંદીનાં હાજર ભાવમાં વધારો આગળ ધપ્યો હોવાના પ્રોત્સાહક અહેવાલ સાથે સ્થાનિક ઝવેરી બજારમાં પણ સોનાના ભાવમાં ૧૦ ગ્રામદીઠ રૂ. ૧૪૫૪થી ૧૪૬૦નો અને ચાંદીમાં કિલોદીઠ રૂ. ૨૫૯૬નો ચમકારો આવ્યો હતો. વધુમાં આજે સ્થાનિક ફોરેક્સ માર્કેટમાં પણ ડૉલર સામે રૂપિયામાં નરમાઈનું વલણ રહેતાં આયાત પડતરો વધવાને કારણે પણ સુધારાને ટેકો મળ્યો હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું.

બજારનાં સાધનોના જણાવ્યાનુસાર આજે સ્થાનિકમાં ૯૯૯ ટચ ચાંદીમાં વૈશ્વિક પ્રોત્સાહક અહેવાલે સ્ટોકિસ્ટોની છૂટીછવાઈ લેવાલી અને ઔદ્યોગિક વપરાશકારોની માગને ટેકે વેરારહિત ધોરણે ભાવ કિલોદીઠ રૂ. ૨૫૯૬ વધીને રૂ. ૨,૩૧,૩૩૭ના મથાળે રહ્યા હતા. તે જ પ્રમાણે વિશ્વ બજાર પાછળ વેરારહિત ધોરણે ૧૦ ગ્રામદીઠ ૯૯૯ ટચ સ્ટાન્ડર્ડ સોનાના ભાવ રૂ. ૧૪૫૪ વધીને રૂ. ૧,૫૧,૭૫૨ અને ૯૯૯ ટચ સ્ટાન્ડર્ડ સોનાના રૂ. ૧૪૬૦ વધીને રૂ. ૧,૫૨,૩૬૨ના મથાળે રહ્યા હતા. જોકે, સોનામાં રોકાણકારોની છૂટીછવાઈ રોકાણલક્ષી માગ રહી હતી, જ્યારે જ્વેલરી ઉત્પાદકો અને રિટેલ સ્તરની માગ નિરસ હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું.

આજે લંડન ખાતે સત્રના આરંભે હાજરમાં સોનાના ભાવ ગઈકાલના બંધ સામે ૧.૩ ટકા વધીને ઔંસદીઠ ૪૩૪૬.૩૦ ડૉલર અને ડિસેમ્બર ડિસેમ્બર ડિલિવરી વાયદામાં પણ ભાવ ૧.૩ ટકા વધીને ઔંસદીઠ ૪૩૮૭.૫૦ ડૉલર આસપાસ ક્વૉટ થઈ રહ્યા હતા, જ્યારે હાજરમાં ચાંદીના ભાવ ૧.૪ ટકાની તેજી સાથે ઔંસદીઠ ૬૪.૫૪ ડૉલર આસપાસના મથાળે રહ્યા હતા.

વિશ્વ બજારમાં ક્રૂડતેલમાં બે સત્રની તેજી બાદ ભાવમાં ઘટાડાતરફી વલણ અને અમેરિકી બૉન્ડની યિલ્ડમાં વધ્યા મથાળેથી પીછેહઠ જોવા મળતાં સોના અને ચાંદીના ભાવમાં સુધારાને ટેકો મળ્યો હોવાનું જેફરીઝની માલિકીની ટ્રેડુ ડૉટ કૉમના વિશ્લેષક નિકોસ ઝુબોરાસે જણાવતાં ઉમેર્યું હતું કે ટેક્નિકલ દૃષ્ટિએ જોતા સોનાના ભાવ દબાણ હેઠળ આવી શકે છે તેમ છતાં ભાવની વધઘટનો મુખ્ય આધાર ફેડરલના નિર્ણય પર અવલંબિત રહેશે. નોંધનીય બાબત એ છે કે આજે મોડી રાત્રે ફેડરલ રિઝર્વની બેઠક સમાપન થયા બાદ અધ્યક્ષ કેવિન વાર્શ વ્યાજદર અંગેનાં નિર્ણયની જાહેરાત કરશે. જોકે, આજે બેઠકનાં અંતે ફેડરલ રિઝર્વ વ્યાજદરમાં ૨૫ બેસિસ પૉઈન્ટનો વધારો કરે તેવી ૯૩ ટકા શક્યતા સીએમઈ ફેડ વૉચ ટૂલ પર બજાર વર્તુળો મૂકી રહ્યા હતા.

એકંદરે જ્યાં સુધી સ્ટ્રેટ ઑફ હોર્મુઝ માર્ગ વિક્ષેપિત રહેશે ત્યાં સુધી ક્રૂડતેલનો પુરવઠો ખોરવાયેલો રહે તેમ હોવાથી ક્રૂડતેલના ભાવ ઊંચી સપાટીએ રહેતાં તેની સોનાના ભાવ પર માઠી અસર જળવાયેલી રહે તેવી શક્યતા નિકોસ ઝુબોરાસે વ્યક્ત કરી હતી.

# ડૉલર સામે રૂપિયો વધુ ત્રણ પૈસા તૂટ્યો

મુંબઈ: આંતરરાષ્ટ્રીય વિનિમય બજારમાં ડૉલર ઈન્ડેક્સમાં મજબૂત વલણ અને સ્થાનિક સ્તરે વિદેશી ફંડોનો બાહ્યપ્રવાહ રહેતાં આજે સ્થાનિક ફોરેક્સ માર્કેટમાં સતત સાતમાં સત્રમાં ડૉલર સામે રૂપિયામાં નરમાઈનું વલણ જળવાઈ રહેતાં ગઈકાલના બંધ સામે ત્રણ પૈસાના ઘટાડા સાથે ૯૫.૯૧ના મથાળે બંધ રહ્યો હતો. જોકે, અમેરિકા-ઈરાન વચ્ચેના વિવાદને કારણે ક્રૂડતેલના ભાવ ઊંચી સપાટીએ રહ્યા હોવા છતાં ઈક્વિટી માર્કેટમાં વૅલ્યૂ બાઈંગ નીકળતાં સુધારાતરફી વલણ રહ્યું હોવાથી રૂપિયામાં ધોવાણ મર્યાદિત રહ્યું હોવાનું ફોરેક્સ ટ્રેડરોએ જણાવ્યું હતું. આજે સ્થાનિકમાં ડૉલર સામે રૂપિયો ગઈકાલના ૯૫.૯૩ના બંધ સામે સુધારાના અન્ડરટોને ૯૫.૮૯ની સપાટીએ ખૂલ્યા બાદ સત્ર દરમિયાન નીચામાં ૯૫.૯૮ અને ઉપરમાં ૯૫.૮૫ની રેન્જમાં અથડાઈને અંતે ગઈકાલના બંધ સામે ત્રણ પૈસાના ઘટાડા સાથે ૯૫.૯૧ના મથાળે બંધ રહ્યો હતો. નોંધનીય બાબત એ છે કે ગઈકાલે ડૉલર સામે રૂપિયામાં ૩૪ પૈસાનું ધોવાણ થયું હતું તે પૂર્વેનાં પાંચ સત્રમાં અર્થાત્ ગત સપ્તાહે રૂપિયો એક ટકા કરતાં વધુ અથવા તો ૧૧૩ પૈસા ગબડ્યો હતો.

અમેરિકી ફેડરલ રિઝર્વની આજે સમાપન થતી નીતિવિષયક બેઠક પૂર્વે ડૉલર ઈન્ડેક્સમાં મજબૂત વલણ રહેવાથી સ્થાનિકમાં રૂપિયો દબાણ હેઠળ આવ્યો હતો. તેમ જ વિશ્વ બજારમાં ક્રૂડતેલના ઊંચા ભાવને કારણે તેલ આયાતકારોની ડૉલરમાં પ્રબળ માગ રૂપિયાને વધુ દબાણ હેઠળ લાવી રહી હોવાનું મિરે એસેટ્ શૅરખાનના વિશ્લેષક અનુજ ચૌધરીએ જણાવતાં ઉમેર્યું હતું.

# કોપર સહિતની ચોક્કસ ધાતુઓમાં ઘટ્યા મથાળેથી સુધારો

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: લંડન મેટલ એક્સચેન્જ ખાતે આજે સત્રના આરંભે કોપર સહિતની ચોક્કસ ધાતુઓમાં ઘટ્યા મથાળેથી સુધારાતરફી વલણ રહ્યાના પ્રોત્સાહક અહેવાલે સ્થાનિક જથ્થાબંધ ધાતુ બજારમાં પણ મુખ્યત્વે કોપરની તમામ વેરાઈટીઓ, બ્રાસ શીટ કટિંગ્સ, એલ્યુમિનિયમ ઈન્ગોટ્સ, ઝિન્ક સ્લેબ અને લીડ ઈન્ગોટ્સમાં સ્ટોકિસ્ટોની લેવાલી ઉપરાંત સાર્વત્રિક સ્તરેથી માગને ટેકે ભાવમાં કિલોદીઠ રૂ. બેથી ૨૯નું બાઉન્સબૅક જોવા મળ્યું હતું. જોકે, આજે ટીન અને નિકલમાં સાર્વત્રિક સ્તરેથી માગ ખપપૂરતી રહેતાં ભાવમાં કિલોદીઠ રૂ. બેની નરમાઈ જોવા મળી હતી, જ્યારે બ્રાસ યુટેન્સિલ્સ સ્ક્રેપ અને એલ્યુમિનિયમ યુટેન્સિલ્સ સ્ક્રેપમાં ટકેલું વલણ રહ્યું હતું. આજે મુખ્યત્વે કોપરની વેરાઈટીઓમાં ઘટ્યા મથાળેથી સ્ટોકિસ્ટોની આક્રમક લેવાલીને ટેકે કોપર વાયરબારના ભાવ કિલોદીઠ રૂ. ૨૯ વધીને રૂ. ૧૪૩૯, કોપર કેબલ સ્ક્રેપ અને કોપર યુટેન્સિલ્સ સ્ક્રેપના ભાવ કિલોદીઠ રૂ. ૨૦ વધીને અનુક્રમે રૂ. ૧૩૭૦ અને રૂ. ૧૨૭૦, કોપર સ્ક્રેપ હેવીના ભાવ કિલોદીઠ રૂ. ૧૫ ઘટીને રૂ. ૧૩૬૦ અને કોપર આર્મિચરના ભાવ કિલોદીઠ રૂ. ૧૦ વધીને રૂ. ૧૩૫૦ના મથાળે રહ્યા હતા.

PUBLIC NOTICE પબ્લિક નોટીસ

BRIHANMUMBAI MAHANAGARPALIKA

**ઈ–ટેન્ડર નોટિસ**

| | | |
|---|---|---|
| વિભાગ | : | હાઈડ્રોલિક એન્જિનિયર/ ડે. હાઈડ્રોલિક એન્જિનિયર (મેન્ટ.) |
| સેક્શન | : | A. E. (મેન્ટ.) W.W.E.S-I |
| બીડ નં. | : | i) ૨૦૨૬_MCGM_૧૩૩૭૫૫૨_૧<br>ii) ૨૦૨૬_MCGM_૧૩૩૭૫૫૩_૧<br>iii)૨૦૨૬_MCGM_૧૩૩૭૫૫૬_૧ |
| વિષય | : | i) A.E.W.W. (M) E.S-I હેઠળ THLR ખાતે માનખુર્દ આઉટલેટ (૦૨ નં.), સ્પેર આઉટલેટ (૦૧ નં.) અને ગોવંડી આઉટલેટ (૦૧ નં.) પર ૬૦૦ mm dia W.M. ભાગનો બદલીકરણ અને THLR ના ટનલને કમિશનિંગ માટે P.L. લોખંડે માર્ગ, ફૂલે નગર ખાતે ૧૮૦૦ > ૧૨૦૦ mm dia. રેડ્યૂસર (૦૧ નં.)ની ફેબ્રિકેશન અને ઈન્સ્ટોલેશન.<br>ii) A. E. (M) W.W. E.S-I હેઠળ એમર્જન્સી સેક્શન માટે વિવિધ સાઈઝ બટરફલાઈ વાલ્વ ગીયર બોક્સની રિપેરિંગ/ બદલી કરવાનું કામ.<br>iii) પૂર્વીય પરામાં A.E.W.W. 'N & A. E. W.W. 'L' માટે વોટર મેઈનની જાળવણી માટે જરૂરી વિવિધ મટેરિઅલની સપ્લાય. |
| બીડ પ્રારંભ તારીખ અને સમય | : | ૧૭.૦૯.૨૦૨૬ સ. ૧૦.૦૦ થી |
| બીડ અંતિમ તારીખ અને સમય | : | ૨૭.૦૯.૨૦૨૬ સાં. ૧૬.૦૦ ક. સુધી |
| વેબસાઈટ | : | http://portal.mcgm.gov.in |
| સંપર્ક વ્યક્તિ: | | |
| a નામ | : | શ્રી એ. એમ. કોલટે, A.E.(M)W.W.E.S |
| b ટેલિફોન | : | ૦૨૨-૨૫૧૫૩૨૪૯/૫૦ |
| c મોબાઈલ નં. | : | ૯૯૩૦૨૬૦૫૦૮ |
| d ઈ-મેઈલ Id | : | aewwmes.he@mcgm.gov.in |

સહી/-
એક્ઝિક્યુટીવ એન્જિનિયર
(હેડ વર્ક્સ) વોટર વર્ક્સ

PRO/1438/ADV./2026-27

પાણી બચાવો, પાણીનો દુર્વ્યય ટાળો.

## પશ્ચિમ રેલવે – ભાવનગર ડિવિઝન

**વિવિધ એન્જીનિયરીંગ કામ**

| ક્રમ નં. | ઈ-ટેન્ડર નં. | કામનું નામ | ટેન્ડર મૂલ્ય (₹) | ઈએમડી (₹) |
|---|---|---|---|---|
| ૦૧ | ૧૪૭-૨૦૨૬-૨૭ | ADEN બોટાદ હેઠળ ઝોન નં. ૧, સાબરમતી-D થી બોટાદ (રહિત) સુધી માટે ઝોનલ કોન્ટ્રાક્ટ (૨૦૨૬-૨૭) | ૫૦,૬૯,૪૮૭.૦૦ | ૧,૦૧,૪૦૦.૦૦ |
| ૦૨ | ૧૪૮-૨૦૨૬-૨૭ | ADEN ધોળા હેઠળ ઝોન નં. ૨, બોટાદ (રહિત) - ધોળા જં. (સહિત) - ઢસા (સહિત) સુધી માટે ઝોનલ કોન્ટ્રાક્ટ (૨૦૨૬-૨૭) | ૬૦,૦૦,૦૦૦.૦૦ | ૧,૨૦,૦૦૦.૦૦ |
| ૦૩ | ૧૪૯-૨૦૨૬-૨૭ | ADEN-અમરેલી હેઠળ ઝોન નં. ૩, 'ઢસા (રહિત) થી પીપાવાવ (સહિત) અને રાજુલાથી મહુવા સુધી' માટે ઝોનલ કોન્ટ્રાક્ટ (૨૦૨૬-૨૭) | ૬૦,૦૦,૦૦૦.૦૦ | ૧,૨૦,૦૦૦.૦૦ |
| ૦૪ | ૧૫૦-૨૦૨૬-૨૭ | ADEN બોટાદ હેઠળ ઝોન નં. ૪, સુરેન્દ્રનગર ગેટ (સહિત) થી બોટાદ (સહિત) સુધી માટે ઝોનલ કોન્ટ્રાક્ટ (૨૦૨૬-૨૭) | ૬૦,૦૦,૦૦૦.૦૦ | ૧,૨૦,૦૦૦.૦૦ |
| ૦૫ | ૧૫૧-૨૦૨૬-૨૭ | ગ્રુપ ઝોન કામ :- ADEN-ધોળા હેઠળ ઝોન નં. ૫-A, વર્તેજ-સણોસરા, સિહોર-પાલીતાણા કોલોની અને સ્ટેશન બિલ્ડીંગ માટે ઝોનલ કોન્ટ્રાક્ટ (૨૦૨૬-૨૭) તથા ADEN-ધોળા હેઠળ ઝોન નં. 5-C, તમામ રેલવે ક્રોસિંગ, SSP, TSS, ભાવનગર ટર્મિનસ-ધોળા અને સિહોર-પાલીતાણા સેક્શનમાં તમામ TRD સંપત્તિઓ માટે ઝોનલ કોન્ટ્રાક્ટ (૨૦૨૬-૨૭) | ૫૦,૦૦,૦૦૦.૦૦ | ૧,૦૦,૦૦૦.૦૦ |
| ૦૬ | ૧૫૨-૨૦૨૬-૨૭ | ગ્રુપ ઝોન કામ :- ADEN-ભાવનગર હેઠળ ઝોન નં. ૫-B, C & W ભાવનગર ટર્મિનસ માટે ઝોનલ કોન્ટ્રાક્ટ (૨૦૨૬-૨૭) + ADEN-ભાવનગર હેઠળ ઝોન નં. ૬-C, ભાવનગર પરા અને ભાવનગર ટર્મિનસ સર્વિસ બિલ્ડીંગ્સ માટે ઝોનલ કોન્ટ્રાક્ટ (૨૦૨૬-૨૭) + ADEN-ભાવનગર હેઠળ ઝોન નં. ૬-E, રેલવે હોસ્પિટલ માટે ઝોનલ કોન્ટ્રાક્ટ (૨૦૨૬-૨૭) | ૬૩,૪૧,૭૮૫.૦૦ | ૧,૨૬,૮૦૦.૦૦ |
| ૦૭ | ૧૫૩-૨૦૨૬-૨૭ | ગ્રુપ ઝોન કામ :- ADEN-ભાવનગર હેઠળ ઝોન નં. ૬-A, મેડિકલ અને સ્ટેડિયમ કોલોની માટે ઝોનલ કોન્ટ્રાક્ટ (૨૦૨૬-૨૭) + ADEN-ભાવનગર હેઠળ ઝોન નં. ૬-B, ભાવનગર પરા કોલોની વિસ્તાર, લોકો ચાલ, સિન્હા કોલોની અને બેરેક, પોપટ કોલોની, ક્રિષ્ના નગર અને માણેકવાડી કોલોની માટે ઝોનલ કોન્ટ્રાક્ટ (૨૦૨૬-૨૭) + ADEN-ભાવનગર હેઠળ ઝોન નં. ૬-F, ઓફિસર્સ બંગલો ભાવનગર પરા વિસ્તાર માટે ઝોનલ કોન્ટ્રાક્ટ (૨૦૨૬-૨૭). | ૭૫,૦૦,૦૦૦.૦૦ | ૧,૫૦,૦૦૦.૦૦ |
| ૦૮ | ૧૫૪-૨૦૨૬-૨૭ | ગ્રુપ ઝોન કામ :- ADEN જેતલસર હેઠળ ઝોન નં. ૭, ભક્તિનગર (રહિત) - જેતલસર (સહિત) સુધી માટે ઝોનલ કોન્ટ્રાક્ટ (૨૦૨૬-૨૭) અને ADEN જેતલસર હેઠળ ઝોન નં. ૭-B, ઢસા (રહિત) - જેતલસર (રહિત) સુધી માટે ઝોનલ કોન્ટ્રાક્ટ (૨૦૨૬-૨૭) | ૧,૦૦,૦૦,૦૦૦.૦૦ | ૨,૦૦,૦૦૦.૦૦ |
| ૦૯ | ૧૫૫-૨૦૨૬-૨૭ | ADEN-અમરેલી હેઠળ ઝોન નં. ૭-A, ખિજડીયા (રહિત) થી ધારી (રહિત) સુધી માટે ઝોનલ કોન્ટ્રાક્ટ (૨૦૨૬-૨૭). | ૨૫,૦૦,૦૦૦.૦૦ | ૫૦,૦૦૦.૦૦ |
| ૧૦ | ૧૫૬-૨૦૨૬-૨૭ | ગ્રુપ ઝોન કામ :- ADEN પોરબંદર હેઠળ ઝોન નં. ૮, પોરબંદર (સહિત) - કાનાલૂસ (રહિત) સુધી માટે ઝોનલ કોન્ટ્રાક્ટ (૨૦૨૬-૨૭) + ADEN પોરબંદર હેઠળ ઝોન નં. ૮/A, જેતલસર (રહિત) - વાંસજાળીયા સુધી માટે ઝોનલ કોન્ટ્રાક્ટ (૨૦૨૬-૨૭) | ૧,૦૦,૦૦,૦૦૦.૦૦ | ૨,૦૦,૦૦૦.૦૦ |
| ૧૧ | ૧૫૭-૨૦૨૬-૨૭ | ગ્રુપ ઝોન કામ :- ADEN જૂનાગઢ હેઠળ ઝોન નં. ૯, જેતલસર (રહિત) થી માળીયાહટીના (સહિત) અને જૂનાગઢ - વિસાવદર-ધારી (સહિત) અને વિસાવદર - તલાલા (રહિત) સુધી માટે ઝોનલ કોન્ટ્રાક્ટ (૨૦૨૬-૨૭) + ADEN જૂનાગઢ હેઠળ ઝોન નં. ૧૦, માળીયા હટીના (રહિત) થી વેરાવળ (સહિત), સોમનાથ, વેરાવળ-તલાલા (સહિત) થી દેલવાડા અને પ્રાચી થી કોડિનાર સુધી માટે ઝોનલ કોન્ટ્રાક્ટ (૨૦૨૬-૨૭). | ૧,૦૦,૦૦,૦૦૦.૦૦ | ૨,૦૦,૦૦૦.૦૦ |
| ૧૨ | ૧૫૮-૨૦૨૬-૨૭ | કાનાલૂસ - પોરબંદર - વિવિધ સ્થળો - ૨૮.૯૦૦ Tkm ખાતે સેસનું વિસ્તરણ. | ૫,૦૩,૯૩,૨૧૦.૮૨ | ૧૦,૦૭,૯૦૦.૦૦ |
| ૧૩ | ૧૫૯-૨૦૨૬-૨૭ | DEN/પશ્ચિમ/ભાવનગર પરાના અધિકારક્ષેત્રમાં SSE(P.Way) ઉપલેટા હેઠળ ટ્રેક જાળવણી પ્રવૃત્તિઓનું આઉટસોર્સિંગ. | ૨,૭૦,૫૨,૩૯૩.૭૩ | ૫,૪૧,૧૦૦.૦૦ |
| ૧૪ | ૧૬૦-૨૦૨૬-૨૭ | રાણાવાવ, ચોરવાડ રોડ, રાણપુર NSG-૬ સ્ટેશનો ખાતે ૨૩-૨૪ LHB કોચિઝ ટ્રેનનો સમાવેશ કરવા માટે પ્લેટફોર્મનું વિસ્તરણ. | ૩,૩૬,૫૫,૪૮૭.૬૦ | ૬,૭૩,૧૦૦.૦૦ |
| ૧૫ | ૧૬૧-૨૦૨૬-૨૭ | ૦૯ સ્ટેશનો ૧. કેશોદ, ૨. સિહોર જં., ૩. જેતલસર જં., ૪. ભાવનગર પરા, ૫. નવાગઢ, ૬. જોરાવરનગર, ૭. લીલીયા મોટા, ૮. વીરપુર, ૯. માળીયા હટીના ખાતે પ્લેટફોર્મનું વિસ્તરણ. | ૭,૬૦,૪૧,૦૮૦.૭૪ | ૧૫,૨૦,૮૦૦.૦૦ |

**ઉપરોક્ત તમામ ટેન્ડરો માટે :- બિડિંગ પ્રારંભ થવાની તારીખ :** ૨૩-૦૯-૨૦૨૬ **અને બિડિંગ બંધ થવાની તારીખ:** ૦૭-૧૦-૨૦૨૬ **વેબસાઈટ વિગત:** www.ireps.gov.in

BVP-130

અમને લાઈક કરો: facebook.com/WesternRly • અમને ફોલો કરો: x.com/WesternRly

BRIHANMUMBAI MAHANAGARPALIKA

**આસી. કમિશનર 'B' વોર્ડ**

AE / B / ૨૯૪૯ / SWM તા. ૧૬.૦૯.૨૦૨૬

**EOI**

આસીસ્ટન્ટ એન્જિનિયર (SWM) B વોર્ડ ઓફિસ 'B' વોર્ડમાં કોમન હાઉસ ગલી સફાઈ સ્કીમમાં કામ માટે રસ ધરાવતા અને લાયક સંસ્થાઓ પાસેથી અરજીઓ મંગાવે છે.

અરજી મેળવવા માટે, અરજદારે ૧૭.૦૯.૨૦૨૬ થી ૨૩.૦૯.૨૦૨૬ સુધી (સ. ૧૧.૦૦ ક. થી બ. ૦૩.૦૦ ક.) ઓફિસ કલાકો દરમિયાન MCGMના કોઈપણ CFCમાં રૂ. ૩૯૯૩/- + ૧૮% GST ચૂકવવાની રહેશે. વધુ વિગતો અરજીમાં ઉલ્લેખેલ છે.

અરજી સુપ્રત કરવાની અંતિમ તારીખ ૨૪.૦૯.૨૦૨૬ બ. ૦૧.૦૦ ક. સુધી છે.

સહી/-
આસી. એન્જિનિયર (SWM)
B વોર્ડ

PRO/1449/ADV./2026-27

પાણી બચાવો, પાણીનો દુર્વ્યય ટાળો.

BRIHANMUMBAI MAHANAGARPALIKA

**આસિસ્ટન્ટ કમિશનર - T વોર્ડ**

**ઈ-ટેન્ડર નોટિસ**

બૃહન્મુંબઈ મ્યુનિસિપલ કોર્પોરેશનના કમિશનર નીચેના EOI મંગાવે છે.

| કામનું નામ | બાના રકમ ડિપોઝિટ | ટેન્ડર ફી | બીડ પ્રારંભ તારીખ અને સમય | બીડ અંતિમ તારીખ અને સમય |
|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ |
| T વોર્ડમાં મીઠાગર તળાવ, મુલુંડ (પૂ) ખાતે આવેલ BMC પ્લોટ ખાતે કમ્પોડિંગ અને સલગ્ન કામો. (નં. ૨૦૨૬_MCGM_ ૧૩૩૮૯૬૪_૧) | રૂ. ૨૫,૦૦૦/- | રૂ. ૩,૯૯૩/- + ૧૮% GST | ૧૭.૦૯.૨૦૨૬ ૧૧.૦૦ ક. | ૨૩.૦૯.૨૦૨૬ ૧૧.૦૦ ક. |

ટેન્ડર કોપી "ઈ-પ્રોક્યોરમેન્ટ" સેક્શન હેઠળ BMCની પોર્ટલ (http://www.mcgm.gov.in) પરથી ડાઉનલોડ કરી શકાય છે.

વધુ વિગતો માટે લોગ ઓન કરો http://www.mcgm.gov.in

સહી/-
(શ્રીમતી નીરજા કોલ્ટે)
આસિસ્ટન્ટ એન્જિનિયર
SWM T વોર્ડ

PRO/1445/ADV./2026-27

પાણી બચાવો, પાણીનો દુર્વ્યય ટાળો.

BRIHANMUMBAI MAHANAGARPALIKA

**વૃક્ષ પ્રાધિકરણ**

**પબ્લિક નોટીસ**

મહારાષ્ટ્ર (અર્બન એરિયાસ) પ્રોટેકશન એન્ડ પ્રીઝર્વેશન ઓફ ટ્રીઝ એક્ટ ૧૯૭૫ (૨૪મી જાન્યુઆરી ૨૦૨૫ સુધી સુધારિત)ની કલમ ૩ (૩)ના અન્વયે આથી B.M.C.ના ટ્રી ઓથોરિટીમાં ''નોમીનેટેડ મેમ્બર્સ''ની નિમણૂક માટે અરજીઓ મંગાવે છે. લાયક ઉમેદવારોએ જાહેરાત (૧૯.૧૦.૨૦૨૬)ના છપાયાના તારીખથી ૩૦ દિવસની અંદર સુપરિન્ટેન્ડન્ટ ઓફ ગાર્ડન્સ એન્ડ ટ્રી ઓફિસર, ૨જો માળ, પેન્ગવીન બિલ્ડીંગ, વિરમાતા જીજાબાઈ ભોસલે બોટેનિકલ ગાર્ડન એન્ડ ઝૂ, સંત સાવતા માલી માર્ગ, ભાયખલા (પૂર્વ), મુંબઈ- ૪૦૦૦૨૭ની ઓફિસમાં નીચે આપેલા નિર્ધારિત ફોર્મેટ મુજબ તેમની અરજીઓ તમામ ઓળખપત્રોની પ્રમાણિત નકલો સાથે સુપ્રત કરે.

**પાત્રતાના માપદંડો:**

એ. કૃષિ/ વનસ્પતિશાસ્ત્ર/ પર્યાવરણ વિજ્ઞાન/ બાગાયત/ વૃક્ષ સંવર્ધન/ વનવિદ્યા વિષયમાં ડિપ્લોમા ધારક અથવા સ્નાતક કે સમકક્ષ લાયકાત ધરાવતા હોવા જોઈએ, સ્નાતક લાયકાત ધરાવતા ઉમેદવારોને અગ્રતા આપવામાં આવશે અથવા

બી. બિન- સરકારી સંસ્થાઓ (રાજ્ય સરકારના સામાજિક વનીકરણ વિભાગમાં નોંધાયેલ NGOના સક્રિય સભ્યો)ના નિષ્ણાતો, જેમાં નિવૃત્ત સરકારી અધિકારીઓનો પણ સમાવેશ થાય છે. જેમને વૃક્ષારોપણ અને વૃક્ષોના જતન તથા સંરક્ષણનો અનુભવ હોય.

સી. વૃક્ષારોપણ અને વૃક્ષોના જતન તથા રક્ષણનો ઓછામાં ઓછો ૧૦ વર્ષનો અનુભવ.

ડી. NGO, મ્યુનિસિપલ કોર્પોરેશન અથવા અન્ય સત્તામંડળો સાથે પર્યાવરણ ક્ષેત્રે કામ કરવાનો અનુભવ ધરાવતા ઉમેદવારોને પ્રાધાન્ય આપવામાં આવશે. આવા સંબંધિત અનુભવ ધરાવતા ઉમેદવારોમાં મહિલા ઉમેદવારોને વિશેષ પ્રાધાન્ય આપવામાં આવશે.

ઈ. ઉમેદવાર B.M.C.ની હદના રહેવાસી હોવા જોઈએ.

એફ. લાયકાત માપદંડ A અને B બંનેને પૂર્ણ કરતા ઉમેદવારોને પ્રાધાન્ય આપવામાં આવશે.

**અરજીનું સ્વરૂપ:**

૧. નામ:-
૨. સરનામું:-
૩. શૈક્ષણિક લાયકાત (પ્રમાણિત નકલો જોડવી):-
૪. સરકારી સંસ્થાનું નામ અને સરનામું (નિવૃત્ત સરકારી અધિકારીઓ માટે):-
૫. નિવૃત્તિ સમયે સંભાળેલ હોદ્દા (નિવૃત્ત સરકારી અધિકારીઓ માટે):-
૬. બિન સરકારી સંસ્થા (NGO)નું નામ જેમાં ઉમેદવાર સભ્ય છે (સભ્યપદનો પુરાવો સંબંધીત NGOના લેટર-હેડ પર હોવો જોઈએ અને અન્ય દસ્તાવેજોની પ્રમાણિત નકલો જોડવી):-
૭. અનુભવ (અનુભવની વિગતોની પ્રમાણિત નકલો જોડવી):-

સદર નિમણૂક ૨૦૧૫ના PIL, ૪૬માં માન. હાઈ કોર્ટના અંતિમ ચુકાદાને આધીન રહેશે. સદર નિમણૂક કામચલાઉ હશે અને તેનું વાર્ષિક ધોરણે નવીનીકરણ કરવામાં આવશે.

સહી/-
સુપ્રિ. ઓફ ગાર્ડન્સ & ટ્રી ઓફિસર

PRO/1446/ADV./2026-27

પાણી બચાવો, પાણીનો દુર્વ્યર્ય ટાળો

# જરાંગેનું આજે ‘એકલા’ જ મુંબઇ ભણી પ્રયાણ

**▸ તબિયત બગડી પણ મુંબઈ આવવા જરાંગે કટિબદ્ધ ▸ મરાઠા કાર્યકર્તાઓની મુંબઈ પહોંચવા માટે તારીખ જાહેર નથી કરી ▸ સરકારના પ્રસ્તાવની રાહ જોઈ રહ્યાં છે**

છત્રપતિ સંભાજીનગરઃ મરાઠા અનામત માટે આંદોલન કરી રહેલા મનોજ જરાંગેએ બુધવારે સાંજે જણાવ્યું હતું કે તેઓ તબીબી સારવાર માટે બીડ જિલ્લાના પાટોદા ખાતે એક દિવસ માટે રોકાશે અને આંદોલનને ચાલુ રાખવા માટે ગુરુવારે બપોરે મુંબઈ તરફ તેમની યાત્રા ફરી શરૂ કરશે.

તેમણે કહ્યું કે જો રસ્તામાં કોઈ તેમને રોકે, તો મરાઠા સમુદાયના સભ્યોએ મહારાષ્ટ્રની રાજધાની (મુંબઈ) તરફ જવા માટે રવાના થઈ જવું.

અનામતની માગણીઓ માટે જરાંગેના ઉપવાસનો ૧૯મો દિવસ છે; તેઓ બુધવારે વહેલી સવારે પાટોદા પહોંચ્યા હતા અને ત્યાં રોકાયા હતા, કારણ કે ગંભીર ડિહાઇડ્રેશન (શરીરમાં પાણીની અછત) અને સ્વાસ્થ્ય સંબંધિત અન્ય સમસ્યાઓને કારણે ડોક્ટરોએ તેમને તાત્કાલિક સારવાર લેવાની સલાહ આપી હતી.

આને પગલે એવી અટકળો ફેલાઈ હતી કે મનોજ જરાંગેની મુંબઈ યાત્રા આગળ વધી શકશે નહીં, પરંતુ બુધવારે સાંજે મીડિયા સાથે વાત કરતા તેમણે કહ્યું, “હું કોઈની વાત

(જુઓ પાનું ૪) ▸▸

# હૉસ્પિટલના બિલિંગ પર મુંઢેની સર્જિકલ સ્ટ્રાઈક

**▸ તબીબી સાધનોમાં રાખવામાં આવતા ‘માર્જિન’ સામે એફડીએ કમિશનરનો સવાલ**

**▸ ₹૧૧ આઈવી સેટની એમઆરપી ૩૨૫ અને ૬.૭૫ની સિરિન્જની એમઆરપી ૫૭.૨૦**



(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ હૉસ્પિટલમાં સારવાર માટે જતા દર્દીઓ અને તેમના પરિવારજનો માટે દવાઓના બિલ ઉપરાંત સર્જિકલ અને મેડિકલ કન્ઝ્યુમરેબલ્સનો ખર્ચ પણ મોટો બોજ બની જતો હોય છે. હવે મહારાષ્ટ્ર એફડીએના ’દબંગ’ કમિશનર તુકારામ મુંઢેએ આવા જ મેડિકલ પ્રોડક્ટ્સની ખરીદી કિંમત અને એમઆરપી વચ્ચેના મોટા તફાવત પર ગંભીર સવાલો ઊભા કર્યા છે.

મહારાષ્ટ્રના એફડીએએ કરેલા સર્વેમાં કેટલીક મેડિકલ વસ્તુઓની ખરીદી કિંમત અને તેના પર છપાયેલી એમઆરપી વચ્ચે ભારે તફાવત જોવા મળ્યો હોવાનો ચોંકાવનારો ખુલાસો થયો છે. આ મામલે મુંઢેએ કેન્દ્ર સરકાર સમક્ષ આવા મેડિકલ કન્ઝ્યુમરેબલ્સના ભાવ અને માર્જિનની વ્યવસ્થાની સમીક્ષા કરવાની માગ કરી છે.

સર્વેમાં સૌથી વધુ ચોંકાવનારું ઉદાહરણ આઈવી ઇન્ફ્યુઝન સેટનું સામે આવ્યું છે. અહેવાલ મુજબ આ પ્રોડક્ટની ખરીદી

(જુઓ પાનું ૪) ▸▸

# દિશા સાલિયન મર્ડર મિસ્ટ્રીની તપાસ કરશે સીમા પાહુજા

## હાથરસ, ઉન્નાવ અને કોલકાતાના આરજી કર હૉસ્પિટલ જેવા જટિલ કેસ ઉકેલવાનો છે અનુભવ

મુંબઈઃ બોમ્બે હાઈ કોર્ટના કડક નિર્દેશો બાદ સેન્ટ્રલ બ્યૂરો ઓફ ઈન્વેસ્ટિગેશન (સીબીઆઈ) દ્વારા દિશા સાલિયનના રહસ્યમય મોત અંગે હવે એફઆઇઆર નોંધીને તપાસ શરૂ કરી દેવાઈ છે. આ હાઈ-પ્રોફાઈલ કેસની તપાસની આગેવાની સીબીઆઈના સિનિયર મહિલા અધિકારી સીમા પાહુજાને સોંપવામાં આવી છે. કેન્દ્રીય એજન્સી દ્વારા એફઆઈઆર દાખલ થતાં જ રાજકીય અને

(જુઓ પાનું ૪) ▸▸

# મને બદનામ કરવાનો રાજકીય એજન્ડા છેઃ આદિત્ય

મુંબઈઃ શિવસેના (યુબીટી)ના નેતા આદિત્ય ઠાકરેએ બુધવારે દાવો કર્યો હતો કે તેઓ દિવંગત અભિનેતા સુશાંત સિંહ રાજપૂતની ભૂતપૂર્વ મેનેજર દિવંગત દિશા સાલિયાનને ઓળખતા નહોતા કે તેને ક્યારેય મળ્યા નહોતા. તેમણે આક્ષેપ કર્યો હતો કે કેટલાક લોકો રાજકીય ઈરાદાથી તેમની છબી ખરડવા માટે જાણીજોઈને તેમનું નામ આ કેસ સાથે જોડવાનો પ્રયાસ કરી રહ્યા છે.

આદિત્યની આ ટિપ્પણીઓ એવા સમયે આવી છે જ્યારે સીબીઆઈ એ ૨૦૨૦ના દિશા સાલિયાનનાં મૃત્યુ કેસમાં

(જુઓ પાનું ૪) ▸▸

શિવસેના વિવાદ

# ધારાસભ્ય અપાત્રતામાં વિધાનસભામાં બહુમતી પરીક્ષણ સુરક્ષિત માપદંડ છે?: સુપ્રીમ કોર્ટ

નવી દિલ્હી : સુપ્રીમ કોર્ટે બુધવારે સવાલ કર્યો હતો કે,જ્યારે બહુમતી વિધાનસભ્યો સામે જ ગેરલાયકાતની કાર્યવાહી પેન્ડિંગ હોય ત્યારે રાજકીય પક્ષની માલિકી નક્કી કરવા માટે વિધાનસભામાં બહુમતીને “સુરક્ષિત માપદંડ” ગણી શકાય?

મુખ્ય ન્યાયાધીશ સૂર્યકાંત તથા ન્યાયાધીશ જોયમાલ્યા બાગચી અને ન્યાયાધીશ વી. મોહનાની બનેલી ખંડપીઠે એકનાથ શિંદેના નેતૃત્વવાળા જૂથ વતી દલીલો રજૂ કરી રહેલા વરિષ્ઠ વકીલ નીરજ કિશન કૌલને આ પ્રશ્ન કર્યો હતો. કૌલે શરૂઆતમાં રાજકીય પક્ષમાં બહુમતી નક્કી કરવા માટે સર્વોચ્ચ અદાલત દ્વારા નક્કી કરવામાં આવેલા માપદંડનો અને ચૂંટણી પંચ દ્વારા વિવિધ કેસોમાં તેનો કેવી રીતે અમલ કરવામાં આવી રહ્યો છે તેનો ઉલ્લેખ કર્યો હતો. કૌલે કહ્યું કે ઉદ્ધવ ઠાકરે જૂથનું

(જુઓ પાનું ૪) ▸▸

PAC n DELIVER
INTERNATIONAL COURIER
Send parcels to your Children & loved ones in CANADA, UK, USA & WORLD WIDE including Garments, Farsan, Chocolates, Sweets, Gifts, Eatables, Medicines & any permissible item & get benefited with SPECIAL rates.
Contact : Mr. ANUJ SANGOI
8879991866
Email - sales@pacndeliver.com
“20 Yrs of Quality Service”

# ફિલ્મસિટીમાં વૃક્ષો કાપવાની અરજી પર સુપ્રીમ કોર્ટે મહારાષ્ટ્ર પાસેથી જવાબ માગ્યો

નવી દિલ્હી : સુપ્રીમ કોર્ટે મુંબઈની ફિલ્મ સિટીમાં ’ક્રિએટિવ ટેક્નોલોજી’ની પ્રસ્તાવિત સંસ્થાના નિર્માણને “રાષ્ટ્રીય મહત્વ” ધરાવતો ગણાવતા, બુધવારે મહારાષ્ટ્ર સરકાર અને અન્ય પક્ષો પાસેથી જવાબ માગ્યો છે. આ મામલો સંસ્થાના નિર્માણ માટે વૃક્ષો કાપવા અને તેનું અન્યત્ર રોપણ (ટ્રાન્સપ્લાન્ટ) કરવાની પરવાનગી માગતી અરજીને લગતો છે. ભારતના મુખ્ય ન્યાયાધીશ (સીજેઆઈ) સૂર્ય કાંત તથા ન્યાયાધીશ જોયમાલ્ય બાગચી અને વી. મોહનાની બેંચને વરિષ્ઠ વકીલ ધ્રુવ મહેતાએ જણાવ્યું હતું કે, પ્રસ્તાવિત બાંધકામ માટે તમામ કાયદેસરની મંજૂરીઓ અને પર્યાવરણીય મંજૂરી મેળવી લેવામાં આવી છે. તેમણે એમ પણ કહ્યું કે આ પ્રોજેક્ટ આરે જંગલના વિસ્તારમાં આવતો નથી,તે ફિલ્મ સિટીની અંદર છે. સાવચેતીના ભાગરૂપે, પ્રોજેક્ટના પ્રસ્તાવકે ૧૦ જાન્યુઆરી, ૨૦૨૫ના આદેશને ધ્યાનમાં રાખીને સર્વોચ્ચ અદાલત પાસેથી મંજૂરી મેળવવા માટે સંપર્ક કર્યો છે, એમ તેમણે જણાવ્યું હતું.

મહેતાએ જણાવ્યું હતું કે કેન્દ્ર સરકાર અને અન્ય પક્ષો ફિલ્મ સિટીમાં એનિમેશન, વિઝ્યુઅલ ઇફેક્ટ્સ, ગેમિંગ, કોમિક્સ અને એક્સટેન્ડેડ રિયાલિટી માટે ‘નેશનલ સેન્ટર ઓફ

(જુઓ પાનું ૪) ▸▸

# મુંબઈ-નાશિક હાઈવે પર બે વર્ષથી નધણિયાતી ઊભેલી ટ્રક સાથે કાર ટકરાતાં ચારનાં મોત

## ત્ર્યંબકેશ્વર મહાદેવના દર્શન કરીને પાછા ફરી રહેલા જોગેશ્વરીના પરિવારને નડ્યો અકસ્માતઃ સાત જખમી

થાણેઃ મુંબઈ-નાશિક હાઈવે પર શાહપુર નજીક છેલ્લાં બે વર્ષથી નધણિયાતી હાલતમાં છોડી દેવામાં આવેલી સળગેલી ટ્રક સાથે ત્ર્યંબકેશ્વરના દર્શન કરીને પાછા ફરી રહેલા પરિવારની કાર ભટકાતાં ગમખ્વાર અકસ્માત થયો હતો. આ ઘટનામાં મુંબઈના જોગેશ્વરી ખાતે રહેતા પરિવારના ચાર જણે જીવ ગુમાવ્યા હતા, જ્યારે સાત ગંભીર રીતે ઘવાયા હતા.

શાહપુર પોલીસના જણાવ્યા મુજબ શાહપુર તાલુકાના આટગાંવ નજીક બુધવારની બપોરે હાઈવે પર આ ઘટના બની હતી. અકસ્માતમાં મૃત્યુ પામેલાઓની ઓળખ શ્રીરામ જૈસ્વાલ, આયુષ જૈસ્વાલ, લાડો જૈસ્વાલ અને સૂરજ જૈસ્વાલ તરીકે થઈ હતી. એક જ પરિવારના ચારેય મૃતકો મુંબઈના જોગેશ્વરી પરિસરમાં રહેતા હતા.

પ્રાથમિક તપાસમાં પોલીસને જાણવા મળ્યું હતું કે જૈસ્વાલ પરિવાર નાશિકના પ્રસિદ્ધ શ્રદ્ધાસ્થાન ત્ર્યંબકેશ્વરમાં શંકર મંદિરમાં દર્શન માટે ગયો હતો. ત્યાંથી પાછા ફરતી વખતે કારમાં ટેક્નિકલ ખામી સર્જાતાં ડ્રાઈવરે સ્ટિયરિંગ પરનો કાબૂ ગુમાવ્યો હતો. બેકાબૂ કાર રસ્તાને કિનારે ઊભેલી ટ્રક સાથે ભટકાઈ હતી.

પોલીસના જણાવ્યા મુજબ સળગેલી ટ્રક છેલ્લાં

(જુઓ પાનું ૪) ▸▸




# ભાજપ પ્રમુખે ભારતના વિકાસમાં મહારાષ્ટ્રના યોગદાનની પ્રશંસા કરી



(અમય ખરાડે)

મુંબઈઃ ભારતીય જનતા પક્ષના પ્રમુખ નીતિન નબીને બુધવારે દેશની પ્રગતિમાં મહારાષ્ટ્રની ભૂમિકાની પ્રશંસા કરી અને કહ્યું કે વડા પ્રધાન નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં રાજ્ય બાકીના ભારતની સાથે આગળ વધી રહ્યું છે. મુંબઈની ગણેશોત્સવ મુલાકાત દરમિયાન તેમણે પ્રખ્યાત સિદ્ધિવિનાયક મંદિર અને લાલબાગચા રાજાના દર્શન કરી મુંબઈના ઉપનગરીય વિસ્તારમાં ગણપતિ પંડાલમાં પ્રાર્થના કર્યા પછી ભાજપના કાર્યકરોને સંબોધન કર્યું હતું. તેમણે મહારાષ્ટ્રને છત્રપતિ શિવાજી મહારાજની પવિત્ર ભૂમિ ગણાવી, ભારપૂર્વક જણાવ્યું કે દેશ પીએમ મોદીના નેતૃત્વમાં સાંસ્કૃતિક પુનરુત્થાનનો સમય અનુભવી રહ્યો

(જુઓ પાનું ૪) ▸▸

# ફેસબુક પોસ્ટને મુદ્દે યુવાનની મારપીટઃ શિવસેનાની નગરસેવિકા વિરુદ્ધ ગુનો

પાલઘરઃ ફેસબુક પોસ્ટમાં કરાયેલી ટિપ્પણીને મુદ્દે યુવાનની મારપીટ કરવામાં આવી હોવાની ઘટના નાલાસોપારામાં બનતાં પોલીસે શિવસેનાની નગરસેવિકા વિરુદ્ધ ગુનો નોંધ્યો હતો.

પોલીસે સામસામી ફરિયાદ નોંધીને યુવાન સહિત બેની ધરપકડ કરી હતી, જ્યારે વસઈ-વિરાર મહાનગરપાલિકાની નગરસેવિકા હેમલતા સિંહ અને અન્ય મુખ્ય શકમંદો ફરાર હોવાનું અધિકારીએ જણાવ્યું હતું.

નાલાસોપારાના વૉર્ડ નંબર-૧૮ની પ્રતિનિધિ હેમલતા સિંહ વિરુદ્ધ તુલિંજ પોલીસ સ્ટેશનમાં ગુનો નોંધવામાં આવ્યો હતો. વિશ્વકર્માએ ફેસબુક પરની એક પોસ્ટ પર ટિપ્પણી કરી હતી, જેને

(જુઓ પાનું ૪) ▸▸

# દોઢ દિવસની ૬૧,૫૦૦થી મૂર્તિનું કરાયું ‘વિસર્જન’

મુંબઈઃ મુંબઈમાં દોઢ દિવસના ગણેશોત્સવની ધામધૂમથી ઉજવણી કર્યા બાદ શ્રદ્ધાળુઓએ અત્યંત ભાવુક અને ઉત્સાહપૂર્ણ વાતાવરણમાં ગણપતિ બાપ્પાની મૂર્તિઓનું વિસર્જન કર્યું હતું. બૃહન્મુંબઈ મહાનગરપાલિકા બીએમસી દ્વારા મળેલી માહિતી મુજબ, શહેરભરમાં વિવિધ કુદરતી જળાશયો અને કૃત્રિમ તળાવોમાં કુલ ૬૧,૫૦૦થી વધુ ગણેશ પ્રતિમાઓનું વિસર્જન કરવામાં આવ્યું હતું. આ વિસર્જન પ્રક્રિયા દરમિયાન મુંબઈના ગિરગાંવ ચોપાટી, દાદર, જુહૂ, માર્વે અને અક્ષા જેવા અગ્રણી કુદરતી વિસર્જન સ્થળો તેમજ બીએમસી દ્વારા

(જુઓ પાનું ૪) ▸▸




ભક્તિ, સર્જન, ઉત્સવનો મહાકુંભ
મુંબઈ સમાચાર મહા ગણેશોત્સવ
મુંબઈ સમાચાર સાથે ઉજવો તમારાં ઘરના અનોખા ગણેશોત્સવને... અને જીતો આકર્ષક ઇનામો!
આ વર્ષે તમારા ઘરમાં બિરાજેલા શ્રી ગણેશજીની સુંદર મૂર્તિ, અનોખું ડેકોરેશન અને ભક્તિભાવથી સજાવેલો પૂજા મંડપનો વીડિયો અમને મોકલો. તમારી સર્જનાત્મકતા અને શ્રદ્ધાને મુંબઈ સમાચાર પહોંચાડશે લાખો વાચકો અને દર્શકો સુધી.
બાપ્પાની દરેક એન્ટ્રીને એક ગિફ્ટ હૅમ્પર તો ખરું જ
બેસ્ટ ઘરગથ્થુ ગણપતિ ડેકોરેશન — પ્રથમ ઇનામ, દ્વિતીય ઇનામ, તૃતીય ઇનામ
બેસ્ટ ક્રિયેટિવ ગણપતિ ડેકોરેશન — ૧ વિજેતા
બેસ્ટ ઇકો-ફ્રેન્ડલી ગણપતિ ડેકોરેશન — ૩ વિજેતા
ટોપ ૧૦ બેસ્ટ ગણેશ પ્રતિમા
ટોપ ૧૦ બેસ્ટ ઇકો-ફ્રેન્ડલી ગણેશ પ્રતિમા
બેસ્ટ થીમ બેઝ ગણપતિ ડેકોરેશન — ૩ વિજેતા
GIFTING PARTNER HEM AGARBATTI
આ સ્પર્ધા મુંબઈ અને થાણે પૂરતી સીમિત
ફોટો અને વીડિયો મોકલવાની માર્ગદર્શિકા
• વીડિયો ઓછામાં ઓછો ૩૦ સેકન્ડ અને વધુમાં વધુ ૧થી ૨ મિનિટનો હોવો જોઈએ.
• વીડિયો મોબાઇલથી શૂટ કરેલો હોય તો ફોન ઊભો (Vertical) રાખવો.
• Horizontal વીડિયો માન્ય રહેશે નહીં. • ફોટો અને વીડિયો What'sApp અથવા રજિસ્ટર્ડ ઈ-મેઇલ દ્વારા મોકલવાના રહેશે.
• પાંચ નિષ્ણાત જજોની પેનલ દ્વારા વિવિધ માપદંડોના આધારે વિજેતાઓની પસંદગી કરવામાં આવશે.
• જ્યૂરીનો નિર્ણય અંતિમ અને સર્વમાન્ય રહેશે. • સ્પર્ધાના તમામ નિર્ણય અને હકક મુંબઈસમાચારને આધીન રહેશે
• આવેલા તમામ વીડિયોને મુંબઈસમાચારની ગુજરાતી, મરાઠી, હિંદી અને અંગ્રેજી યુ-ટ્યુબ ચૅનલ તેમ જ ફોટાને મુંબઈસમાચારમાં સ્થાન અપાશે.
દરેક એન્ટ્રી સાથે નીચેની વિગતો મોકલવી જરૂરી રહેશેઃ • ડેકોરેશનની થીમનું નામ • ઈકો-ફ્રેન્ડલી ડેકોરેશન (હા/ના) • ઈકો-ફ્રેન્ડલી ગણેશ મૂર્તિ (હા/ના) • સહભાગીનું પૂરું નામ • મોબાઇલ નંબર • સરનામું
એન્ટ્રી મોકલવાની છેલ્લી તારીખઃ ૨૧ સપ્ટેમ્બર, ૨૦૨૬
વીડિયો મોકલવાનો નંબર અને વેબસાઈટ : +91 70211 15823
https://ganpati.bombaysamachar.com/

# પચીસ થી ૨૮ સપ્ટેમ્બર વચ્ચે ચોમાસું વિદાય લેશે

મુંબઈઃ ઓગસ્ટ મહિનામાં વરસાદ ખેંચાતાં રાજ્યભરમાં ભારે અછત સર્જાઈ હતી, અને વિદર્ભ-મરાઠવાડામાં પણ વરસાદ ગાયબ રહ્યો છે. આ જળસંકટ વચ્ચે હવે પશ્ચિમ રાજસ્થાનથી ૧૯ સપ્ટેમ્બરથી ચોમાસાની વાપસી શરૂ થવા માટે સાનુકૂળ વાતાવરણ સર્જાયું છે. જૂનમાં મોડો આવેલો વરસાદ જુલાઈમાં તો સારા પ્રમાણમાં વરસ્યો, પણ ઓગસ્ટમાં ફરી ગાયબ થઈ જતાં ખેડૂતો ચિંતામાં મુકાયા હતા. જોકે, હવે સમગ્ર દેશમાં સામાન્ય સમય કરતાં બે દિવસ મોડો ચોમાસાનો વિદાય પ્રવાસ શરૂ થવાના સંકેત મળ્યા છે. એવી આગાહી કરવામાં આવી રહી છે કે મહારાષ્ટ્રમાંથી ચોમાસાની સંપૂર્ણ વિદાય સપ્ટેમ્બરના અંત સુધીમાં, લગભગ ૨૫ થી ૨૮ સપ્ટેમ્બરની વચ્ચે થશે. હવામાન વિભાગના જણાવ્યા અનુસાર, ઉત્તર-પશ્ચિમ

(જુઓ પાનું ૪) ▸▸

"MUMBAI SAMACHAR" Newspaper (Periodicity-Daily) Owners The Bombay Samachar Pvt. Ltd. Publisher and Printer Meherwanji Rustomji Cama, Printed at their Press "Mumbai Samachar" at Red House, S. A. Brelvi Road, Horniman Circle, Fort, Mumbai 400 001 & Dangat Media PVT. LTD., Plot No. 22, Digha, MIDC, TTC Industrial Area, Vishnu Nagar, Digha, Navi Mumbai-400708 and Published from Red House, S. A. Brelvi Road, Horniman Circle, Fort, Mumbai 400 001. Editor * Nilesh Mahendra Dave (*Responsible for selection of news under the PRB Act.). Email: samachar.bombay@gmail.com Tel. Nos. 022-22045531-33. **RNI Registration No. 1563/1957.** “મુંબઈ સમાચાર” પત્ર રેડ હાઉસ, સૈયદ અબ્દુલ્લા બ્રેલવી રોડ, ફોર્ટ, મુંબઈ અને દાંગટ મીડિયા પ્રા. લિ., પ્લોટ ક્ર. ૨૨,દિઘા, એમઆઈડીસી, ટીટીસી ઈન્ડસ્ટ્રિયલ એરિયા, વિષ્ણુનગર, નવી મુંબઈ-૪૦૦૭૦૮ ખાતે તેના માલિકો ધી બોમ્બે સમાચાર પ્રા. લિ. માટે તેઓના “મુંબઈ સમાચાર” પ્રેસમાં મહેરવાનજી રૂસ્તમજી કામાએ છાપ્યું અને પ્રગટ કર્યું છે. તંત્રીઃ *નીલેશ મહેન્દ્ર દવે (*પીઆરબી એક્ટ હેઠળ સમાચારોની પસંદગી માટે જવાબદાર). ઈ-મેઈલઃ **samachar.bombay@gmail.com** ટેલિફોનઃ ૨૨૦૪૫૫૩૧-૩૩. **R.N.I. No. 1563/1957.**